પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 02 APRIL, 2021 Vol. 18, No. 14 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news



પશ્ચિમ બંગાળ અને આસામમાં ચૂંટણી છુટીછવાઈ હિંસા વચ્ચે જંગી મતદાન

વાંચો પેજ નં. ૩



ભારતમાં કોરોના વકર્યો : ૭૨૩૩૦ કેસ, ૪૫૯ના મોત

વાંચો પેજ નં. ૧૭

# ઓન્ટેરિયોમાં ત્રીજી એપ્રિલથી ચાર સપ્તાહ લોકડાઉન

## સંક્રમિત નાગરિકોની સંખ્યામાં વધારા સાથે કોવિડના ત્રીજા તબક્કાનો ખતરોઃ કડક પગલાં લેવા સરકારની તૈયારી

ટોરોન્ટો : મંગળવારે ઓન્ટેરિયોના પ્રિમીયર ડગ ફોર્ડે ઓન્ટેરિયો વિસ્તારના નાગરિકોને આગામી દિવસોમાં લોકડાઉન માટે તૈયાર રહેવાની ચેતવણી આપી હતી. કેમ કે, છેલ્લા થોડા સમયથી કોવિડ-૧૯ના કેસોમાં ઘણો વધારો થઈ રહ્યો છે અને ઈન્ફેકશનનો ત્રીજો તબક્કો શરૂ થવાની સંભાવના છે. જે બાદ ગુરુવારે ડગ ફર્ડે આ વિશે સ્પષ્ટતા કરતા કહ્યું હતુ કે, પ્રાંતમાં ત્રીજી એપ્રિલથી લોકડાઉન લાગુ થઈ જશે. જે ચાર સપ્તાહ માટે લાગુ હશે. જેમાં ૩૪ જેટલા પબ્લિક રિજ્યન બંધ રખાશે. પર્સનલ કેર સર્વિસ તથા જીમ બંધ રહેશે. આવશ્યક ચીજવસ્તુઓના સ્ટોર્સને પણ ૫૦ ટકાની ક્ષમતા સાથે ચલાવવા મંજૂરી અપાઈ છે. જયારે મોટા સ્ટોરને માત્ર ૨૫ ટકા લોકની હાજરી સાથે ચલાવી શકાશે. આ સમયગાળામાં સ્ટે એટ હોમ માટે ફરજિયાત આદેશ નથી. પરંતુ આવશ્યક કામ વિના લોકોને ઘરની બહાર નહીં નીકળવા સરકારે અપીલ કરી છે.તેમણે આ અગાઉ મંગળવારે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, પ્રાંતની હાલની સ્થિતિ ખરેખર ચિંતાજનક છે. તેમણે એમ પણ કહ્યું હતું કે જે રીતે સંક્રમણનો આંક વધી રહ્યો છે એ ખરેખર ચિંતાનો વિષય છે. બધી જાણકારી અમારી સમક્ષ આવી ચુકી છે. એટલે નવા લોકડાઉનનો નિર્ણય કરાયો છે. એટલા માટે જ ઈસ્ટરની ઉજવણીની કોઈ યોજના નહીં બનાવવા તેમણે લોકોને વિનંતી કરી હતી. આ સાથે જ જરૂર જણાય તો કડક પગલા લેવા સરકાર તૈયાર છે. આરોગ્ય ખાતાના નિષ્ણાંતો અને કેટલાક રાજકારણીઓએ સરકાર અને શાસકો દ્વારા કોવિડ અંગે યોગ્ય પગલા ન લેવાતા હોવાની ટીપ્પણી સામે નારાજગી વ્યકત કરતા તેમણે કહ્યું હતું કે, સરકારે ગયા અઠવાડિયે જ નવા પ્રતિબંધો જાહેર કરીને કેટલાક વિસ્તારોને ગ્રે ઝોન જાહેર કર્યા હતા. પ્રિમીયર ફોર્ડે પત્રકારોને જણાવ્યું હતું કે, તેમણે બધા નિર્ણયો નિષ્ણાંતો અને ઓન્ટેરિયોના ચીફ મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડો. ડેવિડ વિલીયમ્સની સલાહ બાદ જ લીધા છે. ઓન્ટેરિયોના આરોગ્ય અધિકારીઓએ આપેલા આંકડાઓ મુજબ મંગળવારે કોવિડ-૧૯ના ૨૩૦૦ નવા કેસ નોંધાયા હતા. જે સતત છઠ્ઠા દિવસે વધુ રહ્યા હતા.

### ઈસ્ટરની ઉજવણી માટે કોઈ આયોજન નહીં કરવા નાગરિકોને અપીલ કરાઈ



## કેનેડાએ બ્લડક્લોટની ફરિયાદને પગલે ૫૫ વર્ષથી ઓછી વયનાને એસ્ટ્રાઝેનેકાની કોવિશીલ્ડ રસી આપવાનું બંધ કર્યુ

વાનકુંવર : કેનેડાએ લોહી ગંઠાઈ જવાની ફરિયાદને પગલે ૫૫ વર્ષથી વધુ વયના લોકોને એસ્ટ્રાઝેનેકાની વેક્સિન આપવાનું તત્કાળ બંધ કર્યું છે. ઓન્ટારિયો, ક્યુબેક, બ્રિટિશ કોલંબિયા, આલ્બર્ટા સહિત કેટલાંક રાજ્યોમાં યુવાનોને આવો ડોઝ નહીં આપવા વેક્સિન એડવાઈઝરી કમિટિએ ભલામણ કરી હતી. જર્મનીમાં ૬૦ વર્ષથી ઓછી ઉંમરના લોકોને એસ્ટ્રાઝેનેકાની વેક્સિન આપવાનું બંધ કરાયું છે. ખાસ કરીને બર્લિન, મ્યુનિચ, બ્રાન્ડેનબર્ગ તેમજ અન્ય શહેરોમાં ૬૦ વર્ષથી ઓછી ઉંમરનાં લોકોને એસ્ટ્રાઝેનેકાની વેક્સિન આપવામાં આવશે નહીં.

## કેનેડામાં કોરોનાના ૩૮૮૫ કેસ, ૩૪ લોકો મોતને ભેટ્યા



ટોરોન્ટો : કેનેડામાં કોરોના વાયરસે ફરી કેર વર્તાવા માંડ્યો હોય તેમ ગુરુવારે સમગ્ર દેશમાં ૩૮૮૫ લોકો વાયરસની ચપેટમાં આવી ગયા હતા. આ સાથે જ ૩૪ દર્દીના મોત થયા હતા. ગુરુવારે સાંજની સ્થિતિએ સમગ્ર દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૪૯૧૦૫ નોંધાઈ હતી. જયારે ૭૦૪ દર્દીઓની હાલત અત્યંત ગંભીર હોવાનું બહાર આવ્યું હતુ. ઓન્ટેરિયોમાં ૨૪ કલાકમાં ૨૫૫૭ નવા દર્દી સાથે ૨૩ મોત નોંધાયા હતા. જયારે ક્યૂબેકમાં વધુ ૧૨૭૧ લોકો વાયરસની ચપેટમાં આવી ગયા હતા. અહીં ગુરુવારે વધુ ૯ દર્દીના મોત થયા હતા. એ જ રીતે મોનીટોબામાં નવા ૫૯ કેસ સાથે ૨ મોત, ન્યુ બ્રુન્સવીકમાં નવા ૧૦ દર્દી, સાસ્કેચવાનમાં નવા ૧૯૯ કેસ તથા નોવાસ્કોસીયામાં વધુ ૩ નાગરિકો વાયરસની ચપેટમાં આવ્યાની પૃષ્ટિ થઈ હતી. આ સાથે જ દેશમાં અત્યાર સુધીના સંક્રમિતોનો આંકડો ૯૮૬૦૦૧ થઈ ગયો હતો. જયારે કોરોનાને કારણે મોતને ભેટેલા દર્દીઓની સંખ્યા ૨૨,૯૯૩ નોંધાઈ હતી. છેલ્લા દસ દિવસ દરમિયાન દેશમાં વધી રહેલા સંક્રમણને પગલે અનેક વિસ્તારોમાં પ્રતિબંધો લાગુ કરવાનો નિર્ણય કરાયો છે.

મહારાષ્ટ્રમાં ૪૩,૧૮૩ નવા કેસ, ૨૪૯નાં મોત

વાંચો પેજ નંબર. ૧૭

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region
Fax: 416-253-9461

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

જનરલ હેલ્પ / રસોઇ કામમાં બહેનોના હેલ્પની જરૂર છે.
ઈટોબીકોક એરિયામાં ગુજરાતી બહેનોની રસોઈ કામ માટે (જનરલ હેલ્પ / રોટલી બનાવવા માટે) જરૂર છે.
કામ ઇચ્છતાં બહેનોને વધારે જાણકારી માટે નીચેના નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.
# 647-839-5649

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ઓન્ટેરિયોમાં બેકાબૂ કોરોના, સરકારને અહેવાલ સોંપાયો

## તબીબોના સુચનોની નાગરિકો દ્વારા સતત અવગણના થતાં સ્થિતિ વણસીઃ લોકડાઉન બાદ સ્થિતિ સામાન્ય કરવાના પ્રયાસમાં ભૂલ થઈ

ઓન્ટેરિયો : કોવિડ ૧૯ના નવા નોંધાઈ રહેલા કેસના આંકડાઓ દર્શાવે છે કે, ઓન્ટેરિયોમાં કોવિડ-૧૯ મહામારી હવે કાબુ બહાર જઈ રહી છે. ઓન્ટેરિયો સરકારની સલાહકાર સમિતિના વૈજ્ઞાનિકો તથા નિષ્ણાંતોએ આપેલી જાણકારી મુજબ ઓન્ટેરિયોમાં હવે કોવિડ-૧૯ મહામારીની સ્થિતિ હવે નિયંત્રણ બહાર જઈ રહી છે. નવો વેરીયન્ટસ જે રીતે ફેલાઈ રહ્યો છે અને રોજેરોજ વધતા જતા સંક્રમણના કેસો બીજા તબક્કાની સરખામણીમાં લગભગ ૨૦ ટકા વધી રહ્યા છે. તે ચિંતાજનક બાબત છે. હાલમાં દર્દીઓના હોસ્પિટલાઈઝેશનનો આંક પણ ઉંચે જઈ રહ્યો છે. આ અહેવાલ કમિટીએ સોમવારે રાત્રે રજુ કર્યો હતો. અહેવાલમાં જણાવાયું હતું કે, હાલમાં ઓન્ટેરિયોની મહામારી સંપૂર્ણ રીતે કાબુ બહાર છે. કમિટીના વડા ડો.પીટર જુનીએ કહ્યું હતું કે, આ અભ્યાસ છેલ્લા થોડા




અઠવાડિયાના કેસોના આધારે થયો છે. જે તબીબોની ચેતવણીઓની અવગણના બાદ લખવામાં આવ્યો હતો.

બ્રિટીશ કોલંબિયાએ જયારે ત્રણ અઠવાડિયાનો સકીટબ્રેકર લોકડાઉન લગાડયું હતુ. જે પુરુ થયા બાદ તરત જ ઈનડોર ડાયનીંગ, લોકોના મેળાવડાઓ અને રૈસ્ટોરાં રાબેતા મુજબ શરૂ કરી દેવાયા હતા. એટલે હવે ઓન્ટેરિયો માટે બચવાનો કોઈ રસ્તો રહ્યો નથી. જો આવુંને આવુ ચાલતું રહેશે તો થોડા અઠવાડિયાઓ બાદ સ્થિતિ વધુ વિકટ બની શકે છે. હવે બચવાનો એક જ રસ્તો છે અને એ મોટાપાયે લોકડાઉન અને અન્ય જરૂરી પગલાઓ છે. જેમાં આવશ્યક સેવાઓના કર્મચારીઓને પગારી માંદગીની રજાઓ અને બિનજરૂરી પ્રવાસ સ્થાનિક ધોરણે પણ ટાળવાનો સમાવેશ થાય છે.

અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, આ એવી સ્પર્ધા છે જેમાં માત્ર વેકસીનેશનને આધારે જીત મળવાની નથી. જે વાત અશક્ય પણ છે. ઓન્ટેરિયોમાં બીજા તબક્કાના કોવિડ-૧૯ના સંક્રમણથી બચવા નવા વેરીયન્ટસના વધી રહેલા ૬૭ ટકા કેસો પર અંકુશ લાવવો જરૂરી છે.

# પર્યાવરણ સેકટરમાં મહામારી દરમિયાન વધારાના ૩૪૬૦૦ રોજગારનું સર્જન થયું

ઓન્ટેરિયો : ઈસ ૨૦૨૦માં કેનેડાના પર્યાવરણ સેકટરમાં વર્ક ફોર્સમાં અંદાજે પાંચ ટકાનો વધારો થયો હોવાનો અહેવાલ સામે પ્રસિદ્ધ થયો છે. જેમાં મહામારીના વર્ષ દરમિયાન નવી ૩૫૦૦૦ રોજગારી ઉભી થઈ હતી. ઈકો કેનેડાના નવા અહેવાલ મુજબ આ વધારો નોંધાયો હતો અને આવનારા પાંચ વર્ષમાં એમાં હજુ વધારો થવાની સંભાવના પણ વ્યકત કરવામાં આવી હતી. કાલગેરી સ્થિત ગ્રીન જોબ માર્કેટ માટેના માનવ સંશાધન જુથ ઈકો કેનેડાના કેવિનનિલસેને કહ્યું હતુ કે,

આ સેકટર વિકસી રહ્યું છે. અને વધુ



વિશાળ થઈ રહયું છે. આ જુથ જુદી જુદી ઈન્ડસ્ટ્રીમાં પર્યાવરણરક્ષા અને એને લગતા માનવ સંસાધનના મેનેજમેન્ટનું કામ કરે છે. ગયા વર્ષમાં આ સેકટરે વધુ ૩૪૬૦૦ રોજગારી ઉભી કરી હતી.

એટલે હવે આ સેકટરનું માનવબળ વધીને કુલ ૬૮૯૯૦૦ કામદારો જેટલું થયું છે. જેમાં ઓન્ટેરિયોમાં ૩૫૭૦૪ અને કયૂબેકમાં ૧૧૪૬૦ જેટલા રોજગારોનો સમાવેશ થાય છે એમ ઈકો કેનેડાએ જણાવ્યું હતું. એ ઉપરાંત ન્યુ બ્રુન્સ્વીક, પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડ અને એની આસપાસના વિસ્તારોમાં પણ નવી રોજગારી ઉભી થઈ હતી. માત્ર છ પ્રાંતોમાં મહામારીને કારણે બંધ પડેલી કામગીરીને પગલે ગ્રીન જોબની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો હતો. જેમાં ગ્રાહકલક્ષી વધતી માંગ અને ગ્રીન એફિશિયન્સીની વધતી માંગને કારણે આ સેકટરમાં રોકાણ પણ વધી રહયું છે. સરકારે પણ આ સેકટરમાં સારૂં એવું રોકાણ કર્યુ છે.

# વિઝા વગર નેપાળથી ભારતમાં પ્રવેશી રહેલી કેનેડીયન મહિલાની ધરપકડ

નવી દિલ્હીઃ ભારત અને નેપાળની સરહદને અડીને આવેલા બિહારના રકસૌલ ખાતેથી એક વિદેશી મહિલાની ધરપકડ કરવામાં આવી છે. ઈમિગ્રેશન વિભાગે રામગઢવા પોલીસની મદદથી બાતમીના આધારે મહિલાની ધરપકડ કરી છે. ધરપકડ કરવામાં આવેલી વિદેશી મહિલા પાસેથી પાસપોર્ટ અને નેપાળના વિઝા જપ્ત કરવામાં આવ્યા છે.

રકસૌલ ઈમિગ્રેશન વિભાગને સૂચના મળી હતી કે, એક વિદેશી મહિલા પાસપોર્ટ અને વિઝા વગર નેપાળ સરહદે થઈને ભારતમાં પ્રવેશી રહી છે. આ સૂચના મળ્યા બાદ એનએચ-૨૮એ પર ચેકિંગ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ખાનગી વાહનોની સાથે જ મુસાફરોને લઈને જતા વાહનોની પણ તલાશી લેવામાં આવી હતી. તપાસ દરમિયાન તે મહિલા રકસૌલથી મોતિહારી જતી બસમાં મળી આવી હતી.

પોલીસે તે મહિલાને બસમાંથી ઉતારીને કસ્ટડીમાં લીધી હતી અને ઈમિગ્રેશન વિભાગને તેની જાણ કરી હતી. જાણવા મળ્યા મુજબ તે મહિલાનું નામ રોબાઈકા વિલિયમ અને તેના પિતાનું નામ કેરિસ્તો વિલિયમ છે. મહિલા પાસે કેનેડાનો પાસપોર્ટ છે. પુછપરછ દરમિયાન મહિલાએ પોતે નેપાળ ફરવા આવી હતી અને જાણકારીના અભાવે ભારતીય સરહદમાં પ્રવેશી હતી તેમ જણાવ્યું હતું.

# ટોરોન્ટોની ડ્રેગ કિવનમિશેલ રોસના અવસાનથી ચાહકોમાં શોકની કાલિમા

ઓન્ટેરિયો : ટોરોન્ટોની ડ્રેગ કિવન તરીકે જાણીતી મિશેલ રોસનું રવિવારે અવસાન થયું હતુ. આ અંગેના સમાચાર વહેતા થતાં એના ચાહકોએ એને શ્રધ્ધાંજલિ આપવા અને એના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવાનું શરૂ કરી દીધું હતું. જમૈકામાં જન્મેલી મિશેલ રોસ છેલ્લા ચાર દાયકાથી ટોરોન્ટોમાં રહીને વિશ્વભરમાં પરફોર્મન્સ આપી ખ્યાતિ મેળવી ચુકી હતી. એની વય ૬૦ વર્ષની આસપાસ હોવાનું જાણવા મળે છે. મિશેલના અવસાન બાદ ચાહકોએ સોશિયલ મીડિયા પર પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા. તે અગાઉ સોમવારે પ્રાઈડ ટોરોન્ટોએ ટવીટર ઉપર જાહેરાત કરી હતી કે, મિશેલનું અવસાન થયું છે અને એનું કારણ હજુ જાણવા નથી મળ્યું. ડ્રેગ ક્ષેત્રમાં મિશેલનું નામ ટોચ પર હતું. એની પ્રતિભા અને સરળ તથા મિલનસાર સ્વભાવને કારણે એ વધુ લોકપ્રિય હતી. કેનેડાના ટોચના બુકસ્ટોર તરીકે ઓળખાતા ગ્લેડ ડે બુકસ્ટોરે પણ મિશેલના અવસાનથી સમાજને મોટી ખોટ ગઈ હોવાનું જણાવ્યું હતું. પ્રતિભાવમાં સ્ટોરે કહ્યું હતું કે, આપણા ગામ, આપણા શહેર અને આપણી દુનિયાએ મહાન કલાકારને ગુમાવી દીધી છે. એની સાલસતા, પ્રેરણાદાયી વ્યકિતત્વ અને મૈત્રીભર્યા સ્વભાવને કારણે એ ઘણી લોકપ્રિય હતી.

# વિઝીટર સ્ટેટસ ધરાવનારાઓને કેનેડામાં વર્કપરમિટની અરજી માટે વધુ સમય અપાશે

- પરમીટ ન હોય છતાં કેનેડામાં જોબની ઓફર હોય તેવા નાગરિકોને લાભ થશે

ઓન્ટેરિયો : કેનેડાએ કોરોના વાઈરસને લગતા પગલાઓને કારણે કેટલીક સુવિધાની મુદત લંબાવી છે. જેથી વર્ક પરમીટ વિના કેનેડામાં રહેનારા જોબ ઓફર ધરાવનારા ટેમ્પરરી રેસીડન્ટસને નવી વર્કપરમીટ માટે અરજી કરવા વધુ સમય મળી શકે.

ઈમિગ્રેશન, રેફયુજીસ એન્ડ સિટીઝનશીપ કેનેડા (આઈઆરસીસી) એ પહેલા કરેલી જાહેરાત મુજબ તો વીઝિટરના સ્ટેટસ માટેની મુદત ૨૪મી ઓગસ્ટ, ૨૦૨૦થી ૩૧મી માર્ચ, ૨૦૨૧ સુધીની રાખવામાં આવી હતી. હવે એ મુદતને ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે. એને માટે લાયકાતના ધોરણોમાં માન્ય જોબ ઓફર અને એમ્પ્લોયર સ્પેસીફીક વર્કપરમિટ જરૂરી રહેશે.

આ પહેલા આગંતુકે કેનેડા આવતા પહેલા વર્કપરમીટ સાથે અરજી કરવાની રહેતી હતી અને જો તેઓ કેનેડામાં જ રહેતા હોય કે, વીઝિટર સ્ટેટસ ધરાવતા હોય તો તેમને વર્ક પરમીટ મળ્યેથી માન્યતા મળી જતી હતી. પરંતુ એ પહેલાં તેમણે કેનેડા છોડવું જરૂરી હતું. આ કામચલાઉ પોલીસીમાં એવા અરજદારને માન્ય ગણાશે, જેની પાસે છેલ્લા ૧૨ માસની માન્ય વર્કપરમીટ હોય અને નવી જગ્યાએ કામ કરવા પહેલા બધી ચકાસણી કરાવવાની રહેશે. અરજી આઈઆરસીસીના વેબફોર્મમાં કરવાની રહેશે. આ અંગે વધુ જાણકારી સરકારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

# ઓન્ટેરિયો પ્રાંતમાં મોટી ઉંમરના લોકો જ કોવિડ વિશેની અફવા ફેલાવવામાં માહિર

ટોરોન્ટો : તાજેતરમાં હાથ ધરાયેલા એક અભ્યાસમાં જણાયું હતું કે, સોશિયલ મિડીયા પર કોવિડ-૧૯ વિશેની ખોટી જાણકારી આપનારી પોસ્ટ મુકનારાઓ મોટાભાગે ૫૫ થી ૬૪ વર્ષના વયજુથના લોકો જ હોય છે.

ઓન્ટેરિયો મેડીકલ એસોસિયેશન દ્વારા બુધવારે પ્રકાશિત એક અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે, ઓન લાઈન રહેનારા ઓન્ટેરિયોઓના ૬ ટકા લોકો કોવિડ-૧૯ વિશેની ખોટી માહિતીઓ મુકતા હોય છે અને એમાં પણ મોટી ઉંમરના યુઝર્સ વધુ હોય છે. આ અભ્યાસ એડવાન્સ સિમ્બોલિકસ આઈએનસીએ આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજીના ઉપયોગથી ૨૪મી માર્ચ, ૨૦૨૦થી ૨૪મી માર્ચ ૨૦૨૧ દરમિયાનની ટવીટર પોસ્ટ ઉપર કરવામાં આવ્યો હતો. જેમાં મોટાભાગના યુઝર્સ પૂવીય ઓન્ટારીયન્સ હતા. જેમાં ઓટાવા અને એની આસપાસના વિસ્તારના લોકો પણ હતા. એસોસિયેશનના પ્રમુખ ડો.સામન્થા હિલે કહયું હતું કે, આવી ખોટી જાણકારી લોકો સુધી પહોંચાડવાનું કામ આ ખાસ જુથના લોકો કરતા હતા, એ વાત જાહેર થવી જરૂરી છે. કેમ કે, ખોટી માહિતીને કારણે લોકો વેકસીન લેવાનો ઈન્કાર કરે છે અને મહામારીને અટકાવવાના પ્રયાસો નબળા પડે છે. સેન્ટર ફોર કાઉન્ટરીંગ ડીજિટલ હેટ (સીસીડીએચ)ના સ્થાપક ઈમરાન અહેમદે કહયું હતું કે, આ રીતે કોવિડ-૧૯ વિશેની ગેરમાર્ગે દોરનારી જાણકારીના પ્રસારમાં ફેસબુક, ટવીટર, યુટયુબ અને ઈન્સ્ટાગ્રામની ભુમિકા સુપર સ્પ્રેડર જેવી જ રહી છે.

# કેનેડામાં ફર્નીચરથી ટોઈલેટ પેપર સુધીની ચીજવસ્તુની તંગી, ભાવ વધારાની શક્યતા

ટોરોન્ટો : ગત અઠવાડિયે સુએઝની નહેરમાં શીપીંગ બોટ ફસાઈ ગઈ હતી. જેને કારણે દુનિયાના અનેક દેશના માલસામાનની અવરજવર ઠપ થઈ હતી. હવે આ શિપીંગ વ્યવહાર ભલે શરૂ થઈ ચુકયો છે. તેમ છતાં કોવિડ -૧૯ને કારણે અમલી પ્રતિબંધોને પગલે બધી ચીજોની સપ્લાયચેન હજુ પૂર્વવત બની નથી.

જેને કારણે કેનેડામાં આવશ્યક ચીજવસ્તુથી લઈને ફર્નીચર સુધીની ચીજોની તંગી સર્જાય તેવી શકયતા વધી છે. આ સાથે જ આ ચીજવસ્તુના ભાવમાં પણ વધારો ઝીંકાવાની શકયતા વધી છે.

દેશના વેપાર નિષ્ણાંતોના જણાવ્યા મુજબ સોમવારે ૪૦૦ મીટર લંબાઈવાળી ટગબોટે સુએઝની નહેરમાં પ્રવાસ શરૂ કર્યો હતો. આ દ્રશ્ય સમગ્ર વિશ્વએ જોયું છે. પરંતુ વૈશ્વિક વ્યાપારને થાળે પડવામાં હજુ થોડા અઠવાડિયા કે મહિનાઓ લાગી શકે છે. નિષ્ણાંતો માને છે કે, હજુ હજારો જહાજો રાહ જોઈ રહ્યા છે. જેમાં આવી આવશ્યક ચીજવસ્તુઓ દુનિયાભરના દેશ માટે રવાના કરાઈ છે. જે વૈશ્વિક વ્યાપારના માત્ર ૧૨ ટકા જેટલી જ વસ્તુ છે. સુએઝનો માર્ગ ખુલ્લો થાય એટલું જ પુરતું નથી, એમ રીટેલ કાઉન્સીલ ઓફ કેનેડાના સીઈઓ ડીઆન બ્રિસેબોઈસે કહ્યું હતું. નોર્થ અમેરિકામાં કોવિડ-૧૯ના ધારાધોરણો ઓછા થતાં જાય છે. જેથી વહાણવટુ ઝડપથી શરૂ થઈ શકે અને ગ્રાહકોની જરૂરીયાતનો સામાન ઝડપથી પહોંચાડી શકાય, એમ આઈપીસીના ચીફ ઈકોનોમિસ્ટ શોન ડુબ્રાવાકે કહ્યું હતું.

## ભાજપ, ટીએમસી અને અન્ય પક્ષ વચ્ચે જંગ

# પશ્ચિમ બંગાળ અને આસામમાં ચૂંટણી છુટીછવાઈ હિંસા વચ્ચે જંગી મતદાન

## નંદિગ્રામના બૂથોમાં ગરબડ થઈ રહી અંગે બેનર્જીએ રાજ્યપાલને ફરિયાદ કરી

કોલકાતા : પશ્ચિમ બંગાળની ૩૦ અને આસમની ૩૯ સીટો માટે ગુરુવારે યોજાયેલા બીજા તબક્કાના મતદાતામાં ગજબનો ઉત્સાહ જોવા મળ્યો હતો. બંગાળમાં સાંજે છ કલાક સુધી ૮૦.૪૩ ટકા મતદાન થયું હતું. જ્યારે અસમમાં ૭૩.૦૩ ટકા લોકોએ મતદાન કર્યુ છે. આસામમાં આ પહેલા તબક્કામાં ૪૭ બેઠકો પર મતદાન થયું છે.

આસામમાં કુલ ૧૨૬ વિધાનસભા બેઠકો છે. જો કે બંગાળમાં બીજા તબક્કાના મતદાન દરમિયાન કેટલાક હિંસાના સમાચાર સામે આવ્યા છે. જ્યારે અસમમાં ચૂંટણી શાંતિપૂર્ણ રહી છે. બંગાળની વિધાનસભામાં ૭૫,૯૪,૫૪૯ લોકોએ મતદાન કર્યુ, જેમાં ૩૮,૮૦,૯૫૫ પુરૂષ અને ૩૭,૧૩,૫૦૮ મહિલાઓ માટે ૧૦,૬૨૦ મતદાન કેન્દ્રો બનાવવામાં આવ્યા હતાં. સીઆરપીએફની લગભગ ૭૦૦ કંપનીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. પશ્ચિમ બંગાળમાં, બીજા તબક્કાની ૩૦ બેઠકો પર ૧૯ મહિલાઓ સહિત ૧૭૧ ઉમેદવારો મેદાનમાં છે. આસામમાં, બીજા તબક્કાની ૩૯ બેઠકો માટે ૨૬ મહિલાઓ સહિત ૩૪૫ ઉમેદવારો મેદાનમાં છે. બંગાળમાં, જ્યાં ટીએમસીની બીજેપી સાથે સીધી લડત છે, તો આસામમાં બીજેપીને તેની સરકાર બચાવવાનો પડકાર છે. સાંજે છ કલાક સુધી ઈસ્ટ મિદનાપુરમાં ૮૧.૨૩ ટકા, પશ્ચિમી મિદનાપુરમાં ૭૮.૦૨ ટકા, બાંકુડામાં ૮૩.૯૨ ટકા અને નંદીગ્રામમાં ૮૦.૭૯ ટકા મતદાન થયું છે. આસામમાં ભાજપનાં ૩૪ ઉમેદવારો મેદાનમાં છે, જ્યારે તેની સહયોગી અસમ ગણ પરિષદ તથા યૂનાઈટેડ પીપુલ્સ પાર્ટી લિબરલના ક્રમશઃ ૬ અને ૩ સીટો પર ઉમેદવાર છે. તો મહાગઠબંધન સાથે જોડાયેલી કોંગ્રેસ ૨૮ સીટો પર ચૂંટણી લડી રહી છે. જ્યારે એઆઈયૂડીએફ સાત તથા બીપીએફ ચાર સીટો પર મેદાનમાં છે.



### બંગાળમાં વાતાવરણ ભારે તંગ રહ્યું

બેનર્જીએ નંદિગ્રામના બૂથોમાં ગરબડ થઈ રહી હોવાની ફરિયાદ રાજ્યપાલને કરી હતી. મમતા દીદી ખુદ નંદિગ્રામથી ચૂંટણી લડી રહ્યાં છે. નંદિગ્રામમાં ભાજપ-ટીએમસીના કાર્યકરો વચ્ચે ઘર્ષણના બનાવો પણ બન્યા હતા. મમતા બેનર્જીએ બૂથ પરથી જ ગવર્નરને કહ્યું હતું કે આ વિસ્તારના લોકોને મતદાન કરવા દેવામાં આવતું નથી. અસંખ્ય લોકોને મતદાન કરતા અટકાવવામાં આવે છે. તે અંગે મમતા બેનર્જીએ ચૂંટણીપંચને ફરિયાદ નોંધાવી હતી.

### ભાજપના કાર્યકરનો મૃતદેહ મળ્યો

નંદિગ્રામમાં મતદાન ચાલી રહ્યું હતું ત્યારે જ ભાજપના કાર્યકરનો મૃતદેહ ફાંસો ખાધેલી હાલતમાં મળ્યો હતો. પોલીસે કહ્યું હતું કે ઉદયશંકર દૂબે નામના ભાજપના કાર્યકરે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પરંતુ ભાજપે આ મામલે તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો પર ગંભીર આરોપ લગાવ્યા હતા અને ભાજપના કાર્યકરના મૃત્યુ માટે ટીએમસી જવાબદાર હોવાનું કહ્યું હતું.

# ‘બાપ્સ ચેરીટિઝ’ દ્વારા એક વર્ષમાં ૧.૩૦ લાખથી વધુ માસ્કનું વિતરણ

- ૧૩૫ સ્વયંસેવકોની ટીમે અનેક શહેરોમાં કેર પેકેટસ પણ વહેંચ્યા



ટોરોન્ટો : લોકોમાં માસ્ક વિશેની જાગૃતિ ફેલાય અને લોકોને સતત માસ્ક પહેરવા પ્રોત્સાહન મળે એવા ઉમદા આશયથી બાપ્સ ચેરીટિઝે કેનેડામાં અંદાજે એક લાખ ત્રીસ હજારથી વધુ માસ્કનું વિતરણ કર્યુ હતું. આ કામગારી સંસ્થાએ એક વર્ષમાં કરી છે. વેકસીન મળવાની શરૂઆત થઈ ગઈ હોવા છતાં બાપ્સ ચેરીટીસ માને છે કે, લોકોએ પીપીઈ ઉપકરણોનો ઉપયોગ કરતા રહેવું જોઈએ. જેમાં માસ્ક મહત્વની બાબત છે. જયારે તમે મિત્રોને મળો કે, જાહેરમાં જાઓ કે પરિવારના મેળાવડાઓમાં જાવ છો ત્યારે માસ્ક અવશ્ય પહેરવું જોઈએ.

બાપ્સ ચેરીટીઝના ૧૩૫ સ્વયંસેવકોની ટીમે સોશિયલ ડીસ્ટન્સીંગના પાલન સાથે ઓન્ટેરિયો, અલ્બેર્યા, બ્રિટીશ કોલંબિયા અને કયુબેક સહિતના શહેરોમાં વસતા પરિવારના વડીલો, સભ્યો અને આંતરરાષ્ટ્રીય વિદ્યાથીઓને કેર પેકેટસનું વિતરણ કર્યુ હતું. જેમાં ફેસ માસ્ક, કેલેન્ડર અને શુભેચ્છાના કાર્ડનો સમાવેશ થાય છે. આ પેકેટ સ્વીકારનારા ઘણાં લોકોએ આભારની લાગણી વ્યકત કરીને બાપ્સ ચેરીટીસની ઉમદા ભાવના અને લોકો પ્રત્યેની લાગણીને બિરદાવી હતી.

અગ્રણી સિસ્ટમ કન્સલટન્ટસે બાપ્સ ચેરીટીઝને માસ્કનું દાન કરીને સહાય કરી હતી. મહામારીના છેલ્લા એક વર્ષમાં બાપ્સ ચેરીટિઝે કેનેડાના ૪૩ શહેરોમાં વસનારા સમાજને પીપીઈ કીટ, કેર પેકેટસનું વિતરણ કરીને તેમજ ફોન કોલ્સ કરીને શુભેચ્છાઓ પાઠવી છે. આ સાથે જ જાગૃતિ માટે મેન્ટલ હેલ્થ, ફીઝીકલ વેલનેસ અને યુવાનો અને વરિષ્ઠ નાગરીકોના સશક્તિકરણ માટેના વિવિધ વિષયોના વેબિનારનું આયોજન કરીને ઉમદા કામગીરીનું ઉદાહરણ પુરૂં પાડયું હતું.

કેનેડા અને વિશ્વભરના બાપ્સ ચેરીટીસના સ્વયંસેવકોએ સતત પરિસ્થિતિ પર ધ્યાન રાખીને જરૂરીયાતમંદ લોકો સુધી કઈ રીતે પહોંચી શકાય અને અસરકારક રીતે કામગીરી થઈ શકે એની કાળજી રાખી છે, એમ બાપ્સ ચેરીટીઝ કેનેડાના પ્રમુખ યોગેશ પટેલે જણાવ્યું હતું.

આ સાથે તેમના આ અભિયાનમાં સહભાગી થનાર તમામનો તેમણે આભાર માન્યો હતો.

# ચાઈલ્ડ બેનીફીટની ચુકવણી શરૂ થશે

ટોરોન્ટો : ઓન્ટેરિયોના શિક્ષાણમંત્રીએ ડરહામ વિસ્તારમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ડગ ફોર્ડની સરકાર દ્વારા વાલીઓને આપવામાં આવતા ચાઈલ્ડ બેનીફીટની ચુકવણીની શરૂઆત ૨૬મી એપ્રિલથી કરવામાં આવશે. મહામારીને કારણે બાળકોના શિક્ષણને પહોંચેલા નુકસાનના વળતર તરીકે ફોર્ડ સરકારે ચાઈલ્ડ બેનીફીટ તરીકે બાળક દીઠ ૪૦૦ યુએસ ડોલર અને વિશિષ્ટ બાળક માટે ૫૦૦ યુએસ ડોલર ચુકવવાની જાહેરાત કરવામાં આવી હતી. જેને માટે ફોર્ડ સરકારે વર્ષ ૨૦૨૧ના બજેટમાં ૯૮૦ મિલીયન યુએસ ડોલરની ફાળવણી કરી હતી. આ લાભ ૦ ગ્રેડથી ૧૨મી ગ્રેડ સુધીના બાળકોને મળશે. સરકારે આ અગાઉ બાળક દીઠ ૨૦૦ યુએસ ડોલર અને વિશિષ્ટ બાળકને ૨૫૦ યુએસ ડોલર ચુકવ્યા હતા. જે વાલીઓના ખાતામાં સીધા જમા કરાવવામાં આવ્યા હતા. જેને માટે સરકારે ૮૬૮ મિલીયન યુએસ ડોલરની ફાળવણી કરી હતી.







# કોરોના વાયરસનું ઉદ્‌ભવ સ્થાન દુનિયાને સવા વર્ષે પણ જડ્યું નહીં

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારતમાં કોરોના વાઈરસ ફેલાયાના એક વર્ષ બાદ ફરી વખત વાઈરસે હાહાકાર મચાવવા માંડ્યો છે. વાયરસમાં નવો સ્ટ્રેન દેખાયો તેવી ઘટના ભારત, યુકે, આફ્રિકા, અમેરિકા જેવા દેશમાં બની છે. ત્યારે હજુ પણ આ વાઈરસ ફેલાવાની શરૂઆત કેવી રીતે થઈ એ રહસ્ય અકબંધ છે. ખુદ ડબલ્યુએચઓની ટીમે પણ ચીનમાંથી વાયરસ ફેલાવા અંગે શંકા વ્યક્ત કરી છે.

દુનિયાભરમાં કાળો કેર વર્તાવી રહેલા સાર્સ કોવિ-૧૯ નામના કોરોના વાઈરસનું ઉદભવ સ્થાન ચીનના હુબેઈ પ્રાંતમાં આવેલું વુહાન શહેર છે એ તો નિર્વિવાદ છે. કોરોના વાઈરસ કેવી રીતે ફેલાયો એનો અભ્યાસ કરવા ચીનના વુહાન શહેર ગયેલી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની એક ટીમને એક મહિનાના સંશોધનના અંતે કશું હાથ ન લાગ્યું. આ સંશોધકોએ વુહાનની વાઈરસ પર પ્રયોગો કરતી લેબોરેટરીમાંથી કોવિડ ફેલાયો હોવાની શક્યતાને પણ રદિયો આપ્યો. હવે વિશ્વ આરોગ્ય સંસ્થાના સંશોધકોએ વાઈરસ ચામાચિડીયામાંથી કોઈ અન્ય જીવ કે જંતુ દ્વારા માણસોમાં ફેલાયો હોવાની આશંકા વ્યક્ત કરી છે.

કોરોના વાઈરસે કાળો કેર મચાવવાનું શરૂ કર્યું ત્યારે શરૂઆતની તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે, કોરોના વાઈરસ વુહાનના એક એવા બજારમાંથી ફેલાયો હતો જ્યાં સી ફૂડની સાથે સાથે વન્ય પ્રાણીઓનું માંસ પણ વેચાતું હતું. આ બજારમાં ચામાચિડીયા પણ વેચાતા હતાં. જેમાંથી આ વાઈરસનું સંક્રમણ હોવાનું જણાયું હતું. એ પછી પશ્ચિમી દેશોના મીડિયામાં રિપોર્ટ આવ્યાં કે, કોવિડ-૧૯ નામનો રોગ ફેલાવતો આ સાર્સ કોવિ-૨ નામનો વાઈરસ વુહાન ઈન્સ્ટીટયૂટ ઓફ વાઈરોલોજીમાંથી લીક થયો.

કોવિડ-૧૯ નામની બીમારી ફેલાવતો કોરોના વાઈરસ પણ પ્રાણીઓમાંથી માનવીમાં પ્રસરેલો એટલે કે ઝૂનૉટિક બીમારી છે. અગાઉના એચઆઈવી, ઈબોલા, સાર્સ અને મર્સ જેવા જીવલેણ વાઈરસ પણ ઝૂનૉટિક ગણાય છે. જાણકારોના મતે ચીન તેમજ વિયેતનામ જેવા અગ્નિ એશિયાના દેશોમાં ભરાતા વન્ય જીવોના બજાર આવી ઝૂનૉટિક બીમારીઓ ફેલાવવામાં મોટો ભાગ ભજવે છે.

અગાઉ સાર્સ પણ વૅટ માર્કેટ એટલે કે જ્યાં તાજુ માંસ અને સીફૂડ મળતું હોય એવી જગ્યાએથી ફેલાયો હોવાનું તથ્ય સામે આવ્યું હતું. સાર્સ કોવિ-૧૯ માટે પણ કહેવાતું રહ્યું છે કે તેનો ઉદ્‌ભવ પણ વુહાનના સીફૂડ હોલસેલ માર્કેટથી થયો છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં કોરોના વાઈરસનો ઉપદ્રવ શરૂ થયા બાદ જાન્યુઆરીમાં વુહાનનું આ માંસ બજાર બંધ કરી દેવામાં આવ્યું હતું. ચીનમાં અનેક દવાઓ બનાવવા માટે પેંગોલીનના શરીર પર થતા ભીંગડાંની ભારે માંગ હોય છે. ચીન અને એશિયાના બીજા દેશોમાં લોકો પેંગોલીનનું માંસ પણ ખાય છે. પેંગોલીનનું દુનિયામાં સૌથી વધારે સ્મગલીંગ થતું હોવાના કિસ્સા પણ મીડિયામાં ચમકતા રહે છે. હકીકતમાં જીવતા પ્રાણીઓ વેચતા બજારમાં એક જ જગ્યાએ અનેક પ્રાણીઓ ભેગા કરવામાં આવે છે. આ સંજોગોમાં વાઈરસને એક પ્રજાતિમાંથી બીજી પ્રજાતિમાં જવાની તક મળે છે. જાણકારોના મતે તો વૅટ માર્કેટ જ એક પ્રાણીમાંથી બીજા પ્રાણીમાં વાઈરસ ફેલાવા માટે મોકાનું સ્થાન છે. એક વખત કોરોના વાઈરસનો કોઈ વ્યક્તિને ચેપ લાગ્યો એ પછી જંગલી પ્રાણીઓ વેચતા બજારમાં બીજા લોકોમાં પણ એનો ચેપ પ્રસરવા લાગ્યો.

વૈજ્ઞાનિકો કોરોના વાઈરસ માનવી સુધી કેવી રીતે પહોંચ્યો એની ખણખોદ કરી રહ્યા છે. પરંતુ એક વર્ષ પછી પણ કશુ નક્કર જાણી શક્યા નથી. વાઈરસના વાહક અનેક જંગલી પ્રાણીઓ હોઈ શકે છે. પરંતુ ચામાચિડીયા મોટી સંખ્યામાં જુદાં જુદાં પ્રકારના કોરોના વાઈરસના વાહક હોવાનું જાણવા મળ્યું છે. ચામાચિડીયા જે રીતે વસવાટ કરતા હોય છે એ જોતાં તેમનું શરીર વાઈરસના ફલવાફૂલવા માટે અનુકૂળ છે.

બીજા પ્રાણીઓની જેમ જ ઈકોસિસ્ટમ માટે ચામાચિડીયા પણ અત્યંત જરૂરી છે. કીટભક્ષી ચામાચિડીયા જીવજંતુઓના બેફામ ઉપદ્રવને અંકુશમાં રાખે છે. તો ફળો ખાતા ચામાચિડીયા પરાગનયનનું કામ કરે છે. ચામાચિડીયા માનવી માટે જોખમરૂપ ત્યારે જ બને છે જ્યારે ચીન કે અગ્નિ એશિયાઈ દેશોની જેમ તેને ખોરાકના મેનુમાં સમાવવામાં આવે. વિશ્વ આરોગ્ય સંસ્થાની ટીમે કોરોના વાઈરસ વુહાનના વેટ માર્કેટમાંથી ફેલાયો હોવા અંગે પણ શંકા જાહેર કરી છે. વૈજ્ઞાનિકોએ તો આ વાઈરસ ચામાચિડીયા કે પેંગોલિન દ્વારા ફેલાયો હોવા અંગે પણ પુરતા પુરાવા ન મળ્યા હોવાનું કહ્યું છે. તેમના મતે અગાઉ કોરોના વાઈરસ આ પ્રાણીઓમાંથી ફેલાયો હોવાની શક્યતા એટલા માટે વિચારવામાં આવતી હતી કે, આ પ્રાણીઓમાં જોવા મળતા વાઈરસ સાથે સાર્સ કોવિ-૧૯ વાઈરસની સિકવન્સમાં સમાનતા જોવા મળી હતી. જોકે નવી જાણકારી પ્રમાણે આ પ્રાણીઓમાં જે વાઈરસ જોવા મળે છે એ સાર્સ કોવિ-૨ સાથે વધારે મેળ નથી ખાતો. મતલબ કે કોરોના વાઈરસ ચામાચિડીયા કે પેંગોલિન દ્વારા ફેલાયો હોવા અંગે પણ ખાતરી નથી.

ચીન અત્યાર સુધી એવો ખુલાસો કરતું આવ્યું છે કે, નવતર કોરોના વાઈરસ વુહાનના વૅટ માર્કેટમાંથી ફેલાયો, પરંતુ પશ્ચિમના દેશોમાં એવા અહેવાલ પણ આવ્યા હતાં કે, કોરોના વાઈરસનું સંક્રમણ ડિસેમ્બરમાં નહીં, પરંતુ નવેમ્બર ૨૦૧૯માં ચાલું થઈ ગયું હતું. એક રિપોર્ટ એવો પણ સામે આવ્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે વુહાન ઈન્સ્ટીટયૂટ ઓફ વાઈરોલોજીમાં કામ કરતી એક ઈન્ટર્ન દ્વારા કોરોના વાઈરસ ભૂલથી લીક થઈ ગયો હતો. આ રિપોર્ટ અનુસાર આ વાઈરસ લોકોમાં ફેલાયો એ પહેલા આ યુવતી સુરક્ષાના નિયમોનું પાલન ન કરવાના કારણે વાઈરસથી સંક્રમિત થઈ ગઈ હતી. બાદમાં તેના સંપર્કમાં આવીને તેનો મિત્ર પણ કોરોના વાઈરસથી સંક્રમિત થયો એ એ પછી આ વાઈરસ વુહાનના માંસબજાર સુધી પહોંચી ગયો હતો. વાઈરસ વુહાનના માંસબજાર સુધી કેવી રીતે પહોંચ્યો એ અંગે નવી થિયરી વુહાન ઈન્સ્ટીટયૂટના પ્રોફેસર શી ઝેંગલીએ આપી હતી. આ વૈજ્ઞાનિકે ચામાચિડીયામાં જુદાં જુદાં વાઈરસ વિશે પોતાની રિસર્ચ ફેબ્રુઆરીમાં જ પ્રકાશિત કરી હતી. શીના જણાવ્યા અનુસાર ચામાચિડીયાના સેમ્પલ લેવા માટે તેઓ ચીનના જુદાં જુદાં વિસ્તારોમાં ફર્યા અને ૨૮ જેટલી ગુફાઓમાં જઈને તેમણે ચામાચીડિયાના મળના સેમ્પલ એકત્ર કર્યા હતા.

એ સેમ્પલના આધારે ચામાચિડીયામાં જોવા મળતા વાઈરસોનો એક આર્કાઈવ તૈયાર કરાયો હતો. આ આર્કાઈવમાં નવતર કોરોના વાઈરસનો પણ ઉલ્લેખ હતો અને આ વાઈરસ હોર્સશૂ બૅટ નામની ચામાચિડીયાની પ્રજાતિમાં જોવા મળ્યો હતો. પ્રોફેસર શી અગાઉથી આ વાઈરસ વિશે જાણતા હોવાના કારણે જેવું કોરોના વાઈરસનું સંક્રમણ ફેલાયું કે તરત તેમણે આ વાઈરસના જૈવિક માળખાને પ્રકાશિત કર્યુ હતુ. જેના આધારે કોરોનાની વેક્સિન બનાવવાની શરૂઆત થઈ શકી. હકીકતમાં કોરોના વાઈરસને લઈને એટલું રાજકારણ ચાલી રહ્યું છે કે સાચું શું કે ખોટું શું છે એ ક્યારે સામે આવશે એ નક્કી નથી. ચિંતાની વાત એ છે કે ખુદ ચીનની સરકાર કોરોનાનું સંક્રમણ કેવી રીતે ફેલાયું એ વિશે ખોંખારીને કશું કહેતી નથી. ચીનની સરકાર હજુ પણ મહામારી કેવી રીતે ફેલાઈ એના ઉપર હજુ રિસર્ચ ચાલી રહ્યું હોવાનો બચાવ કરે છે. એવામાં દુનિયાભરમા ૨૩ લાખ કરતા વધારે લોકોનો જીવ લેનાર કોરોના વાઈરસનું સંક્રમણ કેવી રીતે ફેલાયું એ વિશે દુનિયા પાસે આજે પણ કશી નક્કર માહિતી નથી.



manoj1968@yahoo.ca






# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી
(with sweet & Farsan)
$8.00 +Tax

Limited થાળી
(without sweet & Farsan)
$6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 +Tax 10 items
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, માર્ખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.




Quarantine Special Package
$73 Per Day



Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# દમણમાં ફેક્ટરી, વડોદરામાં ખાતું: પદમય કંપનીની BOB સાથે ૨૦ કરોડની ઠગાઈ

**• સીબીઆઈએ ડાયરેક્ટર પ્રેમલ દોશી અને જિગ્નેશ વાસ્તુપાલ સામે FIR નોંધી**

વડોદરાઃ સીબીઆઈ દ્વારા બે દિવસ પહેલાં વડોદરામાં પાડવામાં આવેલા દરોડા દરમિયાન વધુ એક કંપનીએ બેન્ક ઓફ બરોડા સાથે આચરેલું રૂા.૨૦.૨૩ કરોડનું કૌભાંડ બહાર આવ્યું છે. સીબીઆઈએ કંપનીના બે ડાયરેક્ટર અને અન્ય મળતિયાઓ સામે ગુનો નોંધી મહત્વના દસ્તાવેજો કબજે કર્યા છે. બેન્ક ઓફ બરોડાને ચૂનો ચોપડનાર પદમય ઈમ્પેક્સ પ્રા.લિ.કંપનીની મુખ્ય ઓફિસ મુંબઈના ઘાટકોપર ખાતે આવેલી છે. જ્યારે કંપનીનું પ્રોડક્શન યુનિટનાની દમણના કાચી ગામે બતાવવામાં આવ્યું છે. આ કંપની વર્ષ-૨૦૦૮માં શરૂ કરવામાં આવી હતી અને તેના બેન્કના વ્યવહારો સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં થતા હતા.પરંતુ ત્યારબાદ આ કંપનીએ વર્ષ-૨૦૧૦માં બેન્ક ઓફ બરોડાની વડોદરાના અકોટા વિસ્તારની બ્રાન્ચમાં એકાઉન્ટ ખોલાવ્યું હતું અને વ્યવહારો શરૂ કર્યા હતા.

બરોડા બેન્કના એજીએમ એસ. કે.મિશ્રાએ ઓગષ્ટ-૨૦૨૦માં દસ્તાવેજો સાથેનો એક વિગતવાર રિપોર્ટ સીબીઆઈને મોકલી ફરિયાદ કરવાની માંગણી કરી હતી.જેમાં જણાવાયું હતું કે,બેન્કના અધિકારીઓની સાંઠગાંઠથી ફક્ત છ મહિનાના ગાળામાં જ કંપનીની રૂા.૪.૫૯ કરોડની દરખાસ્ત વધારીને રૂા.૧૦.૫૯ કરોડ કરી હતી.એક વર્ષમાં કેશક્રેડિટની મર્યાદા રૂા.૫ કરોડથી વધારીને રૂા.૧૦ કરોડ તેમજ એલસી મર્યાદા રૂા.૪ કરોડથી વધારીને રૂા૮ કરોડ કરી હતી.

તા.૨૭-૩-૨૦૧૫માં બેન્કના અધિકારીઓ દ્વારા સમીક્ષા કરીને કેશ ક્રેડિટ રૂા.૧૧ કરોડ અને એલસી ની મર્યાદા રૂા.૯ કરોડ કરી આ રકમ ચૂકવીને બેન્કને આર્થિક નુકસાન પહોંચાડયુ હતું.બેન્કે આ ઉપરાંત બે કાર લોન પણ મંજૂર કરી હતી.

# કપડવંજના નાયબ મામલતદાર પર પથ્થરમારો કરીને ચપ્પુ બતાવી લૂંટ

**• ઓવરટેક કરીને ૩ શખ્સોએ અધિકારીને નીચે પાડી દીધા**

કપડવંજ : હિંમતનગર તાલુકાના કડોલી ગામના વતની અને હાલ કપડવંજમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા આ સરકારી કર્મચારીને ત્રણ અજાણ્યા શખ્સોએ ચપ્પુ બતાવીને ઉભા રખાવ્યા બાદ લૂંટી લીધા હતાં.

નાયબ મામલતદાર યુનિક શંકરલાલ પટેલે નોધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેઓ તા.૨૬ માર્ચના રોજ રાત્રીના સુમારે તેઓ બાઈક લઈને કાનડા-કડોલી રોડ પર થઈને જતા હતા ત્યારે પાછળથી આવતા એક બાઈક પર બેઠેલા અંદાજે ૨૦ થી ૩૦ વર્ષના અજાણ્યા શખ્સોએ બાઈકની ઓવરટેક કરી લીધી હતી. ત્યારબાદ યુનિક પટેલને ઉભા રહેવા માટે કારણ વગર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. જેને લઈને યુનિક પટેલને પરાણે ઉભા રહેવુ પડયુ હતું. ત્યારબાદ આ અજાણ્યા શખ્સો પૈકી એક શખ્સે ચપ્પુ બતાવીને તેમને જમીન પર પાડી દીધા હતાં. ત્યારબાદ તેમની પાસેની બેગ આંચકી લીધી હતી. આ બેગમાં અંદાજે રૂા.૯ હજાર રોકડ તથા ત્રણ એટીએમ કાર્ડ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ અને ત્રણ જોડ કપડા ભરેલો થેલો પડાવી લીધો હતો. જેમાં અંદાજે રૂા.૧૫ હજારની મત્તા હતી. જેની લૂંટ થયા બાદ નાયબ મામલતદારે શુક્રવારે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં લૂંટ ફરીયાદ નોધાવી હતી.

# કોરોના ઈફેક્ટ : ડાકોરમાં બંધ બારણે હોળી-ધૂળેટીની એકસાથે ઉજવણી કરાઈ

ડાકોર : ખેડા જિલ્લાના પવિત્ર તીર્થસ્થળ ડાકોરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે હોળીધૂળેટીનો ઉત્સવ ઉજવાયો હતો. ઈતિહાસમાં પહેલીવાર રાજા રણછોડને ત્યાં હોળીપૂનમ અને ધૂળેટીના ફૂલડોલોત્સવની એક સાથે ઉજવણી બંધબારણે થઈ હતી. ભક્તો માટે મંદિરના દરવાજા બંધ હોવા છતાં લાઈવ પ્રસારણ દ્વારા લાખો ભક્તોએ ઠાકોરજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. હોળીપૂનમે ૧૦ લાખ જેટલા ભક્તોનો ઘોડાપૂર ઉમટતો હતો, ત્યાં આજે ડાકોર શહેર અસંખ્ય પોલીસોની છાવણીમાં ફેરવાઈ ગયું હતું. મંદિરમાં બંધબારણે મંગળા આરતી થઈ હતી. બાદમાં ભગવાનને ફૂલડોલોત્સવથી ધૂળેટી પણ રમાડવામાં આવી હતી. રાજા રણછોડને પહેલીવખત હોળીના દિવસે ધૂળેટીના રંગો પણ નીરસતાથી ચડાવ્યા હોય તેવી ભાવના ભક્તો અને પૂજારીઓમાં ફેલાઈ ગઈ હતી.

# વણાકબોરી પાસેથી વહેતી મહી નદીમાં હજારો ભક્તોએ શ્રધ્ધાની ડૂબકી લગાવી

ગળતેશ્વર : હોળીપૂનમને દિવસે હજારો ભક્તોએ બાલાસિનોરના વણાકબોરી પાસેથી વહેતી મહીનદીમાં શ્રદ્ધાની ડૂબકી લગાવીને બાધા પૂરી કરી હતી. કોરોનાના ભય વચ્ચે પણ ૧૫,૦૦૦ જેટલા ભક્તોનો ઘોડાપૂર નદીકાંઠે ઊભરાઈ આવ્યું હતું. વણાંકબોરી પાસેની મહીનદીની આસપાસ ગુજરાતભરમાંથી શ્રદ્ધાળુઓએ આવીને બાધા પૂરી કરી હતી. આ વર્ષે કોરોનાના કહેર વચ્ચે પણ હજારો શ્રદ્ધાળુઓએ આવીને આસ્થાભેર નદીમાં સ્નાન કર્યું હતું. હોળીપૂનમે આશરે ૧૫,૦૦૦ જેટલા ભક્તોએ નદીમાં શ્રદ્ધાની ડૂબકી લગાવી હતી અને બાધાની ગાગર વહેતી મૂકી હતી.



ગુજરાતભરમાંથી શ્રદ્ધાળુઓ સંતાનપ્રાપ્તિ માટે અને શારીરિક તકલીફ દૂર કરવા મહી નદીમાં ગાગર ચડાવવાની બાધા રાખે છે. માનતા પૂરી થતા અહીં આવી ગાગર ચઢાવીને નદીમાં સ્નાન કરે છે. અહીં વેપારીઓ દ્વારા ગાગર ૨૦ રૂપિયા સુધી વેચવામાં આવે છે.

# GUJCTOC હેઠળ વડોદરાની ખૂંખાર બિચ્છુ ગેંગના વધુ બે સાગરિતોને દબોચી લેવાયા

વડોદરા : વડોદરામાં ભાગ ધમકી અપહરણ ખંડણી અને લૂંટ જેવા ગુનાઓમાં સંડોવાયેલી નામચીન બિચ્છુ ગેંગ સામે પહેલીવાર ગુજસીટોક હેઠળ પોલીસે ગુનો નોંધાયા બાદ ગેંગના વધુ બે સાગરીતો ને પોલીસે ઝડપી પાડયા છે. નામચીન ગેંગસ્ટર અસલમ બોડિયા એ બનાવેલી બિચ્છુ ગેંગ ના સાગરીતો ખંડણી અને હુમલા કરી લૂંટફાટ ચલાવતા હોવાથી પોલીસે આ ગેંગ સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસે આ ગેંગના સૂત્રધાર નામચીન અસલમ બોડિયા સહિત ૨૦ જણાને ઝડપી પાડયા હતા. જ્યારે ૬ સાગરિતો હજી ફરાર છે. ફરાર સાગરીતો પૈકી બે આરોપી ગઈકાલે યાકુતપુરા વિસ્તારમાં આવનાર હોવાની વિગતો મળતાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે અઝરુદ્દીન ઉર્ફે હજુ શેખ તેમજ ઈરફાન ઉર્ફે ખન્ના શેખને ઝડપી પાડી બાકીના ૪ આરોપીઓની શોધખોળ જારી રાખી છે.



# પ્રાંતિજના મજરા ગામે હોળીમાં શ્રદ્ધાળુઓ અંગારા પર ચાલ્યા



પ્રાંતિજ : પ્રાંતિજ તાલુકામાં હોળી અને ધૂળેટીનો તહેવાર ઉત્સાહભેર ઉજવાયો હતો. રવિવારે રાત્રીના સમયે તાલુકાના ગામોમાં ઠેર ઠેર હોળી પ્રગટાવવામાં આવી હતી. જયારે પ્રાંતિજના મજરા ગામમાં પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ શ્રદ્ધાળુ ભકતો હોળીના અંગારા પર ખુલ્લા પગે ચાલ્યા હતા છતાં તેમના પગ સહેજ પણ દાઝયા ન હતા. જયારે ધૂળેટીના દિવસે તાલુકાના મંદીરોમાં તિલક હોળીનો કાર્યક્રમ યોજાયો હતો. પ્રાંતિજ તાલુકામાં હોળી-ધૂળેટીનું પર્વ ઉત્સાહભેર ઉજવાયું હતું જો કે રવિવારના રોજ રાત્રીએ હોળીનું પ્રાગટય થયા બાદ તાલુકામાં કોઈ જગ્યાએ સોસ્યલ ડિસ્ટન્સીંગ જળવાયું ન હતું અને લોકોનાં ટોળાં હોળી માતાના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. પ્રાંતિજ તાલુકાના મજરા ગામમાં પ્રતિવર્ષે લોકો હોળીના અંગારામાં ખુલ્લા પગે ચાલતા હોય છે અને તે નિહાળવા લોકો મોટી સંખ્યામાં એકત્ર થાય છે આ વર્ષે પણ રવિવારની રાત્રે પ્રાંતિજના મજરા ગામમાં ધગધગતા અંગારા પર ખુલ્લા પગે ચાલતા શ્રદ્ધાળુઓને જોવા માટે લોકો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. અને જે ઘરે પુત્ર રત્ન થાય તે કુંટુંબના લોકો પણ હોળીની પ્રદક્ષિણા કરે છે.

# અરવલ્લી દારૂકાંડ : એલસીબીના પીઆઇ પરમાર સસ્પેન્ડ

મોડાસા : અરવલ્લી એલસીબી શાખામાં અગાઉ ફરજ બજાવતા અને જેઓ વિરૂધ્ધ વિદેશી દારૂને સગવેગે કરવાની દોઢ માસ અગાઉ પોલીસ ફરીયાદ નોંધાઈ હતી. તેવા વોન્ટેડ જાહેર કરાયેલા પોલીસ ઈન્સ્પેકટર આર.કે.પરમાર ને આખરે સસ્પેન્ડ કરી દેવાયા હતા. ગાંધીનગર રેન્જ આઈ.જી.દ્વારા આ આરોપી અધિકારીને બરતરફ કરતો હુકમ કરાયો હતો અને આ હુકમને પગલે જિલ્લામાં બુટલેગર સાથે ઘરોબો ધરાવતા અન્ય પોલીસ કર્મીઓ ફફડી ઉઠયા હતા. રાજયના સરહદી જિલ્લા અરવલ્લીમાં પોલીસ અને બુટલેગરની ભાઈબંધીથી રાજયનું ગૃહખાતુ પણ પરેશાન છે. પોલીસના કબ્જામાંથી દારૂ ચોરીનું પ્રકરણ હોય કે પછી દારૂ ભરેલ ટ્રક ઝડપ્યા પછી ગુનો નહી નોંધવાનું પ્રકરણ દરેક વખતે બુટલેગરો સાથેની ભાઈબંધીથી પોલીસની શાખ ખરડાઈ છે. પરંતુ દોઢ માસ અગાઉ એલસીબી પોલીસના બે કોન્સ્ટેબલો જ દારૂની ખેપ મારવા જતાં ઝડપાતાં અને ઝડપેલ દારૂ પૈકીનો જથ્થો બે ખૌફ બનેલ પોલીસ કર્મીઓએ એલસીબી કચેરીમાં જ સંતાડી સગેવગે કરતાં ઝડપાયો હતો.

# અંબાજી દર્શન માટે ફાગણી પૂનમે માઈભક્તોની સવારથી લાંબી લાઈનો

અંબાજી : પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ફાગણી પૂનમ હોઈ જગતજનની માં અંબાના દર્શન માટે વહેલી સવારથી લાંબી-લાંબી લાઈનો લાગેલી જોવા મળી હતી. હજારો માઈભક્તોએ પૂનમના દર્શનનો લાવો લીધો હતો.

યાત્રાધામ અંબાજીમાં ફાગણી પૂનમ એટલે કે હોળી-ધૂળેટી પર્વ હોઈ દૂર-દૂરથી મોટી સંખ્યામાં માઈભક્તો દર્શનાર્થે ઉમટયા હતા. મંદિર ટ્રસ્ટ દ્વારા ફાગણી પૂનમે યાત્રિકોના ભારે ધસારાને ધ્યાને લઈ દર્શન માટે સુંદર વ્યવસ્થા કરી હતી. તથા પ્રસાદી માટે પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. પૂનમે હોળી-ધૂળેટીનો પર્વ હોઈ સરકારની ગાઈડ લાઈન તથા સોશ્યલ ડીસ્ટન્સનો ચુસ્તપણે પાલન કરીયાત્રિકોને પ્રવેશ આપવામાં આવતો હતો. આ પૂનમે પણ કેટલાક પગપાળાસંઘો આવ્યા હતા અને માના શિખરે લાલ ધજાઓ ચડાવી હતી. હોળી-ધૂળેટી પર્વનો વિશેષ મહત્વ હોઈ આદિવાસી સમાજના ભાઈ-બહેનો પણ મોટી સંખ્યામાં ઉમટયા હતા. અને પર્વનો આનંદ માણ્યો હતો.

## બેચરાજી, ખેડબ્રહ્માં શ્રધ્ધાળુઓનું ઘોડાપુર

બહુચરાજી અને ખેડબ્રહ્માંમાં ફાલ્ગુની પૂનમના પવિત્ર દિવસે મોટી સંખ્યામાં માઇ ભકતો ઉમટી પડયા હતા. એક તરફ માતાજીના દર્શન માટે ખડે પગે પ્રતીક્ષા કરતા માઈભક્તોને અબીલ ગુલાલથી રંગાયેલા પગપાળા સંઘના માઇભકતો હાથમાં ધજા સાથે મા બહુચર અને મા અંબિકાના મંદિરમાં પ્રવેશતા માતાજી પ્રત્યેની શ્રદ્ધા પ્રગટ થતી જોવા મળી હતી.

## શામળાજીમાં ભગવાન પીચકારીથી રંગે રંગાયા

શામળાજી ખાતે બીરાજતા શ્રી ગદાધર વિષ્ણુ ભગવાનને અબીલ ગુલાલની છોળો વચ્ચે ચાંદીની પીચકારીમાં ભરેલ કેસૂડા–ગુલાબજળથી હોળી રમાડાઈ હતી. ત્યારે મંદિર પરિસર ભક્તોના જયઘોષ થી ગુંજી ઉઠયું હતું.જયારે સમગ્ર જિલ્લામાં આ વર્ષે કોરોનાના ફફડાટ વચ્ચે પણ ઠેરઠેર પ્રગટાવાયેલ હોળીના દર્શન કરી જિલ્લાવાસીઓએ ધન્યતા અનુભવી હતી.


CLASSIFIED ADVERTISEMENT

LEADING SOUTH ASIAN FOOD PRODUCTS DISTRIBUTOR BASED IN TORONTO, ONTARIO REQUIRES SUITABLE CANDIDATE FOR THE FOLLOWING POSITION:

FIELD SALES REP/MANAGER - MARKETING:
LOCATION: TORONTO

REQUIREMENTS :

1. Minimum 2 to 3 yrsexperience in food/grocery outbound sales or marketing.
2. Must have a car
3. Must have a Valid "G" provincial driving license
4. Travelling required with in the province and outside based on needs
5. Must speak English and Hindi,Punjabi&Gujarati are preferred.
6. Salary @ $18-$20 per hour based on experience + target based sales commission
7. Full time position (35 to 40 hours)
8. New immigrants with marketing experience are also welcome.

Responsibilities :

- Primarily your focus should be on the sale of products and services to probable customers within a specific region.
- Focus should be to increase the sales of the company
- Must collect payments on time from customers for the outstanding invoices
- Must be able to do small deliveries and invoicing to customers for any urgent orders.
- Plan strategies, campaigns and offers to boost the sales during festivals and peak seasons.

Fax Resume To: 647-351-7157
Email Resume To:recruit.wholesale@gmail.com

Call Siva@416-666-8525 or Ram@647-831-9149



Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week



Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:

1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services

All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control

Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets

Free Estimates & Written Guarantee

First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking

Special Service For Bedbug Control

www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)

Call: Ramesh Kanani 416-837-1820



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# પાલિતાણામાં ચાર હજાર યાત્રિકોએ છ ગાઉની યાત્રા કરી પુણ્યનું ભાથુ બાંધ્યું

- ૪૦૦થી વધુ ધર્મશાળાઓના રૂમો ખાલી રહ્યા, એકપણ પાલ ઉભા કરાયા ન હતા



ભાવનગર : પવિત્ર યાત્રાધામ પાલિતાણામાં જય જય આદિનાથના ગગનભેદી જયઘોષ સાથે શુક્રવારે ફાગણ સુદ તેરસની યાત્રા યોજાઈ હતી. આ પ્રસંગે ૪૦૦૦ યાત્રિકોએ ભાવ અને ભકિતમય માહોલમાં યાત્રા કરી પુણ્યનું ભાથુ બાંધ્યુ હતુ.

તીર્થનગરી પાલિતાણા ખાતે શુક્રવારે ફાગણ સુદ-૧૩ ના દિવસે પરંપરાગત રીતે છ ગાઉની યાત્રા યોજાતી હોય છે. જેમાં વહેલી સવારથી જય જય આદિનાથના જયઘોષ સાથે યાત્રિકોએ આરંભ કર્યો હતો. જેમાં ૨૦૦ થી વધુ સાધુ,સાધ્વીજી ભગવંતો તેમજ ૪૦૦ યાત્રિકો પૈકી ૧૫૦૦ યાત્રિકોએ છ ગાઉની યાત્રા કરી હતી અને સાધુ,સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ કરી હતી. ઈતિહાસમાં સર્વ પ્રથમ વખત આ વર્ષે પાંચ હજાર કરતા ઓછા યાત્રિકો ફાગણ સુદ તેરસના મહિમાવંતા અવસરે પાલિતાણામાં હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે, તીર્થનગરી પાલિતાણામાં ફાગણ સુદ તેરસના મહાપર્વે અંદાજે ૫૦,૦૦૦ કરતા પણ વધુ યાત્રિકો ભાવભેર ઉમટતા હોય છે. જયારે આ વર્ષે યાત્રા મોકૂફ રખાઈ હોય જેથી તદ્દન નહિવત યાત્રિકો આવ્યા હતા. સિધ્ધવડ ખાતે સાકરપાણી, ઉકાળેલ પાણી અને સાદા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. કોઈપણ

# કૌટુંબિક કાકાએ તાબે થવા ધમકી આપતાં ભત્રીજા વહુની આત્મહત્યા

ભાવનગર : કૌટુંબિક કાકાએ ભત્રીજા વહુને બાથ ભીડી તેને તાબે થવાની ધમકી આપી અન્યથા તેના પતિ અને બાળકોને મારી નાંખવાની ધમકી આપતાં કંટાળેલી પરિણીતાએ ઝેરી દવા પી આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી છે. ઘોઘા પંથકમાં રહેતાં ધનજી નામના શખસના ખેતરમાં તેમના જ કૌટુંબિક ભત્રીજાએ ભાગીયું ખેતર રાખ્યું હતું. જેમાં પતિ-પત્ની ત્યાં રહી કામ કરતા હતા. તેવામાં અંદાજે દોઢ માસ પૂર્વે પતિની ગેરહાજરીમાં ખેતરમાલિક કાકાએ આવી કૌટુંબિક ભત્રીજા વહુને પાછળથી ભાથ ભીડી લીધી હતી. જો કે તેવામાં પતિ આવી જતાં તે ચાલ્યો ગયો હતો.

બાદમાં બન્ને પક્ષે ઘરમેળે સમાધાન થઈ ગયું હતું. જો કે, બાદમાં હોળી-ધૂળેટી પહેલાં પતિ હાજર ન હોય ત્યારે, કૌટુંબિક કાકા અવાર નવાર આવી કૌટુંબિક ભત્રીજા વહુને હેરાન કરી તાબે ન થાય તો પતિ અને સંતાનોને માર નાંખવાની ધમકી આપતો હોવાથી કંટાળી ડરના કારણે ગત તા.૨૬ના રોજ પરિણીતા તેમના દિકરાને લઈ પિયર ચાલી ગઇ હતી. જયાં તેણીએ કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લેતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાઇ હતી. જયાં સારવારમાં પરિણીતાનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે ઘોઘા પોલીસે પતિની ફરિયાદ લઈ કૌટુંબિક કાકા વિરૂદ્ધ ફરિયાદ નોંધી છે.

# ઉના બંદરે મળી ૪૦૦ કિલોની જમ્બો 'કારજ' માછલી મળી આવી, ક્રેઈન વડે ઉંચકવી પડી

ઉના : ગુજરાતના દરિયામાં આમ તો મોટી માછલીઓને પ્રમાણ નહીવત રહ્યું છે. પરંતુ કેટલીકવાર કોઈક કારણોસર મોટી માછલી જાળમાં ફસાઈ જાય કે કિનારે આવી જતી હોય છે. ઉનાના નવાબંદરે એક ફિશીંગ બોટે પાથરેલી જાળમાં કારજ નામની મહાકાય માછલી ફસાઈ ગઈ હતી. ૪૦૦ કીલોથી વધુ વજન ધરાવતી આ માછલી જાળ ફસાયા બાદ માછીમારોને તે અંગે જાણ થઈ હતી. તેથી નવાબંદર તરફ બોટને કિનારે લાવવા મથામણ શરૂ કરાઈ હતી. જો કે, માછલીનું વજન વધુ હોવાથી તેમાં મુશ્કેલી પડી હતી. હાલ ૧૦ ફુટથી પણ વધુ લંબાઈ ધરાવતી માછલી જાળમાં ફશાઈ હતી. જેનું વજન અંદાજે ૪૦૦ કિલોગ્રામ હોવું જોઈએ. સામાન્ય સંજોગોમાં આટલી મોટી મહાકાય માછલી જોવા મળતી નથી. માછલી પકડાતા બોટ માલિકો અને માછીમારોમાં ખુશી ફેલાઈ હતી.

# સુરેન્દ્રનગરમાં પુત્રીની હત્યા કરવા મામલે માતા-પ્રેમીને ફાંસીની સજા

- છોકરીને બહાર મોક્લીને મહિલા પ્રેમીને ઘરમાં બોલાવતી હતી, પુત્રી ઘેર આવી ત્યારે બંનેને કઢંગી હાલતમાં જોયા

સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગર જિલ્લાના પાટડીનાં ઘામા ગામે પ્રેમી સાથે મળીને સગી દીકરીને મોતને ઘાટ ઊતારી દીધી હતી. જેમાં પ્રેમી સાથે મળીને સગી માતાએ દીકરીને પ્રેમી સાથે મળીને કરપીણ હત્યા કરી નાખી હતી. આ કલંકિત ઘટનાનો કેસ ધ્રાંગધ્રા કોર્ટમાં ચાલી જતાં બન્ને પ્રેમીઓને કોર્ટે ફાંસી ની સજા ફરમાવી હતી. આ કેસમાં એડી જજ રાજપુરોહિત સાહેબની ધ્રાંગધ્રાની કોર્ટમાં કેસ ચાલી જતા મહત્વનો ચુકાદો સંભળાવવામાં આવ્યો હતો ૨૦૧૮નો કેસ ચાલી રહ્યો હતો. જેનો ધાંગધ્રા કોર્ટમાં ૧૪૫ પાનાનું જજમેન્ટ કોર્ટ દ્વારા આપવામાં આવ્યું હતું જેમાં ફાંસીનું જજમેન્ટ સંભળાવી આ અંગે આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૮માં આ દર્દનાક ઘટના બની હતી. ઘટનાની વાત કરીએ તો ૪૦ વર્ષીય મહિલા કંકુબેન ખોડાભાઈ ઠાકોરે પોતાના પ્રેમીએ ૩૬ વર્ષીય ઉમંગ લલિત ઠક્કર સાથે મળીને ૧૭ વર્ષીય સોનલ ઠાકોરની હત્યા કરી હતી.

# પાલિતાણા યાર્ડની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત તમામ ૧૬ ઉમેદવારો વિજેતા જાહેર

પાલિતાણા : પાલિતાણા માર્કેટયાર્ડમાં યોજાયેલી ચૂંટણીમા ભાજપા પ્રેરિત સહકાર પેનલનો વિજય થયો હતો. તમામ ૧૬ ઉમેદવારો વિજેતા બન્યા હતા. ચેરમેન નાનુ વાઘાણી અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રવીણ રાઠોડની આગેવાનીમાં લડતી પેનલનો કરુણ રકાસ થયો હતો. અને એક પણ સીટ મળી ન હતી. ખેડૂત પેનલમાંથી નાગજી વાઘાણીને ૪૦૩ મત, વેપારી પેનલમાંથી હરદેવસિંહ ગોહિલને ૧૪૯ મત, ખરીદ વેચાણ વિભાગમાં વાસુદેવસિંહ સરવૈયાને ૯૪ મત મળ્યા હતા. ભાજપ પેનલમા નાગજી વાઘાણી, ઘનશ્યામ શિહોરા, ભગીરથ સરવૈયા, ગોપાલ વાઘેલા, કપિલ લાઠીયા, લાલજી નારોલા, મથુર ચૌહાણ, દેવજી ખેર, નાનજી ખસિયા, મધુ કામળિયા, વિજય ગોટી, વાસુદેવસિંહ સરવૈયા, વી. પી. સુતરીયા, હરદેવસિંહ ગોહિલ, ઘનશ્યામમલ ગંભાણી, શંભુ તલરેજા વિજેતા બન્યા હતા.

# બોટાદના ઢસામાં પોલીસ અને લોકટોળા વચ્ચે ઘર્ષણ : ટીયરગેસના સેલ છોડાયા

- એસપી સહિત જિલ્લાભરનો પોલીસ કાફલો ઘટના સ્થળ પર : બે હજારથી વધુ લોકોએ પોલીસ મથકનો ઘેરાવ કર્યો

ગઢડા : બોટાદ જિલ્લાના ઢસા ચાર રસ્તા પાસે કેબીન સામે પોલીસ કર્મચારીએ કાર પાર્ક કરતા વેપારી અને પોલીસ વચ્ચે ચકમક જર્યા બાદ વેપારીની પોલીસે અટક કરતા ૨૦૦૦ થી વધુ લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને પોલીસ મથકનો ઘેરાવ કર્યો હતો જેને લઈ ટોળાને વિખેરવા પોલીસે ત્રણ રાઉન્ડ ટીયરગેસના છોડયા હતાં. જેમાં ત્રણ વ્યક્તિને ઈજા પહોંચતા સારવારમાં ખસેડવામાં આવી હતી.

બોટાદ જિલ્લાના ઢસા ગામે ચાર રસ્તા પાસે આવેલ નરેશભાઈ અમરશીભાઈ ગોલેતરના પાનના ગલ્લાની સામે પોલીસ કર્મચારીએ કાર પાર્ક કરી નાસ્તો કરવા જઈ રહ્યા હતા તે વેળાએ વેપારીએ ગાડી અહીં કેમ ઉભી રાખેલ છે તેમ કહી કાર હટાવવાનું કહેતા સિવીલ ડ્રેસમાં રહેલ પોલીસ સ્ટાફ સાથે વેપારીને ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી થતા મામલો બિચક્યો હતો. કાર લેવાની બાબતમાં બોલાચાલી થતા વેપારીની અટકાયત કર્યાની વાત વાયુવેગે પ્રસરી ઉઠતા ઢસા પંથકમાંથી મોટી સંખ્યામાં સમાજના લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને ઢસા પોલીસ મથકને બે હજારથી વધુ લોકોએ ઘેરાવ કર્યો હતો. ટોળાને વિખેરવા પોલીસે ટીયરગેસના ત્રણ રાઉન્ડ છોડતા ભાગદોડ મચવા પામી હતી જેમાં એક વ્યક્તિને આંખના ભાગે ગંભીર ઈજા પહોંચતા ભાવનગર રિફર કરાયા હતાં. જ્યારે અન્ય બે વ્યક્તિને ઈજા પહોંચવા પામી હતી.

# ફ્રાન્સથી આવેલા ત્રણ 3 રાફેલે જામનગરમાં ઉતરાણ કર્યું

જામનગર : આજે વહેલી સવારે વધુ ત્રણ ૩ રાફેલ વિમાન ફ્રાન્સથી ઉડાન ભરીને ગુજરાતમાં લેન્ડ થયા છે. લડાકુ વિમાનોની ચોથી ફોજમાં ત્રણ રાફેલ ભારતમાં મળ્યાં છે. ફ્રાન્સના એસ્તરેસ એરબેઝ પરથી નોન-સ્ટોપ ઉડાન ભરીને જામનગર એરપોર્ટ પર ત્રણેય રાફેલ આવી પહોંચ્યા છે. આ વચ્ચે યુએઈ એરફોર્સમાં રાફેલ ઈંધણ ભરવા રોકાયા હતા. ત્યારે ભારત પાસે હવે રાફેલ લડાકુ વિમાનોની ફોજ થઈ ગઈ છે. વધુ રાફેલ એપ્રિલ અને મે મહિનામાં ફેરી કરવામાં આવે તેવી સંભાવના છે. કરાર મુજબ, ૩૬ રાફેલ જેટમાંથી ૧૪ વિમાન ભારત પહોંચાડવામાં આવ્યા છે.

# પાકિસ્તાનની જેલમાં બંધ ગીર સોમનાથના માછીમારનું મોત

ઉના: ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના નાનાવાડા ગામના માછીમારનું પાકિસ્તાનની જેલમાં મોત નીપજ્યું હોવાના સમાચારના પગલે તેના પરિવાર અને માછીમાર સમાજમાં શોકની લાગણી પ્રસરી છે. આ માછીમાર વર્ષ ૨૦૧૯થી પાકિસ્તાની જેલમાં બંદીવાન હતો અને ત્રણેક દિવસ પૂર્વે થયેલી બીમારીથી મોત થયાની વિગતો સામે આવી રહી છે. પાકિસ્તાન જેલમાં મોટી સંખ્યમાં માછીમારો બંદીવાન છે, ત્યાંની જેલમાં અનેક યાતનાઓ ભારતીય માછીમારો ભોગવી રહ્યા છે. દરમિયાન ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના નાનાવાડા ગામનો ભારતીય માછીમાર રમેશ તાભા સોચાનું ત્રણ દિવસ પહેલા તા. ૨૬મી માર્ચનાં રોજ મૃત્યુ થયુ હતુ. આ માછીમાર પોરબંદરની સાગર જયપુર મસાણીની સાધના નામની બોટમાં ગત તા. ૦૫/૦૫/૨૦૧૯ ના રોજ ફિશીંગ અર્થે ગયો હતો. જ્યારે આ બોટ પાકિસ્તાન મરીન અજેનસીએ જળસીમાએ પકડી હતી, ત્યારથી આ માછીમાર પાકિસ્તાનની જેલમાં બંદીવાન હતો.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-3
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૨.૦૦ PM થી ૬.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો WE ARE RE-OPENING
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-બુધ : ૨.૦૦ PM થી ૬.૦૦ PM
ગુરૂ-શુક્ર : વીક ઓફ
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર : ૧૧.૦૦ AM થી ૫.૦૦ PM
શનિ-રવિ : વીક ઓફ

૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com

## દિગ્ગજ અભિનેત્રી કિરણ ખેરને છે બ્લડ કેન્સર



નવી દિલ્હીઃ દિગ્ગજ અભિનેત્રી કિરણ ખેર મલ્ટીપલ માઈલોમા, જે એક પ્રકારનું બ્લડ કેન્સર છે તેનાથી પીડાઈ રહ્યા છે. જાણવા મળ્યા મુજબ હાલ મુંબઈ ખાતે તેમની સારવાર ચાલી રહી છે. ૧૧ નવેમ્બરના રોજ કિરણ ખેરના ડાબા હાથે ફ્રેક્ચર થયું હતું અને ચંદીગઢમાં સારવાર દરમિયાન તેમને મલ્ટીપલ માઈલોમા હોવાની જાણ થઈ હતી. ત્યાર બાદ ૪ ડિસેમ્બરના રોજ તેઓ સારવાર માટે મુંબઈ જતા રહ્યા હતા. મુંબઈ તેમને સપ્તાહમાં એક રાત હોસ્પિટલમાં વિતાવવી પડે છે. ઉપરાંત સતત તપાસ માટે હોસ્પિટલ જવું પડે છે. આ બીમારી તેમના ડાબા હાથથી જમણા ખભા સુધી ફેલાઈ ગઈ હતી. ડિસેમ્બરમાં તેમને મુબંઈ એરલિફ્ટ કરાયા ત્યારથી તેમની સારવાર ચાલુ છે. કિરણ ખેર મુંબઈની કોકિલાબેન હોસ્પિટલમાં દાખલ નથી થયા પરંતુ તેમને દરરોજ ટ્રીટમેન્ટ માટે હોસ્પિટલ જવું પડે છે.

# હું પરિજનો માટે ફક્ત પૈસા છાપવાનું મશીન હતીઃ રિમિ સેન



લાંબા સમયથી મોટા પડદાથી દૂર રહેલી બોલીવુડ અભિનેત્રી રિમિ સેન આજકાલ પોતાના અંગત જીવનને લઈને ચર્ચામાં છે. તાજેતરમાં જ તેણે તેની કારકિર્દીને લગતા ઘણા મોટા ખુલાસા કર્યા છે. રિમિ સેને તેની કારકિર્દીમાં હંગામા, ગોલમાલ, ધૂમ, ફિર હેરા ફેરી, જોની ગદ્દર જેવી ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેણે જણાવ્યું હતું કે, જ્યારે તે ખૂબ જ નાની હતી ત્યારે તેણે ઘરમાં આર્થિક સંકડામણના કારણે કામ કરવાનું શરૂ કર્યું હતું. તેમ કહ્યું કે, તે હંમેશાં પરિવાર માટે નોટો છાપવાનું મશીન રહી છે. રિમિએ ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, તે સમજી વિચારીને આ લાઈનમાં આવી નથી.પરંતુ તેના ઘરના સંજોગોએ તેને કામ કરવા દબાણ કર્યું. તેણે કહ્યું કે, જ્યારે બાળકો રમતગમતની ઉંમરે હોય છે ત્યારે હું પરિવાર માટે નોટ છાપવાની મશીન હતી. મેં મારા જીવનમાં ખૂબ જ સંઘર્ષ કર્યો હતો.જે જીવનમાં હું સરળતાથી જીવી શકું ત્યાં સુધી મેં તેને સખત મહેનત કરી છે. ફિલ્મોમાં કમબેક કરવાની બાબતે રિમિએ કહ્યું કે, હું આ કામથી ૧૦ વર્ષથી દૂર રહી છું અને મને એ કહેતાં આનંદ થશે કે, હું મેકઅપની કરીને પાપારાઝી સાથે ફોટોગ્રાફ ક્લિક કરવાને બદલે કેમેરાની પાછળ કામ કરવાનું પસંદ કરું છું. હવે તેણે કહ્યું કે, મેં બુધિયા સિંહ, બોર્ન ટૂ વિન ફિલ્મ બનાવી છે. જેને રાષ્ટ્રીય એવોર્ડ પણ મળ્યો. હમણાં હું ઘણા વધુ પ્રોજેક્ટ્સ પર કામ કરી રહી છું.

## સુપરસ્ટાર રજનીકાંતને મળશે દાદા સાહેબ ફાળકે એવોર્ડ



નવી દિલ્હીઃ સાઉથ સિનેમાના દિગ્ગજ અભિનેતા રજનીકાંતને ૫૧મા દાદા સાહેબ ફાળકે પુરસ્કાર વડે સન્માનિત કરવામાં આવશે. કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે ગુરૂવારે આ અંગેની જાહેરાત કરી હતી. કોરોના વાયરસના કારણે આ વખતે પણ તમામ પુરસ્કારની જાહેરાત મોડી થઈ છે. તાજેતરમાં જ નેશનલ એવોર્ડની પણ જાહેરાત થઈ હતી. જ્યારે દાદા સાહેબ ફાળકે એવોર્ડને ભારતીય સિનેમાનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ માનવામાં આવે છે. પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, 'અમને આનંદ થાય છે કે, દેશના તમામ ભાગોમાંથી ફિલ્મકાર, અભિનેતા, અભિનેત્રી, ગાયક, સંગીતકાર તમામ લોકોને સમય સમય પર દાદા સાહેબ ફાળકે એવોર્ડ મળ્યો છે. આજે આ વર્ષનો દાદા સાહેબ ફાળકે એવોર્ડ મહાન નાયક રજનીકાંતને આપવાની જાહેરાત કરતી વખતે ખુશી થઈ રહી છે.












હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## હવા, પાણી કે જમીનને બદલે અવકાશમાં સેટેલાઈટ થકી શક્તિશાળી બનવાની કવાયત

# હવે પછીનો યુદ્ધ મોરચો મંડાશે અવકાશમાં

**ઓફબીટ**
ધવલ શુક્લ

દુનિયામાં શક્તિશાળી બનવાની હરોળમાં હવે કેટલાય દેશોએ ઝંપલાવ્યું છે. જો કે, આ વખતે જમીન પર નહીં, પરંતુ આકાશમાં શક્તિ દેખાડવાની હોડ જામી છે. અમેરિકાની સ્પેશ સંસ્થા નાસા ઘણાં વર્ષોથી અવકાશમાં સંશોધન કરી છે. તે પછી ચીન, જાપાન, ભારત, રશિયા જેવા દેશો પણ આ ક્ષેત્રમાં સતત સંશોધન કરીને શક્તિશાળી બનવા મથામણ કરતા રહ્યા છે. તમને જાણીને કદાચ નવાઈ લાગશે પણ ચંદ્ર, મંગળ સહિતના ગ્રહો પર સેટેલાઈટ- યાન મોકલવાને નામે પણ આ સ્પર્ધા ચાલી રહી છે.

આવનારા ભવિષ્યમાં અમેરિકા અને ચાઈનાએ એકબીજાનાં સેટેલાઈટ તોડી પાડ્યાં છે અને આખી દુનિયા અત્યારે અટકી પડી છે તેવા સમાચારો તમારા ઘરે અખબારમાં આવે તે ટીવી પર ન્યુઝ ચેનલોમાં દેખાઈ તો નવાઈ પામવી નહીં. આવુ બનશે ત્યારે એક પણ જાનહાનિ નહીં થાય છતાં દુનિયાના કેટલાક દેશ થંભી જશે. આવુ ગમે તે સમયે થવાની સંભાવના છે. ત્રીજા વિશ્ર્વયુદ્ધનો ખતરો એટલા માટે ટળ્યો છે કે મહાસત્તાઓ વચ્ચેનાં યુદ્ધ હવે અવકાશમાં થવાના સંકેતો છે.

આ વાતની ગંભીરતાની પુષ્ટિ કરતા એક તાજા સમાચાર વિશે ચર્ચા કરવા જેવી છે. ફ્રાન્સની અવકાશ સંસ્થાનું નામ છે ફ્રેન્ચ સ્પેસ કમાન્ડ. જેનું ફ્રેંચ ભાષામાં રૂપાંતર કરતાં તે સીડીઈ એમ ટૂંકાક્ષરી ફોર્મમાં ઓળખાય છે. આ સંસ્થાની સ્થાપના ૨૦૧૯માં થઈ હતી. અત્યારે ફ્રાન્સે અમેરિકા અને યુરોપિયન યુનિયનની સાથે મળીને અવકાશમાં ફ્રેંચ મિલિટરી એક્સરસાઈઝ ચાલુ કરી છે. જેમાં પોતાના ઉપગ્રહને અવકાશી એટેકથી કઈ રીતે રક્ષણ આપવું, અજાણ્યા કે દુશ્મન ઉપગ્રહ ઉપર કઈ રીતે એટેક કરવો તેની તાલીમ ચાલુ છે.

આવું શક્તિ પ્રદર્શન કરવાનું કારણ શું ? તેવો સવાલ થવો પણ સહજ છે. ૨૦૧૭માં એવું થયું હતું કે, એથેના ફીદુસ નામના એક ફ્રેન્કો-ઈટાલિયન સેટેલાઈટનો પીછો રશિયન 'સ્પાય સેટેલાઈટે' કર્યો હતો. રશિયા કે, ચાઈનાના જાસૂસી ઉપગ્રહો કે, પછી આક્રમણશક્તિ ધરાવતા ઉપગ્રહો કટોકટીની સ્થિતિમાં યુરોપિયન યુનિયનના કોઈ ઉપગ્રહને નુકસાન પહોંચાડે તો બહુ નુકસાન થાય. તેથી દુશ્મન દેશો ભવિષ્યમાં કંઈ પણ અવિચારી પગલું ભરવાનું વિચારે તો તેમને અવકાશમાં થયેલી આ મિલિટરી ડ્રિલ યાદ રહે. ફ્રાન્સની સરકાર અવકાશ યુદ્ધ માટે જોરશોરથી તૈયારી કરી રહી છે. ૨૦૨૩માં યોદા નામનો કોઈ ઉપગ્રહ તે લોન્ચ કરશે જે પૃથ્વીની પ્રદક્ષિણા કરશે. આ સેટેલાઈટ મશીનગન કે લેઝર પાવર કે બીજાં શસ્ત્રોથી પણ સજ્જ હશે. કોઈ પણ ઉપગ્રહને બરબાદ કરી શકવાની ક્ષમતા તેનામાં હશે. દુનિયાના કેટલાક દેશો સ્પેસ વોરની તૈયારી કરી રહ્યા છે. આ દેશોમાં ભારતનું નામ પણ સામેલ છે.

૨૦૧૯માં ભારતે એએસએટી મિસાઈલ બનાવેલું. 'મિશન શકિત'ના નામે ઓળખાયેલો તે પ્રોજેક્ટ ગ્રાઉન્ડ-ટુ-સ્પેસ એટેક મિસાઈલના પરીક્ષણ માટે જ હતો. દુનિયાના બહું જૂજ દેશો પાસે આ ટેકનોલોજી છે. સંભવિત સ્પેસ વોર માટે તૈયારી કરી શકવાના હેતુસહ ભારતે હમણાં ડિફેન્સ સ્પેસ એજન્સી નામની સરકારી સંસ્થાની સ્થાપના પણ કરી છે. જોકે આ બાબતે ફ્રાન્સ વધુ એગ્રેસિવ જણાય છે. તેની આ એસ્ટર-એક્સના નામે ઓળખાયેલી સ્પેસ મિલિટરી એક્સરસાઈઝ ચાર દિવસ ચાલી હતી. ૨૦૨૩ સુધીમાં ફ્રાન્સની સંસ્થામાં પાંચસો જેટલા 'સ્પેસ વોરિયર્સ' શામેલ હશે તેવો અંદાજો છે. જો આમ થશે તો અવકાશનું ચિત્ર બિહામણું થતું જશે. અને સ્પેસ વોરનાં મૂળિયાં નાંખી દેશે તેમ કહેવામાં અતિશોયક્તિ નહીં હોય.

બીજું વિશ્ર્વયુદ્ધ પૂરું થયું અને અમેરિકા તથા રશિયા વચ્ચે શીતયુદ્ધ ચાલુ થયું. જેમ પાકિસ્તાનમાં ચૂંટણી જીતવા માટે દરેક શાસક ચૂંટણી ટાણે આઝાદ કાશ્મીરનો મુદ્દો ઉઠાવે એવી જ રીતે અમેરિકા અને રશિયાના સત્તાધીશો પ્રજાને શબ્દશઃ હથેળીમાં ચાંદ બતાવતા હતા. બંને દેશો વચ્ચે અવકાશ સર કરવાની હોડ લાગી હતી. એમાં રશિયાએ ૧૯૫૭માં પહેલો કૃત્રિમ ઉપગ્રહ 'સ્પુતનિક' અવકાશમાં ચડાવીને અમેરિકાને નીચાજોણું કરાવ્યું હતું. જેને કારણે અમેરિકાનો અહ્‌મ ઘવાયો હતો અને પછી ચંદ્ર ઉપર પહોંચવાની હોડ લાગી હતી. બંને દેશો સતત સેટેલાઈટ આકાશમાં ચડાવતા રહેતા હતા. ૧૯૬૭માં અમેરિકાએ એવો પ્રસ્તાવ મૂકયો હતો કે અવકાશનો ઉપયોગ રચનાત્મક અને શાંતિપૂર્વકનાં કામો માટે થવો જોઈએ. જો કે, અમેરિકાના આ પ્રસ્તાવને રશિયાએ તરત જ નકાર્યો હતો. રશિયાના નકારનું કારણ સમજી શકાય એમ હતું, કારણ કે તેનાં પાંચ વર્ષ પહેલાં ૧૯૬૨માં અમેરિકાએ જમીનથી ૨૫૦ માઈલની ઊંચાઈએ ૧.૪ મેગાટનનો અણુબોમ્બ ફોડ્યો હતો. તેને કારણે પૃથ્વીને ફરતે ચકરાવો મારતા ત્રીજા ભાગના ઉપગ્રહો નાશ પામ્યા હતા. વધુમાં, વાતાવરણના ઉપલા થરમાં ઝેર ફેલાયું હતું. ટૂંકમાં, ભવિષ્યમાં જો સ્પેસવોર થાય તો કહી શકાય કે તેનાં મૂળિયાં અમેરિકાએ જ રોપ્યાં હતાં.

આપણે બે અવકાશયુગ જોયા છે. પહેલો અવકાશયુગ ૧૯૫૭થી ૧૯૯૦ સુધી ચાલ્યો હતો. જેમાં અમેરિકા અને રશિયા દર બીજા-ત્રીજા મહિને અવકાશમાં પોતાનો સેટેલાઈટ તરતો મૂકતા હતા. અત્યારે અવકાશમાં જેટલા પણ સેટેલાઈટ છે. તેમાના અડધા કરતાં પણ વધુ સેટેલાઈટ એ સમયગાળામાં અવકાશમાં મુકાયા હતા. ૧૯૯૦ના દાયકામાં રશિયાનું વિઘટન થયું અને કોલ્ડવોરનો અંત આવ્યો હતો. ૧૯૯૦ પછી બીજો અવકાશયુગ ચાલુ થયો હતો. હવે સરકારી ઉપગ્રહો ઓછા અને પ્રાઈવેટ કંપનીઓના ઉપગ્રહો આકાશમાં ફરતા થઈ ગયા છે. તેથી જઆપણા ફોન, જીપીએસ, ટેક્સીની એપ, ફૂડ ડિલિવરીની સર્વિસ કે એટીએમ ચાલુ છે. આ બધો પ્રાઈવેટ સેટેલાઈટનો પ્રતાપ છે. હવે ધીમે ધીમે પરિસ્થિતિ એવી ઊભી થઈ કે, દુનિયાની લગભગ દરેક વ્યક્તિની જિંદગી ઈન્ટરનેટ ઉપર આધારિત થઈ ગઈ છે. ઈન્ટરનેટ ઉપગ્રહો ઉપર આધારિત છે. તેથી કોઈ પણ દેશને અધમૂઓ કરવો હોય તો તેના એક પણ નાગરિકને માર્યા વિના તેના સેટેલાઈટ ઉડાડી દેવાથી એ લક્ષ્ય સિદ્ધ કરી શકાશે.

તેને કારણે જ હવે મોટા દેશોનો લશ્કરી ડોળો બીજા દેશોના સેટેલાઈટ પર મંડાયો છે. સ્પેસવોર ગમે ત્યારે ફાટી નીકળે તે સંભવિત છે. જો તેવું થાય તો દુનિયાના કેટલાય દેશોમાં મોટી અરાજકતા ઉભી થશે. સામાન્ય માણસની સગવડતા ભરી જિંદગી અઘરી થઈ જશે. હવે સવાલ ઉઠે છે કે, આવતી કાલે અવકાશી યુદ્ધ ફાટી નીકળે તો શું અમેરિકા તેના માટે તૈયાર છે ખરું ? તેના જવાબ મેળવવા પ્રયાસ કરીએ તો અમેરિકાની જ સરંક્ષણ સંસ્થા પેન્ટાગોન સ્પષ્ટ કહે છે કે અમેરિકા તૈયાર નથી, કારણ કે અમેરિકા અત્યારે સેટેલાઈટ ઉપર ખૂબ આધાર રાખતું થઈ ગયું છે. અમેરિકન સૈન્યનો આખા જગતમાં પથારો હોય છે. ૨૦૦૧માં તેણે ઈરાકમાં લશ્કર ઉતાર્યુ હતું ત્યારે તે લશ્કર પણ જીપીએસ સિગ્નલના સહારે જ ગંતવ્યસ્થાને પહોંચેલું.

તેના સિગ્નલ સદામ હુસેનના તરફદારોએ જામ કરી નાખ્યા હતા. ડ્રોન વિમાન હોય કે ફાઈટર જેટ હોય, અમેરિકા પોતાના ઉપગ્રહો ઉપર જ આધાર રાખે છે. અમેરિકન લશ્કરી હિલચાલની કોઈ પણ એક્ટિવિટીનો આધાર સેટેલાઈટમાંથી મળતા સિગ્નલ ઉપર હોય છે.



**અત્યારે ફ્રાન્સે અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે મળીને અવકાશમાં ફ્રેંચ મિલિટરી એક્સરસાઈઝ ચાલુ કરી છે, જેમાં પોતાના ઉપગ્રહને અવકાશી એટેકથી કઈ રીતે રક્ષણ આપવું અને અજાણ્યા કે દુશ્મન ઉપગ્રહ ઉપર કઈ રીતે એટેક કરવો તેની તાલીમ અપાઈ રહી છે**

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

iccrc crcic

# CANADA IMMIGRATION

## Specialized in :

**Entrepreneur/Investor Business/ Self Employed/Farm Owner**



**AMI MEHTA**
IMMIGRATION PRACTIONER

- **LMIA/WORK PERMIT**
- EXPRESS ENTRY
- CANADIAN EXPERIENCE CLASS
- FEDERAL SKILLED WORKER/SKILLED TRADE
- SUPER VISA & VISITOR VISA
- STUDY & WORK PERMIT
- Work / Study /Visitor Permit Extension
- PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
- REFUGEES/APPEALS
- DETENTION REVIEWS
- CRIMINAL PARDONS
- POST GRADUATION WORK PERMIT
- CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS

BUSINESS IMMIGRATION TO CANADA REQUIRES 3 CR NET WORTH/ 1.5 CR INVESTMENT/ BUSINESS OWNERSHIP/ MANAGEMENT EXP

REJECTED CASES WELCOME

ONLINE IELTS
SPOKEN ENGLISH
CLASSES ON ZOOM

**SUPER VISA INSURANCE / TRAVEL INSURANCE / PR 90 DAYS INSURANCE**

94- 499 MAIN STREET SOUTH, SHOPPERS WORLD MALL, BRAMPTON, ONT
416-745-2466
905-230-7855

2/A WAGHESHWARI SOC, VADODARA GUJARAT INDIA
91-9428973911
91-9512157817

Email.: info@siis.ca
Website.: www.siis.ca

# એ તો મારી જિંદગીનો મહેમાન છે

આજે એને મેં ઘેર બોલાવ્યો છે.

નિમંત્રણ તો જમવા માટેનું છે પણ સાચી વાત બીજી કાંઈક છે. સવારથી જ મેં વિચારી રાખ્યું હતું કે, આજે એમને બોલાવી જ લઉં. કેટકેટલા દિવસથી હું આજના દિવસની રાહ જોતી હતી!

કમ્બખ્ત આ ઘડિયાળ પણ મારું દુશ્મન છે. જરૂર ના હોય ત્યારે ઝડપથી ચાલે ને આજે તો એના પગ જ ભાંગી ગયા છે જાણે!

હજુ તો સાત જ વાગ્યા છે.

એ આઠ વાગે આવવાના છે.

ખેર! તમને થશે કે આ સુધા બબડ્યે જ જાય છે પણ કશું નામ પાડીને કહેતી નથી કે, 'એ' તારા શું થાય?

'એ' મારો કાંઈ જ નથી.

પણ જુઓ હું પકડાઈ ગઈ. ભાવાવેશમાં મેં એને એકવચનમાં સંબોધ્યો.

તમે સમજી તો જશો કે અમે એકબીજાના કેટલાં આત્મીય છીએ. સમીપે છીએ, પણ સગપણનું નામ પાડી શકાય તેમ નથી. તમે લોકોએ એ સંબંધને માન્ય કર્યો નથી અને એની સામે મારી ફરિયાદ નથી પણ હું તમને એટલું કહું કે, અમે ભાઈ-બહેન નથી એ જ રીતે પતિ-પત્ની પણ નથી.

હું એક સ્ત્રી છું.

એ એક પુરુષ છે.

— બસ એટલું જ.

હા, એટલું જરૂર કહી શકાય કે કૉલેજના સમયે સિનેમાથિયેટરમાં જતાં કે કોઈ ઝાડની આડશમાં ગુસપુસ કરતાં. તરુણવયનાં અમે રોમૅન્ટિક યુગલ પણ નથી. જીવનના કેટલાક તબક્કા એણે જોયા છે, મેં પણ જોયા છે. બાલિશ કોઈ જ નથી.

એક દિવસ એને મેં જોયો... મને ગમ્યો.

એનું પણ એવું જ છે.

પરિચય પરિણયમાં પરિણમ્યો.

આજે અમે એકબીજાની નજીક આવ્યાં છીએ.

આ એક અમારું અફેર છે.

અલબત્ત, હું નહોતી ઈચ્છતી કે હવે આ ઉંમરે કોઈ બીજો પુરુષ મારા જીવનમાં આવે. મારે કોઈ વાતે ખોટ નથી, છતાં એનામાં એવું તે શું છે કે, મને એણે આમ લપસાવી દીધી. હું ઘણીવાર રાતોની રાતો વિચારતી જ રહું છું

પણ કાંઈ જ સમજાતું નથી. તમને કહું એ કેવો છે? સાવ ડફોળ... ઝાઝી ગતાગમ વગરનો. એક દિવસ મને કહે છે કે, સુધા! તારું અપહરણ કરી જાઉં?

કોઈ વાર ફોન કરીને એટલું જ પૂછશે કે, 'સુધા! તેં આજે શું ખાધું?

કેવાં કપડાં પહેર્યાં છે?'

કેટલીક વાર તો સાવ ઘેલાં જ કાઢે છે. દિવસમાં દસ વાર મને ફોન કરે

ને કહે કે, 'બસ.. તું યાદ આવી એટલે ફોન કર્યો.'

કોઈ વાર કહે છે કે, 'સુધા, મારે તારા 'વાઈટલ સ્ટેટિટિક્સ' માપવા છે.'

— એ વાત સાંભળતાં જ હું હચમચી જાઉં છું. મારા તનબદનમાં ધ્રુજારી વ્યાપી જાય છે. મારા હોઠ ફફડી ઊઠે છે, શરીરમાં લ્હાય ઊઠે છે. હું તડપી ઊઠું છું. થાય છે કે, એ અત્યારે જ આવે અને મારી કંપારીને શાંત કરે. એ આવે તો એનામાં સમાઈ જાઉં. એ મને રોળી નાખે. મારી નાખે. હું ચિત્કારી ઊઠું.

હું રડી પડું અને છતાંયે હું એનાથી અળગી થાઉં જ નહીં. મારા હળવા પડતા દીર્ઘ શ્વાસોશ્વાસની માળા એના ગળે પરોવી દઉં. થાકેલા હાથ એની પીઠમાં વીંટાળી દઉં.

આમ ને આમ રાત વહી જાય.

હું ઊંઘું નહીં ને એને પણ ઊંઘવા દઉં નહીં.

એમ તો મેં કેટલીયે વાર એને કહ્યું છે, 'હું જ આક્રમક છું... હો!'

ત્યારે એ કહેતો : 'એમ!'

અરે! સાડા સાત તો થઈ ગયા, હવે એ ઘેરથી નીકળી જ ગયો હશે.

સમય એ બરાબર પાળે છે. રસોઈ તો સરસ સરસ બનાવી છે એના માટે મેં.

ઘણા વખત પહેલાં એને મેં વચન આપ્યું હતું કે, 'હું તને જમાડીશ.'

ત્યારે એ કહેતો હતો કે, 'હું તો તારા હાથે જમીશ.'

આજે હું એને મારા હાથે જમાડીશ પણ સાલો સાવ નફ્ફટ છે. હું એને જમાડતી હોઈશ ત્યારે એ મારી સામે જોઈ રહેશે અને એ કહેશે : 'સુધા, તું મારી સામે છે




**'સુધા, ચાહતના જુદા જુદા રંગ ને રૂપ હોય છે. મેં તને એક ચોક્કસ દૃષ્ટિથી ચાહી છે, તું મને ગમે છે. ખૂબ ગમે છે. ઘણીવાર થાય છે કે, સદાયે તારી સોડમાં લપાયેલો રહું. કોઈવાર તું રડે છે ત્યારે થાય છે કે તારી આંખનાં આંસુ મારી છાતી પર ટપકતાં હોય અને મારો હાથ તારાં જુલ્ફાંઓમાં પરોવાયેલો હોય.**

ને... બસ, મને તારા સૌંદર્યનું પાન કરવા દે... તારા હોઠમાંથી ઝરતી લાળ ચૂસી લેવા દે... હું ધરાઈ જઈશ.'

— આવું આવું એ બોલશે, એ મને ગમશે.

એક વાર એણે મને ઉદ્‌બોધી હતી : 'વહાલી, મારી સુધા.'

બીજી વાર એણે મને કહ્યું હતું : 'વહેલી આવજે સુધા.'

મેં પૂછ્યું : 'શા માટે?'

એણે ભાવસભર સ્વરે કહ્યું હતું :

'મારે જોવું છે...

તારી આંખોમાં..

મારી આંખોનું પ્રતિબિંબ.'

— અને સાચે જ એના આ લાગણીસભર શબ્દોમાં હું ભીંજાઈ ગઈ હતી.

મેં એની આંખોમાં તાકીને જોયું તો એમાં સાચુકલી આત્મિયતા હતી. નિખાલસ સ્નેહ હતો. થોડા દિવસ માટે મારે એનાથી અળગા રહેવાનું હતું અને તેથી એક પુરુષ જેવા પુરુષની આંખમાં દર્દના ઊભરા હતા.

મને તો ઘણીવાર થાય છે કે, એ મારા જીવનમાં આટલો મોડો કેમ આવ્યો? હું સાવ નોંધારી હોત તો ક્યારનીયે ચાલી નીકળત. દિવસ... રાત...

એક પળ પણ એવી નથી જતી કે એ મને યાદ આવ્યો ન હોય. મારું તો મગજ બગાડી નાખ્યું છે. હર જગાએ એની ઝંખના થાય છે. કોઈ વાર તો એ મને દુશ્મન જેવો લાગે છે.

આ બધાંનો અંત શું?

શું આ પાપ નથી?

હા, સાંપ્રત આચારસંહિતા અનુસાર તો આ પાપ જ છે પણ સાથે સાથે હું પણ માનવી છું. ઈશ્વરની ક્ષમાશીલતા પર મને ભરોસો છે.

મારે એ વિશે ઝાઝું વિચારવું નથી.

સમય થવા આવ્યો છે.

અરીસા સમક્ષ જઈને મને જોઈ લેવા દે કે, હું કેવી લાગું છું! એને આવા સૂકા ને છુટ્ટા વાળ બહુ ગમે છે. આજે હું એને બધા જ રંગે રંગી દેવા માગું છું. કઢેલું કેસરિયું દૂધ પણ મેં તૈયાર રાખ્યું છે.

વળી પાછો કોઈનો ફોન આવ્યો લાગે છે. લોકો રાત્રે પણ જંપતાં નથી.

'હલ્લો...'

'સુધા!' સામે છેડેથી એમનો જ અવાજ સાંભળી મને ધ્રાસ્કો પડ્યો.

મેં મોટેથી કહ્યું : 'અરે... આઠ વાગ્યા છતાં તું હજુ મને ફોન કરે છે.'

એણે વાત ચાલુ રાખી : 'સુધા! મને ખબર હતી કે, તું ગુસ્સે થઈશ પણ હું જે કહું છું તે શાંતિથી સાંભળ.'

'બોલ... શું કહે છે?'

'સુધા, ચાહતના જુદા જુદા રંગ ને રૂપ હોય છે. મેં તને એક ચોક્કસ દૃષ્ટિથી ચાહી છે, તું મને ગમે છે. ખૂબ ગમે છે. ઘણીવાર થાય છે કે, સદાયે તારી સોડમાં લપાયેલો રહું. કોઈવાર તું રડે છે ત્યારે થાય છે કે તારી આંખનાં આંસુ મારી છાતી પર ટપકતાં હોય અને મારો હાથ તારાં જુલ્ફાંઓમાં પરોવાયેલો હોય. તારો મધુર ચહેરો મારા બે હાથના ખોબલામાં હોય ને હું તને સતત નીરખ્યા જ કરું... નીરખ્યા જ કરું... મારી તારા માટેની આ ઝંખનાને મારે ચિરંજીવ રાખવી છે. એકવાર હું તને સંપૂર્ણપણે જોઈ લઈશ, માણી લઈશ તો...

તો... મને બીક છે કે, હું અથવા તું અથવા આપણે બંને ધરાઈ જઈશું. આપણે એવું નથી કરવું.'

થોડીક વાર સુધી વિચારશૂન્ય રહ્યા બાદ મેં ઉગ્રતાથી પૂછી જ નાખ્યું :

'એટલે કે હવે તું નથી આવવાનો એમ જ ને?'

'હવે નહીં — ફક્ત આજે જ નહીં આવું... થોડોક વિલંબ કરીએ...

આપણા સ્રોતને સુકાવા તો નહીં જ દઉં, સુધા.'

'તું બેરહમ છે.'

'મારે મારી સુધા ગુમાવવી નથી, જેવી છે એવી અકબંધ રાખવી છે.

સુવર્ણ જેમ તપે છે એમ વધુ ચમકે છે અને પૂર્ણ રીતે તપ્ત સુવર્ણનાં સુંદર ઘરેણામાં આપણે અલંકૃત બનીએ એ દિવસ માટે રાહ જો સુધા... ગુડ નાઈટ.'

એણે ફોન મૂકી દીધો.

મને લાગે છે કે હું રડી પડીશ. કાલે મળશે ત્યારે એને એક તમાચો જ ફટકારી દઈશ.

ના ના, એવું નહીં કરું. એ તો મારી જિંદગીનો મહેમાન છે. એ આજે ન આવ્યો એમાં મારી કોઈ કચાશ હશે, એને ફરી બોલાવીશ, જરૂર બોલાવીશ, મારે એની શુશ્રૂષા કરવી છે.

હવે મને ઝાઝી વાત ન કરાવશો. મારો સાદ ભીંજાય છે.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

**નોંધ : સ્વદેશ સાપ્તાહિકમાં હવે વાંચો દેવેન્દ્ર પટેલ લિખિત 'ગુજરાતની અસ્મિતા' સાથે સંકળાયેલા રસપ્રદ પ્રકરણ**

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
* NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
* CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
* MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
Call For HONEST ADVICE
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

કથા,હવન,ગાયત્રી યજ્ઞ,
વાસ્તુ પૂજન,ગ્રહશાંતિ,
જીટીએમાં દરેક જગ્યાએ અમો સેવા આપીએ છીએ.
કાલસર્પ યોગ શાંતિ,નક્ષત્ર શાંતિ, વગેરે ધાર્મિક કાર્યો અને લગ્ન, બેબી શાવર, જેવા કાર્યો માટે સંપર્ક કરો.



શશીકાંત ભટ્ટ
૯૦૫ ૪૫૬ ૭૬૨૨
Shashikant Bhatt
Home: 905-456-7622
Cell: 416-258-2750

# રાજ્યમાં કોરોનાનો તરખાટઃ નવા ૨૪૧૦ કેસ, ૯ના મોત

## ૨૪ કલાકમાં અમદાવાદમાં ૬૨૬, વડોદરામાં ૩૬૩, સુરતમાં ૬૧૫ કેસ : ૪૫૪૬૩૮ લોકોનું રસીકરણ કરાયું

અમદાવાદ : ગુજરાતમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે વિકટ થતી જાય છે. રોજ કોરોનાના આંકડા પોતાનો જ રેકોર્ડ તોડી રહ્યા છે. તેવામાં ગુરુવારે ગુજરાતનાં નવા ૨૪૧૦ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૨૦૧૫ લોકો રિકવર થઈને પરત ફરી ચુક્યા છે. આ પ્રકારે કુલ ૨,૯૨,૫૮૪ દર્દીઓ કોરોનામાંથી સાજા થયા છે. જો કે કોરોનાનો ગુજરાતનો રિકવરી રેટ ૯૪.૩૫ ટકાએ પહોંચ્યો છે. જો કે બીજી તરફ સરકારે વેક્સિનેશન બાબતે પણ નવો રેકોર્ડ સ્થાપ્યો છે. ૪,૫૪,૬૩૮ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.



આજથી ૪૫થી વધારે વય ધરાવતા તમામ લોકોનાં રસીકરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ૫૩,૬૮,૦૦૨ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું ૬,૯૭,૬૮૦ વ્યક્તિઓનાં બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું. આ પ્રકારે કુલ ૬૦,૬૮,૬૮૨ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. ૬૦ વર્ષથી વધારે વયના અને ૪૫-૬૦ વર્ષના કુલ ૩,૬૯,૨૬૨ લોકોને પ્રથમ ડોઝનું અને ૨૮,૬૩૫ લોકોને બીજા ડોઝનું રસિકરણ પુર્ણ કરવામાં આવ્યું. જો કે હજી સુધી એક પણ વ્યક્તિને રસીકરણની આડઅસર જોવા મળી નથી.

જો રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો ૧૨૯૯૬ કેસ એક્ટિવ છે જે પૈકી ૧૫૫ લોકો વેન્ટિલેટર પર છે જ્યારે ૧૨૮૪૧ લોકો સ્ટેબલ છે. આ ઉપરાંત ૨,૯૨,૫૮૪ લોકોને ડિસ્ચાર્જ કરી દેવાયા છે. ૪૫૨૮ લોકોનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે. રાજ્યમાં આજે કોરોનાને કારણે કુલ ૯ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી સુરત કોર્પોરેશનમાં ૪, અમદાવાદ કોર્પોરેશનમાં ૩, વડોદરા કોર્પોરેશનમાં ૧ અને ભાવનગરમાં ૧ આ પ્રકારે કુલ ૯ લોકોનાં મોત નિપજ્યાં છે.

### IIMAમાં કોરોનાના ૭૦ કેસ, GTUમાં રજિસ્ટ્રાર સહિત સાત સંક્રમિત

અમદાવાદ : વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા આઈ.આઈ.એમ ખાતેૃથી ગત ૧૨ માર્ચના રોજ છ વિદ્યાૃર્થીઓ ક્રીકેટ મેચ જોવા ગયા હતા.બાદમાં આ છ પૈકી પાંચ વિદ્યાૃર્થીઓ કોરોના પોઝિટિવ આવ્યા હોવાછતાં તેમને પરીક્ષા આપવાની હોવાૃથી તેમણે આ માહીતી છુપાવી હતી.દરમ્યાન મ્યુનિસિપલ કોર્પોરેશનનું હેલૃથ વિભાગ હરકતમાં આવ્યુ હતું. ડેપ્યુટી હેલ્થ ઓફીસરની મળેલી પ્રતિક્રીયા મુજબ,૨૯ માર્ચ સુધીમાં આઈ.આઈ.એમ.ખાતે કોરોના સંક્રમિતોની સંખ્યા ૭૦ ઉપર પહોંચી છે. જીટીયુમાં પણ ૭થી વધુ કોરનાના કેસ નોંધાયા છે. તાજેતરમાં કુલપતિ નવિન શેઠ પોઝિટિવ આવ્યા બાદ તેઓનો રિપોર્ટ નેગેટિવ આવ્યો ગયો છે.પરતુ રજિસ્ટ્રાર સહિતના પદાધિકારીઓ અને કેટલાક પ્રોફેસરોનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે.

### કોરોનાને કારણે એક જ દિવસમાં 3 સરકારી અધિકારીના મૃત્યુ થયા

અમદાવાદ : ગુજરાતમાં એક જ દિવસમાં કોરોનાથી ૩ સરકારી અધિકારીના મૃત્યુ થયા છે. જેમાં ડાયરેક્ટર ઓફ એગ્રિકલ્ચર વિભાગનાં શ્વેતા મહેતા, સચિવાલયના સેક્શન ઓફિસર કિરીટ સક્સેના અને આણંદ કૃષિ યુનિવર્સિટીના ડો. હરેશ એલ.ધડુકનો સમાવેશ થાય છે. આણંદ યુનિવર્સિટીમાં ઔષધિય અને સુગંધિત વનસ્પતિ સંશોધન કેન્દ્રના વિભાગીય વડા ડોક્ટર હરેશ એલ. ધડુક કોરોના સંક્રમણ થતાં છેલ્લા ૧૫ દિવસથી કરમસદની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. મંગળવારે બપોરે તેમના અવસાનથી શિક્ષણજગતમાં શોક વ્યાપી ગયો છે. બીજી તરફ ડાયરેક્ટર ઓફ એગ્રિકલ્ચર વિભાગમાં એકાઉન્ટ ઓફિસર તરીકે ફરજ અદા કરતાં ક્લાસ-૨ અધિકારી શ્વેતા મહેતાનું કોરોનાથી અવસાન થયું છે અને તેમને ૭ માસનો ગર્ભ હતો. તેઓ એમ.એસ. યુનિવર્સિટીમાં અભ્યાસ વખતે ગોરપદું કરતાં હતા .

### આણંદ જિલ્લાના બે ગામડામાં ૧૫ એપ્રિલ સુધી સ્વૈચ્છિક લોકડાઉન

આણંદઃ આણંદ જિલ્લાના મલાતજ અને પણસોરા ગામે સ્વૈચ્છિક લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. ગ્રામ પંચાયત દ્વારા ૧ એપ્રિલથી ૧૫ એપ્રિલ સુધી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે અને જો આ લોકડાઉનનો અમલવારી નહીં કરનાર સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે તેવી પણ નોટીસ જાહેર કરવામાં આવી છે.

આણંદ જિલ્લાના માલતાજ અને પણસોરા ગામે ગ્રામ પંચાયત દ્વારા સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. આજથી ગામમાં લોકડાઉનનો અમલ કરવામાં આવશે. સવારે ૬ વાગ્યાથી બપોરના ૦૧ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રહેશે. ત્યારબાદ સમગ્ર ગામમાં સ્વૈચ્છિક લોકડાઉન કરવામાં આવશે. જો કે, આ અંગે નોટીસ ઈશ્યુ કરી છે અને જો તેની અમલવારી નહીં કરનાર સામે દંડનીય કાર્યવાહી થશે.

### અમદાવાદની ખાનગી હોસ્પિટલોમાં ૫૪% બેડ દર્દીઓથી ભરાઈ ગયાં

અમદાવાદ : અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના રોજ નવા ૬૦૦ ઉપરાંત કેસ નોંધાઈ રહ્યા છે.સતત વધી રહેલાં કોરોનાના કેસને પગલે શહેરમાં આવેલી ખાનગી હોસ્પિટલોના ૫૪ ટકા બેડ કોરોનાના દર્દીઓથી ભરાઈ જવા પામ્યા છે.કુલ ૨,૯૬૬ બેડ પૈકી ૧૬૦૬ બેડ પર કોરોનાના દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે.હવે ૧૩૬૦ બેડ ઉપલબ્ધ છે. શહેરમાં કોરોનાના કેસ વધવાની સાથે મ્યુનિ.હસ્તકની અને સરકારી હોસ્પિટલોની સાથે ખાનગી હોસ્પિટલોમાં પણ કોરોનાના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થયેલો જોવા મળી રહ્યો છે.કોવિડ જાહેર કરવામાં આવેલી હોસ્પિટલોમાં હવે કોરોનાના દર્દીઓ માટે ૧૩૬૦ બેડ ઉપલબ્ધ છે.ઉપરાંત ખાનગી હોસ્પિટલોમાં આઈસોલેશન બેડની સંખ્યા ૧૧૮૮ છે.આ પૈકી ૫૯૫ બેડ ઉપર કોરોનાના દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે.

# ગુજરાતમાં 'લવ જેહાદ' અટકાવવા માટે બિલને વિધાનસભામાં લીલીઝંડી અપાઈ

ગાંધીનગર : ગુજરાત ધર્મ સ્વાતંર્ત્ય અધિનિયમ, ૨૦૦૩માં કેટલાક સુધારા કરતું ગુજરાત ધર્મ સ્વાતંર્ત્ય વિધેયક, ૨૦૨૧ ગુરુવારે વિધાનસભાના બજેટ સત્રના છેલ્લા દિવસે લગભગ સવા સાત કલાકની ચર્ચા બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીની આગેવાની હેઠળની ભાજપ સરકારે બહુમતીથી પસાર કરાવ્યું હતું. વિરોધ પક્ષ કોંગ્રેસ તરફથી ઉગ્ર વિરોધ કરતાં જણાવાયું હતું કે, મુખ્યમંત્રી તાજેતરની સ્થાનિક ચૂંટણીઓમાં અમે લવ જેહાદનું બિલ લાવીશું, કહી સભાઓ ગજવતાં હતા, પણ આ સુધારા વિધેયક 'લવ જેહાદ' શબ્દનો કોઈ ઉલ્લેખ નથી. ત્યારે એ પુરવાર થાય છે કે, માત્ર ને માત્ર રાજકીય રોટલા શેકવા માટે જ અને મુસ્લિમો અને ખ્રિસ્તીઓમાં કાલ્પનિક ભય ફેલાવવા માટે જ આ બિલ લવાયું છે. સવારે ૧૦ વાગે ગૃહમાં આ બિલની ચર્ચાથી જ કાર્યવાહીની શરૂઆત થઈ હતી અને રાત્રે ૮ વાગે આ બિલ પસાર થયું હતું. જેમાં બિલ રજૂ કરનારા ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા, વિપક્ષી નેતા પરેશ ધાનાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ઉપરાંત ભાજપ અને કોંગ્રેસના ૧૧ ધારાસભ્યોએ ચર્ચામાં ભાગ લીધો હતો.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે આ બિલમાં કોઈ ધર્મનું કે મુસ્લિમ સમાજનું નામ લેવાયું નથી. જ્યારે ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ આ બિલને હિન્દુ દીકરીઓને કસાઈઓના હાથમાં જતી રોકતું બિલ ગણાવ્યું હતું. વિરોધ પક્ષ તરફથી સરકાર ઉપર હલ્લો બોલાવતા પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, છળકપટ-વિશ્વાસઘાત-ઠગાઈ કરી લાલચ આપી જબરજસ્તીથી ખોટા નામે અન્ય ધર્મની છોકરી સાથે તેની ઈચ્છાવિરુદ્ધ લગ્ન કર્યા હોય તો આઈપીસીમાં ૪૦૭, ૪૧૭, ૪૧૯, ૪૯૩, ૪૯૬ જેવી કડક કલમો હેઠળ સખત સજા અને દંડની જોગવાઈ વર્ષોથી ઉપલબ્ધ છે ત્યારે આ અલાયદા બિલની કોઈ જરૂરિયાત જ નથી.

# ઈશરત કેસમાં સિંઘલ, તરુણ બારોટ સહિત ત્રણ પોલીસ આરોપી દોષમુક્ત

અમદાવાદઃ ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સંડોવાયેલા એક આઈપીએસ સહિત ત્રણ પોલીસ અધિકારીઓ સામે કાર્યવાહી કરવા ગુજરાત સરકારે સીબીઆઈને પરવાનગી આપી ન હોવાના રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આઈપીએસ જી.એલ. સિંઘલ, પૂર્વ ડીવાયએસપી તરુણ બારોટ અને અનાજુ ચૌધરીએ કેસમાંથી મુક્ત થવા કરેલી ડિસ્ચાર્જ અરજી સ્પે. સીબીઆઈ કોર્ટેના ખાસ જજ વિપુલ આર. રાવલે ગ્રાહ્ય રાખી છે. બુધવારે જાહેર કરેલા પોતાના ૩૭ પાનાના ચુકાદામાં કોર્ટે ટાંક્યું હતું કે, IBનાં ઈનપુટ મુજબ ઈશરતને પકડવા ઓપરેશનમાં તેઓ જોડાયા હતા. અધિકારીઓએ કાયાદા-મર્યાદામાં રહી તેમની ફરજના ભાગ રૂપે કાર્યવાહી કરી હતી. આઈબીનો રિપોર્ટ હતો તેથી અધિકારીઓની જવાબદારી હતી કે, ચાર વ્યક્તિઓની હલનચલન પર નજર રાખવી. ૧૯૯૨ બાદ કેટલીય વખત અમદાવાદ, મુંબઈ, સુરત ગોધરા સહિતની જગ્યાએ બ્લાસ્ટ થયા. ગાંધીનગર સ્વામિનારાયણ મંદિરમાં પણ ગંભીર આતંકી હુમલો થયો હતો. અમદાવાદમાં પણ એક સાથે બ્લાસ્ટ થયા હતા. આ બધુ જોતા અમદાવાદના અધિકારીઓ તેમની ફરજ નિભાવી રહ્યાં હતા. તેઓ ફરજના ભાગ રૂપે આવી પ્રવૃત્તિઓ પર વોચ રાખી રહ્યાં હતા.

# ગાંધીનગરમાં છેલ્લા દિવસે ઉમેદવારોનો રાફડો ફાટ્યો : કુલ ૨૩૩ ફોર્મ ભરાયા

ગાંધીનગર : ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી તા.૧૮ એપ્રિલે યોજાવાની છે ત્યારે આજે ઉમેદવારીપત્ર ભરવાના છેલ્લા દિવસ હતો. જેમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિત અન્ય રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારોએ દાવેદારી કરી હતી. મોટા રાજકીય પક્ષોએ ડમી ઉમેદવારોના પણ ફોર્મ ભર્યા હતા. જેના કારણે અત્યાર સુધીમાં ૨૩૩ જેટલા ફોર્મ ભરાયા છે. છેલ્લા દિવસે ઉમેદવારોનો જે પ્રકારે રાફડો ફાટયો હતો તે જોતાં ચૂંટણી તંત્ર પણ આખો દિવસ દોડતું રહયું હતું. હવે શનિવારે ફોર્મ ચકાસણી બાદ તા.૫ એપ્રિલે ઉમેદવારીપત્ર પરત ખેંચવાના અંતિમ દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

ગાંધીનગર મહાનગરપાલીકાની ચૂંટણી કોરોના કાળમાં યોજાવાની છે ત્યારે ચૂંટણી તંત્રએ જાહેર કરેલા કાર્યક્રમ અનુસાર તા.૨૭ માર્ચથી ઉમેદવારીપત્ર ભરવાના શરૂ થયા હતા અને આજે અંતિમ દિવસ હતો. ભાજપ અને કોંગ્રેસ દ્વારા ગઈકાલે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી હોવાથી મોટી સંખ્યામાં ઉમેદવારો ટેકેદારો સાથે ગાંધીનગર કલેકટર કચેરીએ પહોંચ્યા હતા. જો કે કલેકટર કચેરી કંપાઉન્ડમાં ઉમેદવારો અને તેમના બે ટેકેદારોને જ પ્રવેશ આપવામાં આવતો હતો. તેમ છતાં સોશ્યલ ડીસ્ટેન્સીંગ જળવાયું નહોતું અને રીટર્નીંગ ઓફીસરની કચેરી બહાર ટોળે ટોળા જોવા મળતાં હતા. બપોરે ત્રણ વાગ્યા સુધી ઉમેદવારીપત્ર ભરવાનો સમય હતો પરંતુ જે પ્રકારે ઉમેદવારોનો ધસારો હતો તેના પગલે તંત્રએ ટોકન સિસ્ટમ અમલવારી કરવાની ફરજ પડી હતી.

BRAND NEW HOUSE ON SALE
Semi Detach 4 Bedrooms Semi Detach Brand New House In Brampton 75 Allegro Dr. Brampton, With Lots Of Upgrades , 2 & Half Washrooms On Side Basement Door, Easy To Rent Out, Not Finished, Single Garage
To See Model Go On Ownvalleyview.Com (Pine Model)
Asking Firm Price One Ml / Ninety Thousands.
Call Navin 514-909-1190

# દુષ્કાળમાં ૧૦,૬૧૦ કરોડ મંગાયા પણ કેન્દ્રનો ઠેંગો

ગાંધીનગર : ગુજરાત સરકાર કેન્દ્રમાં બેઠેલી સરકારને વારંવાર 'મોસાળમાં મા પીરસનારી' તરીકે ઓળખાવી હવે રાજ્યસરકારની પાંચે આંગળીઓ ઘીમાં હોવાનું ઉલ્લેખે છે ત્યારે રાજ્યમાં અછત હોય કે અનાવૃષ્ટિ હોય, આવેદનપત્રો આપી કરોડો રૂપિયાની માગણી કરવા છતાં કેન્દ્ર સરકારે રાજ્યને મદદરૂપે ફદિયું પણ આપ્યું નહીં હોવાની વિગતો મંગળવારે વિધાનસભામાં જાહેર થઈ હતી.



રાજ્ય સરકારે પ્રશ્નોત્તરી દરમિયાન પુછાયેલા પ્રશ્નના લેખિત ઉત્તરમાં જણાવ્યું હતું કે, ૨૦૧૮-૧૯નું વર્ષ અછતનું હતું એટલે તા. ૩-૧૧-૨૦૧૮ના રોજ કેન્દ્રને મેમોરેન્ડમ આપીને રૂ. ૧,૭૨૫.૨૫ કરોડની અને બાદમાં તા. ૮-૧-૨૦૧૯ના રોજ સપ્લિમેન્ટરી મેમોરેન્ડમ પાઠવીને રૂ. ૧,૬૪૫.૦૬ કરોડની મળીને કુલ રૂ. ૩,૩૭૦ કરોડની માગણી કરાઈ હતી, પરંતુ એકપણ રૂપિયાની મદદ કેન્દ્રએ કરી નથી. આ માગણી સામે કેન્દ્ર સરકારે એનડીઆરએફની હાઈલેવલ કમિટીની તા. ૨૯-૧-૨૦૧૯ના રોજની બેઠકમાં રાજ્ય માટે રૂ. ૧૨૭.૬૦ કરોડની સહાય એનડીઆરએફમાંથી આપવાનું એ શરતે નક્કી કર્યું કે, રાજ્યના એસડીઆરએફ ફંડની રકમના ૫૦ ટકા રકમ જો ઉપરોક્ત સહાયથી વધારે હોય તો રાજ્યને સહાય ના મળે. તા. ૧-૪-૨૦૧૮ના રોજ એસડીઆરએફમાં રૂ. ૨,૩૫૫.૧૨ કરોડ હતા, જેના ૫૦ ટકા રૂ. ૧,૧૭૭.૫૬ કરોડ થાય એટલે આ ફંડ મંજૂર સહાય કરતાં વધુ હોઈ કેન્દ્ર સરકારે કાણી પઈ પણ રાજ્યને આપી નથી. એવી જ રીતે ૨૦૨૦માં અતિવૃષ્ટિ થઈ હોઈ રાજ્ય સરકારે આવેદનપત્ર આપી રૂ. ૭,૨૩૯.૪૭ કરોડની માગણી કરી હતી, પરંતુ આ માગ સંદર્ભે કેન્દ્ર સરકારે હજી સુધી પ્રત્યુત્તર આપવાની પણ તસ્દી લીધી નથી. આમ છેલ્લા બે વર્ષમાં અછત અને અતિવૃષ્ટિમાં સહાય પેટે સરકારે ૧૦,૬૦૯.૭૮ કરોડ માગ્યા છે, પણ કેન્દ્રે ઠેંગો બતાવ્યો છે.

### SDRFમાંથી ૫,૯૯૬ કરોડ વપરાયા

છેલ્લા પોણા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ–એસડીઆરએફમાંથી કુલ રૂ. ૫,૯૯૬.૩૭ કરોડનો ખર્ચ કુદરતી આફતો પાછળ કર્યો હોવાનું વિધાનસભામાં મંગળવારે રાજ્ય સરકારે જણાવ્યું હતું. વર્ષ ૨૦૧૮–૧૯માં રૂ. ૧,૩૬૮.૯૩ કરોડ, ૨૦૧૯–૨૦માં રૂ. ૨,૪૩૫.૧૬ કરોડ અને ૨૦૨૦–૨૧માં ૩૧ ડિસે. સુધી રૂ. ૨,૧૯૨.૨૮ કરોડ ખર્ચાયા હોવાનું સરકારે જણાવ્યું હતું. એસડીઆરએફ માટે નાણાકીય વર્ષની શરૂઆતમાં જ રાજ્યોને કેન્દ્રીય બજેટમાંથી આપત્તિ સામે લડવા ફંડ અપાય છે અને એ રીતે ૨૦૧૮–૧૯માં રૂ. ૪૪૯.૯૫ કરોડ, ૨૦૧૯–૨૦માં રૂ. ૮૮૬.૮૦ કરોડ અને ૨૦૨૦–૨૧માં રૂ. ૧,૩૨૪ કરોડ ફાળવાયા હતા. હવે ૩૧ ડિસે., ૨૦૨૦ની સ્થિતિએ એસડીઆરએફમાં રૂ. ૯૩.૯૪ કરોડ વણવપરાયેલા જમા છે.

## સી પ્લેનમાં મુસાફરો ઘટી ગયા, હવે દિવસમાં એક જ ટ્રીપ દોડશે

- સી પ્લેન એપ્રિલના પ્રથમ સપ્તાહમાં મેઈન્ટેનન્સ માટે ફરી માલ્દિવ્સ પરત જશે

અમદાવાદ : કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીથી અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ વચ્ચે શરૂ કરવામાં આવેલી સી પ્લેન સર્વિસને ખૂબ જ ઓછા મુસાફર મળી રહ્યા છે અને જેના પગલે હવે પ્રતિ દિવસે સરેરાશ માત્ર એક ફ્લાઈટની અવર-જવર થાય છે.

૩૧ ઓક્ટોબરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સી પ્લેન સર્વિસનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઊંચા ભાડા અને બૂકિંગ અંગે કોઈ સ્પષ્ટ આયોજન નહીં હોવાથી શરૂઆતથી જ સી પ્લેનને સાધારણ મુસાફરો મળી રહ્યા હતા. છેલ્લા ૧૫ દિવસથી કોરોનાના કેસમાં વધારો થતાં સી પ્લેનમાં મુસાફરી કરનારાની સંખ્યામાં પણ તોતિંગ ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત જે લોકો સ્ટેચ્યુ ઓફ યુનિટી ફરવા જાય છે તેઓ રાત્રિ રોકાણ કરતા હોવાથી ત્યારબાદ તેઓ બાય રોડ પાછા અમદાવાદ આવે છે. જેના કારણે રિટર્ન ફ્લાઈટમાં મુસાફરો મળતા નથી. અમદાવાદથી કેવડિયાના પેસેન્જર મળી રહ્યા છે. પરંતુ રીટર્નમાં જોઈએ એટલા મળતા નથી એટલેકે પાંચ છ પેસેન્જર તો ઘણી વખત તો આખું પ્લેન ખાલી પણ આવે છે.

## ધૂળેટી ગોઝારી : રાજ્યમાં ડૂબવાથી ૧૨નાં મોત, ભરૂચમાં એક લાપતા

રાજ્યના વિવિધ વિસ્તારમાં હોળી-ધુળેટીના પર્વની ઉત્સાહભેરે ઉજવણી થઈ હતી, પરંતુ અમુક પરિવારો માટે આ પર્વ માતમમાં ફેરવાઈ ગયું હતું. બંને તહેવારો દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારમાં ડૂબવાથી કુલ ૧૨ લોકોના મોત નિપજ્યાં છે, જ્યારે ભરૂચમાં એક યુવકની હજુ શોધખોળ ચાલી રહી છે. મોતે ભેટનારામાં મહીસાગરના બાલાસિનોરમાં સૌથી વધુ ૩ લોકોના ડૂબવાથી મોત થયાં છે.

આ સિવાય રાજકોટ જિલ્લામાં ૨ મોત, સુરતના પલસાણાંમાં ૨, વાપીમાં ૨, ભાવનગરમાં ૨ અને ભરૂચ જિલ્લાના ઝઘડિયામાં ૧ મોત થયું છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે, બાલાસિનોર તાલુકાના જોરાપુરા અને કંબોપા ગામના ત્રણ યુવાનો ધુળેટી નિમિત્તે લુણાવાડા તાલુકામાં આવેલી હાડોળ-મહીસાગર નદીમાં ન્હાવા પડેલા ત્રણ યુવાનોના કરૂણ મોતથી સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

સુરતના પલસાણા તાલુકાના ચલથાણ ગામના તળાવમાં સોમવારે પાંચ સગીર નહાવા માટે ગયાં હતા. જેમાંથી બે સગીરનું ઊંડા પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. વાપી ડુંગરા વિસ્તારમાં હરીયા પાર્ક પાછળથી પસાર થતી દમણગંગા નદીમાં સોમવારે બપોરે ચાર મિત્રો નાહવા પડયા બાદ પ્રવાહમાં તણાઈ ગયા હતા. જેમાંથી બે યુવકો મોતને ભેટયાં હતા. ભાવનગર નજીક આવેલા કોળિયાક દરિયાકિનારે નહાવા ગયેલા બે યુવક ડૂબી જતા કરૂણ મોત નીપજ્યાં હતા.

રાજકોટના ત્રંબા નજીક વડાલી ગામે આજી નદીની કેનાલમાં ૭ યુવાનો ન્હાવા પડયા હતા. જેમાંથી બેનાં મૃત્યુ થયા છે. આ સિવાય ભરૂચ જિલ્લાના ઝઘડિયા નર્મદા કિનારે ત્રણ યુવાનો ન્હાવા પડયાં હતા. એકનું મોત થયું.

## ચૂંટણીમાં હાર પછી રાજીવ સાતવ આકરા, 'હવે સ્થાનિક MLAની વાત નહિ સંભળાય

અમદાવાદ : ગુજરાત કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવ ગુજરાતની મુલાકાતે છે. તેમણે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં હારની સમીક્ષા કરી અને આગામી ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી અંગે ચર્ચા કરી હતી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર થઈ છે. ત્યારે આ હાર બાદ પ્રભારી રાજીવ સાતવ અમદાવાદ પહોંચ્યા છે. પ્રભારી રાજીવ સાતવે જિલ્લા પ્રમુખો અને ઉપપ્રમુખો સાથે બેઠક કરી છે. તો બીજી તરફ ગાંધીનગર મનપાની ચૂંટણીને લઈને કોંગ્રેસમાં કોકડું ગુંચવાયું છે.



કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવ અમદાવાદ પહોંચ્યા હતા. રાજીવ સાતવે જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં પ્રદેશથી લઈને બુથ સુધીમાં ફેરફાર કરવામાં આવશે. ચૂંટણીઓ પહેલા બ્લોક, જિલ્લા અને પ્રદેશના નેતાઓને કામ કરવાની સંપૂર્ણ છૂટ આપી હતી. પરંતુ પરિણામ સારા મળ્યા નથી માટે એસેસમેન્ટ થશે. તમામ જિલ્લામાં પરફોર્મન્સ ખરાબ જ થયું છે. છૈંઝઝ પણ ગુજરાતના પરિણામને લઈને ચિંતિત છે. ગુજરાતમાં માત્ર નવા પ્રદેશ પ્રમુખ કે વિપક્ષી નેતા બદલવાથી પરફોર્મન્સ નહીં સુધરે. ગુજરાત કોંગ્રેસે જમીન પર ઉતરીને કોંગ્રેસે પરફોર્મન્સ સુધારવું પડશે. ચૂંટણીમાં કારમી હાર થતા કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવ આકરા પાણીએ દેખાયા હતા. તેમણે જણાવ્યું હતું કે, હવે સ્થાનિક ધારાસભ્યની વાત નહિ સંભળાય. સાચો હશે તે જ નિર્ણય પ્રદેશ કોંગ્રેસ કરશે.

## અમદાવાદના વિદ્યાર્થીએ દુધમાં થતી મિલાવટ રોકવા વિકલ્પ શોધી કાઢ્યો

અમદાવાદ : દુધમાં થતી મિલાવટ અને ચોરીના સોલ્યુશનો વિકલ્પ અમદાવાદના વિદ્યાર્થીઓ શોધી કાઢ્યો છે. જેમાં તેણે એવુ ડિવાઈસ તૈયાર કર્યુ છે જેનાથી દુધની ચોરી અને મિલાવટ થતા રોકી શકે છે. સાથે સાથે ંદ્રવ્ઝમાં પણ પંપની પ્રોડક્ટિવીટી વધારવાનો વિકલ્પ પણ તૈયાર કર્યો છે. ત્યારે શું છે આ ડિવાઈસ અને હાલમાં ક્યા તેને ઈન્સટોલ કરવામા આવ્યુ છે.

જેઓએ જીઓ સેફ ડિવાઈસ તૈયાર કરીને લાખો લિટર દુધમાં થતી ચોરી અને મિલાવટને અટકાવી છે. મિહીર એક એન્જીનિયરિંગના વિદ્યાર્થી હતા અને તેઓએ સ્ટાર્ટ અપ અંતર્ગત ગુજરાત યુનિવર્સિટીની મદદથી જીઓ સેફ ડિવાઈસ તૈયાર કર્યુ છે. જીઓ સેફ ડિવાઈસને દુધના ટેન્કરની કેપમાં ફીટ કરવામા આવે છે અને એક ડિવાઈસ ટ્રકની ડેસબોર્ડ પર મુકવામા આવે છે. જેનાથી ટેન્કરનું લોકેશન ટ્રેક કરી શકાય છે. ઉપરાંત જો કોઈ મિલાવટ કે ચોરી કરવા માટે કેપને ઓપન કરે એટલે સર્વરમાં એલાર્મ વાગે છે અને તેમાં મિલાવટ થતી રોકી શકાય છે. ટ્રેડિશ્નલી ટેકનિક ૧૦૦ ટકા કારગત નથી. ત્યારે બનાસ ડેરીનો મંતવ્ય પુછ્યા બાદ આ પ્રકારનું ડિવાઈસ બનાવવાની પ્રેરણા મીહીરને મળી અને તેઓએ આ ડિવાઈસ તૈયાર કર્યુ છે.

## મોરવાહડફ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે સુરેશ કટારા

અમદાવાદ : કોરોનાના કેસો વધી રહ્યાં છે ત્યારે ૧૭મી એપ્રિલે મોરવાહડફ બેઠક પર પેટાચૂંટણી યોજાવવા જઈ રહી છે.આ બેઠક પર કોંગ્રેસે સુરેશ કટારાને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે જયારે ભાજપ સોમવારે ઉમેદવારનું નામ જાહેર કરી શકે છે.જોકે, અત્યાર સુધી મોરવાહડફ બેઠકની ચૂંટણી લડવા એકેય ફોર્મ ભરાયું નથી. મોરવાહડફ બેઠક પર વર્ષ ૨૦૧૭માં અપક્ષ ઉમેદવાર ભૂપેન્દ્રસિંહ ખાંટ વિજેતા થયા હતાં પણ પ્રમાણપત્ર મુદ્દે તેમને સસ્પેન્ડ કરાયા હતાં. આ મામલો છેક સુપ્રિમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. સ્ટે હોવાને કારણે આ બેઠક પર ચૂંટણી થઈ શકી ન હતી પણ તે દરમિયાન ધારાસભ્ય ભૂપેન્દ્રસિંહ ખાંટનુ અવસાન થયુ હતું. આ કારણોસર આ બેઠક ખાલી પડી હતી. મોરવા હડફ બેઠકની પેટાચૂંટણી માટે ભાજપે ચાર દાવેદારોના નામની પેનલ તૈયાર કરી છે જેમાં નિમિષા સુથાર, મણિલાલ પારગી, વિક્રમ ડિંડોર અને રમેશ ઝાલૈયાનો સમાવેશ થાય છે.

## ખાનગી યુનિ. એક્ટ હેઠળ ગુજરાતમાં વધુ ૭ નવી ખાનગી યુનિ.ઓને મંજૂરી

અમદાવાદ : ગુજરાતમાં વધુ ૭ નવી ખાનગી યુનિવર્સિટીઓને સરકારે મંજૂરી આપી છે અને સરકાર દ્વારા આવતીકાલે વિધાનસભામાં ખાનગી યુનિ.એક્ટ સુધારા વિધેયક પસાર કરાશે જેના દ્વારા વિધિવત રીતે નવી ખાનગી યુનિ.ઓને મંજૂર મળશે. આ નવી ખાનગી યુનિ.ઓ સાથે હવે રાજ્યમાં કુલ ૫૨ ખાનગી યુનિ.ઓ થશે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં ખાનગી યુનિ.ઓને મંજૂરી આપવા માટે ૨૦૦૯માં ખાનગી યુનિ.એક્ટ તૈયાર કરી વિધાનસભામાં પસાર કરવામા આવ્યો હતો. દર વર્ષે સરકાર દ્વારા યુનિ.માટે અરજી કરનારી નવી શૈક્ષણિક સંસ્થાઓને યુનિ.ઓ માટે મંજૂરી અપાય છે અને ખાનગી યુનિ.એક્ટમાં સુધારો કરી સુધારા વિધેયક પસાર થાય છે. આ વર્ષે રાજ્યમાંથી સાત સંસ્થાઓએ ખાનગી યુનિ.ઓ માટે અરજી કરી હતી.જેમાં સરકારે તમામ દસ્તાવેજોની ચકાસણી બાદ સાત સંસ્થાઓને ખાનગી યુનિ.ની મંજૂરી આપી છે.જેમાં સુરતની સાર્વજનિક યુનિવર્સિટી, સુરતની વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટી,વડોદરાની ડૉ. કિરણ એન્ડ પલ્લવી ગ્લોબલ યુનિવર્સિટી, વઢવાણ ખાતેની સુરેન્દ્રનગર યુનિવર્સિટી, ભરૂચની યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેકનોલોજી, રાજકોટ જિલ્લામાં દર્શન યનિવર્સિટી અને અમદાવાદ જિલ્લામાં મોનાર્ક યુનિ.ને મંજૂરી આપવામા આવી છે.

## કેરળના દાણચોરી પ્રકરણમાં થનારા બધા વકિલ ગુજરાતના

અમદાવાદ- કેરળમાંથી બહાર આવેલા સોનાની દાણચોરી કેસમાં આજે કેરળ હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરનારા બધા વકીલો ગુજરાતના હોવાનો ઉલ્લેખ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુનાવણી દરમિયાન કર્યો હતો. આ કેસમાં કેન્દ્ર સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતા અને એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુએ રજૂઆત કરી હતી અને કેરળ સરકાર તરફથી સીનિયર એડવોકેટ હરીન રાવલે દલીલ કરી હતી.

કેરળ પોલીસે ઈ.ડી.ના અધિકારીઓ સામે એફ.આઈ.આર. નોંધી છે. જેમાં ઈ.ડી.ના અધિકારીઓ પર આરોપ મૂકવામાં આવ્યો છે કે સોનાની દાણચોરી કેસની મુખ્ય આરોપી સ્વપ્ના સુરેશ પર દબાણ કરવામાં આવ્યું હતું કે મુખ્યમંત્રી પિનારાયી વિજયનને પણ આ કેસમાં સામેલ કરી શકાય તેવા નિવેદનો આપે. આ ફરિયાદ રદ કરવા ઈ.ડી.ના અધિકારીઓએ કેરળ હાઈકોર્ટમાં પિટિશન કરી છે.

# મેઘધનુષી વસ્ત્રો રાખશે સ્ટાઈલિશ સાથે આકર્ષિત



હંમેશા બનાવેલાં મેઘધનુષી વસ્ત્રો દેખાવે એટ્રેક્ટિવ છે. તેને તમે જાતે બનાવી શકો છો. આ કોઈ અઘરી કે મોટી વસ્તુ નથી. જરૂર માત્ર કપડાંમાં કરવાના કલરની જ છે. આ કલર બજારમાં સરળતાથી મળી જશે. તે કલર લઈને તમારે તમારી પાસે રાખેલાં સફેદ કલરનાં કપડાંને અલગ અલગ જગ્યાએ રબ્બર લગાવી દેવાં. તમે ચાહો તો પાંચથી છ જગ્યાએ રબ્બર લગાવી શકો છો. રબ્બર લગાવ્યા બાદ જેટલા પાર્ટ કર્યા હોય તેટલા પાર્ટમાં તે અલગ અલગ કલર કરી નાખવા. કલર થઈ ગયા બાદ તેને સુકાવા દેવું. કપડું સરખું સુકાઈ જાય એટલે તેનાં રબ્બર હટાવી લેવાં. આટલી નાની અને સરળ રીતથી તમારું મેઘધનુષી વસ્ત્ર રેડી થઈ જશે.

## શેમાં શેમાં મેઘધનુષી કલર કરી શકાય?

તમે કોઇ પણ વસ્ત્રને મેઘધનુષી બનાવી શકો છો. શરત માત્ર એટલી જ કે તે વસ્ત્ર સફેદ રંગનું હોવું જોઇએ. સફેદ કલરનું સ્કર્ટ, ટીશર્ટ, સાડી, દુપટ્ટો વગેરેને મેઘધનુષી કલર કરી શકાય છે. જો તમે મેઘધનુષી કલર કરવા ન માંગતા હોવ ને માત્ર એક કે બે જ રંગ કરવા માંગતા હોવ તો વધારે કલરને બદલે બે કલર પણ કરી શકો છો. એક કે બે કલર તો તમે કોઇ પણ કલરના કપડાંમાં કરી શકો છો. કપડાંના ઓરિજિનલ કલર સાથે બીજો કલર કોમ્બિનેશનમાં કરી શકાય છે.

## થોડું વર્ક પણ કરી શકાય

મેઘધનુષી વસ્ત્રો બનાવ્યા બાદ તેમાં થોડું વર્ક પણ કરાવી શકાય છે. જેમ કે, તમે ચણિયાચોળીના દુપટ્ટામાં મેઘધનુષી કલર કર્યો હોય તો તેની બોર્ડર ઉપર તમે થોડું વર્ક કરાવડાવી શકો છો. બોર્ડર ઉપરનું વર્ક દેખાવે સુંદર લાગશે. મેઘધનુષી કલરની સાથે તમે મિરર વર્ક કે થ્રેડ વર્કનું કોમ્બિનેશન કરી શકો છો. આ બંને વર્ક તેની સાથે સારાં લાગશે. સાડીમાં પણ આવું વર્ક કરાવી શકાય છે. તેની અંદર એમ્બ્રોઇડરી વર્ક પણ જામશે. આ પ્રકારનાં વસ્ત્રોની સાથે તમે લાઇટ ડાર્કનું કલર કોમ્બિનેશન કરી શકાય છે. જેમ કે, કુરતી મેઘધનુષી રંગની હોય તો તેની સાથે સફેદ કલર કે બીજો કોઇપણ ડાર્ક કલર મેચિંગ તરીકે લઇ શકો છો.

# Zoom ફરી વાર વિવાદમાં




Zoom એપ્લિકેશન જેને આપણે વીડિયો કોન્ફરન્સ એપ્લિકેશન તરીકે ઓળખીએ છીએ. Zoom એપ્લિકેશન ૨૦૧૧માં લૉન્ચ થઈ હતી પરંતુ ૨૦૨૦માં લોકડાઉનના કારણે વધુ ચર્ચામાં આવી હતી અને સૌથી વધુ ડાઉનલોડ થઈ હતી. ઝૂમ એપ્લિકેશનએ એક ક્લાઉડ આધારિત વિડિઓ કમ્યુનિકેશન એપ્લિકેશન છે જે તમને વર્ચુઅલ વિડિઓ અને ઓડિયો કોન્ફરન્સ, વેબિનાર્સ, લાઇવ ચેટ્સ, સ્ક્રીન-શેરિંગ અને અન્ય સહયોગી ક્ષમતાઓ સેટ કરવાની મંજૂરી આપે છે.

ઝૂમ એપ્લિકેશનના સ્ક્રીન-શેરિંગ ફિચર્સમાં ગત અઠવાડિયામાં ખામી જોવા મળી હતી. જેના કારણે યુઝર્સની સંવેદનશીલ માહિતી લીક થઈ હતી. ઝૂમમાં સ્ક્રીન-શેરિંગ ફિચર્સ વપરાશકર્તાઓને એક આખું ડેસ્કટોપ અથવા ફોન સ્ક્રીન શેર કરવા દે છે અને વધુ વિશિષ્ટ એપ્લિકેશનને અને સ્ક્રીનના અમુક ભાગને શેર કરવાની મર્યાદા આપે છે. જ્યારે ઝૂમ એપ્લિકેશનના યૂઝર્સ સ્ક્રીન-શેરિંગ ફિચર્સ દ્વારા કોઈ વિશિષ્ટ એપ્લિકેશનની સ્ક્રીન શેર કરે છે ત્યારે અન્ય મિટિંગ સહભાગીને ટૂંક સમય માટે મુશ્કેલી પડતી હતી અને ત્યારબાદ સ્ક્રીન-શેરિંગ ફિચર્સ બરાબર કામ કરવાં લાગતું હતું. જ્યારે આ ટૂંક સમય માટે મુશ્કેલી પડતી હતી ત્યારે જ ડેટા લીકની સંભાવના વધારે રહેતી હતી. પરંતુ એ સમયે યૂઝર્સને એવું લાગ્યું કે આવું ઈન્ટરનેટની સ્પીડના કારણે બની રહ્યું છે.

ઝૂમ એપ્લિકેશનના ડેવલપર્સે ચેતવણી આપી હતી કે ઝૂમ મીટિંગના વિકૃત/ દૂષિત માનસિકતા ધરાવતા સહભાગીઓ મીટિંગ અને પ્લેબેક રેકોર્ડ કરવા માટે સ્ક્રીન કેપ્ચર ટૂલનો ઉપયોગ કરીને એપ્લિકેશનની નબળાઈનો લાભ લેતાં હતા. જેના કારણે ડેટા લીકની સંભાવના વધી હતી.

ઝૂમ એપ્લિકેશન સુરક્ષાની નબળાઈઓના તમામ અહેવાલોને ગંભીરતાથી લે છે. જેના કારણે સ્ક્રીન-શેરિંગ ફિચર્સ ફરી સક્રિય થઈ ગયું છે. હવે ડેટા લીકની મુશ્કેલી પણ દૂર થઈ ગઈ છે. તેમ છતાં હવે લોકો ઝૂમ એપ્લિકેશનને બદલે Google Meet અને Microsoft Teams તરફ વળ્યા છે અને મોટે ભાગની કંપનીઓમાં આ એપ્લીકેશનનો ઉપયોગ થાય છે. જેમાં ડેટા લીક થવાની શક્યતા નહિવત રહે છે.

@beinghumanmj

# મુસ્લીમોના પ્રાર્થના સ્થાન મસ્જીદની મહત્વતા તથા માનવજીનમાં તેનું સ્થાન.



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

આ તો હતું મસ્જીદ નું બાહ્ય દ્રષ્ય. અત્યારે એશીયા ખંડના દેશોમાં મસ્જીદને કેવળ બંદગી કરવા માટેનું જ સ્થાન બનાવી દેવામાં આવેલ છે. અમુક મસ્જીદોમાં બંદગી(નમાઝ)ના થોડા સમય પહેલા મસ્જીદને ખોલવામાં આવે છે, અને બંદગી (નમાઝ)ના અમુક સમય પછી મસ્જીદને બંધ કરી દેવામાં આવે છે.

ઈસ્લામનાં અંતિમ પયગંબર સાહેબે પોતાના સમયમાં જે મસ્જીદ બનાવી હતી, તેનું નામ ''મસ્જીદે નબવી'' હતું. સત્ય તો એ છે કે પયગંબર સાહેબના સમયમાં મસ્જીદે નબવીને કેવળ બંદગીનું સ્થળ ન બનવેલ હતું, પણ તેના ઉપરાંત તેને એક અદાલત, એક ધારાસભા, એક ખુલ્લી કચેરી, એક સલાહકાર સમિતિ, એક સામાજીક ન્યાયનું સ્થળ, મુસલમાનોના ઉત્કર્ષ માટે અગત્યના નિર્ણયો લેવાનું મથક,બીજા દેશો અને સ્થળેથી આવેલા મુસલમાનો તથા બિન મુસ્લીમો સાથે મુલાકાતનું સ્થળ, કેળવણીનું સ્થળ વગેરે વગેરે બનાવેલ હતું.

આ સત્યને જોતાં આપણને એ જાણવા મળે છે કે યુરોપ તથા ઉત્તર અમેરિકાની લગભગ સર્વે મસ્જીદોનું કાર્ય એક બંદગી (નમાઝ)ના સ્થળ ઉપરાંત એક સામાજીક કેન્દ્ર (SOCIAL CENTRE) તથા ઉત્કર્ષ કેન્દ્ર (WELFARE CENTRE) નું પણ હોય છે.

આજના સમયમાં એશીયાના દેશોમાં ઉપર પ્રમાણેના કાર્યો માટે મસ્જીદોનો ઉપયોગ જવલ્લે જ થાય છે, કારણકે તે દેશોમાં મસ્જીદને કેવળ બંદગી (નમાઝ)નું સ્થળ જ સમજવામાં આવે છે.

મસ્જીદ બંદગીનું સ્થાન છે અને તે દરેક મુસલમાન માટે છે અને તેમાં કોઈ જુથબંધી ન હોવી જોઈએ. એ સત્યથી વિરૂધ્ધ એ પણ જોવા મળે છે કે ઘણી મસ્જીદોમાં એવું વાતાવરણ ઉભું કરવામાં આવે છે કે તે એક ખાસ જુથ (SECT)ની મસ્જીદ છે. બંદગીના સ્થાન મસ્જીદનો સંબધ કોઈ મુસલમાનની જાત, રંગ, દેશ, ઓળખ કે જ્ઞાતિ સાથે ન હોવો જોઈએ, કારણકે જ્ઞાતિ અને જાતો પાલનહાર અલ્લાહે કેવળ ઓળખાણ માટે બનાવેલ છે. (પ્રકરણ ૪૯, શ્લોક ૧૩)

આ રીતે જુથબંધીઓ કરવી અને મસ્જીદને કોઈ ખાસ જુથ (SECT)નીજ મસ્જીદ બનાવવી એ એક ઘોર કૃત્ય છે અને ધર્મના ટુકડા કરવા સમાન છે. આ વિષે કુરાન મજીદમાં આ બોધ વચન છે :-

''નિસંશક જે લોકોએ પોતાના ધર્મના ટુકડા કર્યા (ફીરકાઓ અને જુથો બનાવ્યા), તો (હે પયગંબર), તેમની સાથે તમારો કોઈ સંબધ નથી. તેમનો મામલો પાલનહાર અલ્લાહને જ હવાલે છે. પછી તે લોકો જે કંઈ કરતા રહયા, તે અલ્લાહ જ તેમને બતાવશે.''(પ્રકરણ ૬, શ્લોક ૧૬૦)

આ રીતે આ પ્રકારના લોકો, જેઓ પોતાના ધર્મના ટુકડા કરે છે, અને જુદા જુદા જુથો (ફીરકાઓ-મસ્લકો) બનાવી લે છે, તેઓ ખરી રીતે મસ્જીદને પ્રાર્થના સ્થાન નહિ પણ પોતાના જુથ (ફીરકા)નો અડ્ડો સમજે છે. આ કૃત્ય ઓછા વત્તા અંશે ઘણી મસ્જીદોમાં જોવા મળે છે. પ્રજાના દાનના પૈસે બનેલી મસ્જીદો પર આ જુથવાળાઓ (ફીરકા પરસ્ત-મસ્લક પરસ્ત) પોતાનો કબજો કરી લે છે. આ વિષે કુરાન મજીદમાં આ બોધવચન છે:

''અને કેટલાક લોકો એવા પણ છે, જેઓએ મસ્જીદ એટલા માટે બનાવી કે તેઓ (ઈસ્લામ ધર્મને) નુકશાન પહોંચાડે, સત્યના ઈન્કારી થાય તથા મુસલમાનોમાં ફુટ પડાવે અને તે શખ્સ માટે સ્થાન બનાવે, જે અગાઉ અલ્લાહ અને તેના પયગંબર વિરૂધ્ધ લડાઈ કરી ચુકયો છે.'' (પ્રકરણ ૯, શ્લોક ૧૦૭)

આ વિષય પર બ્રામ્પટન, ઓન્ટેરીયોના નામાંકિત લેખક અને કવિ માનનીય મોહંમદ અલી ભૈડુ ''વફા'' એ ખરૂં કહયુ છે કે :

મસ્જીદના મુતવલ્લી (ટ્રસ્ટી રખેવાળ)ની કબર પરનો શીલાલેખ :

આ તો મુતવલ્લી હતા મસ્જીદના,
એ મર્યા કેવું કરી શાણપણ,
નામ પર પોતાના ખુદ કરતા ગયા,
એકલી મિલ્કત નહીં મસ્જીદ પણ.

(ક્રમશ)

# માર્ચ મહિનામાં રેકોર્ડ: ૧ લાખ ૨૩ હજાર કરોડનું જીએસટી કલેક્શન

નવી દિલ્હી : જીએસટી કલેક્શનના મામલામાં માર્ચ મહિનામાં રેકોર્ડ સર્જાયો છે. માર્ચમાં અત્યાર સુધીમાં સૌથી વધુ જીએસટીકલેક્શન ૧ લાખ ૨૩૦૦૦ કરોડનું રહ્યું. આ મંદીમાંથી બહાર આવી રહેલા ભારતીય અર્થતંત્ર માટે વધુ એક સારા સમાચાર છે. જીએસટી સંગ્રહ સતત છઠ્ઠા મહિને ૧ લાખ કરોડ રૂપિયાનાં આંકને વટાવી ગયું છે અને રોગચાળા પછી સતત ચોથી વખત ૧.૧ લાખ કરોડ રૂપિયાના આંકને પાર કરી ગયો છે, જે અર્થતંત્રમાં સુધારાનાં સંકેત દર્શાવે છે. નાણાં મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે, માર્ચ ૨૦૨૧ દરમિયાન જીએસટીની આવક જીએસટીની રજૂઆત પછીની સૌથી વધુ છે. છેલ્લા પાંચ મહિનામાં જીએસટી આવક સંગ્રહના વલણ સાથે સુસંગત, માર્ચ ૨૦૨૧માં આવકનો સંગ્રહ પાછલા વર્ષના સમાન ગાળામાં ૨૭ ટકા વધુ છે. મંત્રાલયે કહ્યું કે જીએસટી, આવકવેરા અને કસ્ટમ આઈટી સિસ્ટમ્સ સહિતના બહુપક્ષીય સ્રોતો દ્વારા મળનારા ડેટાનો ઉપયોગ કરીને નકલી-બિલિંગ વિરુધ્ધ સુક્ષ્મ નજર રાખવામાં આવી રહી છે, જેણે ટેક્સ કલેક્સનમાં ફાળો આપ્યો. માર્ચ ૨૦૨૧ માં જીએસટીની કુલ આવક રૂ.૧,૨૩,૯૦૨ કરોડ હતી, જેમાં સેન્ટ્રલ જીએસટીનો રૂ.૨૨,૯૭૩ કરોડ, રાજ્યના જીએસટીનો ૨૯,૩૨૯ કરોડ રૂપિયા અને ઈન્ટિગ્રેટેડ જીએસટીનો ૬૨,૮૪૨ કરોડ રૂપિયા (માલની આયાત પર જમાં ૩૧,૦૯૭ કરોડ રૂપિયા સહિત), અને સેસના ૮,૭૫૭ કરોડ રૂપિયા (માલની આયાત પર જમા કરાયેલા ૯૩૫ કરોડ રૂપિયા સહિત) નો સમાવેશ થાય છે. ગુરુવારે નાણાં મંત્રાલયે ટ્વીટ કરીને જણાવ્યું કે કડકાઈ પુર્વકની નજર રાખવાનાં કારણે માર્ચ, ૨૦૨૧ માં ૧,૨૩,૯૦૨ કરોડ રૂપિયાનું રેકોર્ડ જીએસટી કલેક્સન થયું છે.

# એન્ટિલિયા કેસમાં NIAએ સચિન વાઝેની વધુ એક કાર જપ્ત કરી

નવી દિલ્હી : એનઆઈએએ ધરપકડ કરાયેલા પોલીસ અધિકારી સચિન વાઝેનાં નામે રજીસ્ટર્ડ એક મોંઘી કાર મંગળવારે નવી મુંબઈથી જપ્ત કરી, એક અધિકારીએ જણાવ્યું કે તપાસ ટીમ છેલ્લા ઘણા દિવસોથી મિત્સુબિશી આઉટલેન્ડર એસયુવીને શોધી રહી હતી, એનઆઈએએ એટીએસ થાણેથી વોલ્વો કારને પણ કબ્જામાં લીધી અને તેને તપાસ માટે મુંબઈમાં લાવવામાં આવી, અત્રે ઉલ્લેખનિય છે કે આ કારનો ઉપયોગ મનસુખ હિરેનની હત્યામાં થયો હતો. એનઆઈએ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીનાં દક્ષિણ મુંબઈ સ્થિત નિવાસસ્થાન એન્ટીલિયાની બહાર ગત મહિને સ્કોર્પિયો મળી આવ્યા બાદથી તેના કથિત માલિક મનસુખ હિરેનનાં મૃત મળી આવ્યાની સાથે સંકળાયેલા કેસની તપાસ કરી રહી છે, અંબાણીનાં નિવાસસ્થાનની બહાર ઉભેલા વાહનમાં વિસ્ફોટક સામગ્રી મળી આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે એક માહિતી મળવા પર એનઆઈએ અધિકારીઓની એક ટીમ નવી મુંબઈનાં કામોઠ વિસ્તારમાં ગઈ અને એક એસયુવી કાર જપ્ત કરી, જે સેક્ટર-૭માં એક હાઉસિંગ સોસાયટીની બહાર ઉભી હતી, તેમણે જણાવ્યું કે કારની નંબર પ્લેટથી જણાય છે કે આ કાર સચિન વાઝેનાં નામે રજીસ્ટર્ડ છે.

# દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં આગ, ૬૦ દર્દીઓને શિફ્ટ કરાયા

- ફાયર વિભાગની ૯ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી, આગ પર કાબૂ મેળવાયો

નવી દિલ્હી : દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં બુધવારે સવારના સમયે આગ લાગી હતી. જાણવા મળ્યા મુજબ સવારે ૬:૩૫ કલાકે પહેલા માળે આવેલા મેડિસિન ડિપાર્ટમેન્ટમાં આગ લાગી હતી. ત્યાર બાદ આગ પ્રસરીને એચ બ્લોકના વોર્ડ ૧૧ સુધી પહોંચી ગઈ હતી. જો કે, તે પહેલા જ આઈસીયુ વોર્ડના ૬૦ દર્દીઓને બીજી જગ્યાએ શિફ્ટ કરી દેવામાં આવ્યા હતા.

ભારે જહેમત બાદ આગને કાબૂમાં લઈ લેવામાં આવી હતી અને સદનસીબે કોઈ જાનહાનિ નથી નોંધાઈ. સફદરજંગ હોસ્પિટલ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન પ્રમાણે સવારે ૬:૩૫ કલાકે આગ લાગી હતી અને ફાયર વિભાગને તેની જાણ કરવામાં આવી હતી.

ત્યાર બાદ ફાયર વિભાગની ૯ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તે દરમિયાન હોસ્પિટલ સ્ટાફની મદદથી ૬૦થી વધારે દર્દીઓને અન્ય સ્થળે શિફ્ટ કરવામાં આવ્યા હતા. સદનસીબે આગને કાબૂમાં લઈ લેવામાં આવી છે અને કોઈ જાનહાનિ નથી નોંધાઈ.

# આસામમાં ચૂંટણી અગાઉ અત્યાર સુધીમાં વિક્રમજનક રૂ.૧૧૦ કરોડની વસ્તુઓ જપ્ત

- ગયા વર્ષે ૨૦ કરોડથી પણ ઓછી રકમ વસ્તુઓ જપ્ત કરાઈ હતી
- ૨૬ ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં રૂ. ૧૧૦ કરોડથી વધુ રકમનું દારૂ, રોકડ, ડ્રગ્સ સોનું, ચાંદી કબજે

ગુવાહાટી : ચૂંટણી અગાઉ મતદારોને રિઝવવા માટે નાણા, દારૂ સહિતની વસ્તુઓ જપ્ત કરવાની બાબતમાં આસામમાં અત્યાર સુધીના તમામ રેકોર્ડ તૂટી ગયા છે. આ વખતની વિધાનસભા ચૂંટણી અગાઉ અત્યાર સુધીમાં રોકડ, દારૂ, ડ્રગ સહિતની ૧૧૦ કરોડ રૂપિયાની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે તેમ આસામના મુખ્ય ચૂંટણી અધિકારી નીતિન ખડેએ એક નિવેદનમાં જણાવ્યું છે.

૨૦૧૬ની વિધાનસભા ચૂંટણી અગાઉ કેન્દ્ર અને રાજ્યની એજન્સીઓએ ૨૦ કરોડ રૂપિયાથી ઓછી વસ્તુઓ જપ્ત કરી હતી. પ્રેસ કોન્ફરન્સને સંબોધતા ખડેએ જણાવ્યું હતું કે આસામ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખી રાજ્યમાં ૨૬ ફેબ્રુઆરીથી આચારસંહિતા અમલમાં છે. આચારસંહિતા અમલમાં આવી ત્યારથી લઈને અત્યાર સુધીમાં કુલ ૧૧૦.૮૩ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૩૪.૨૯ કરોડ રૂપિયાનું ડ્રગ્સ અને નાર્કોટિક્સ, ૩૩.૪૪ કરોડ રૂપિયાનું ૧૬.૬૧ લાખ લિટર દારૂ, ૨૪.૫૦ કરોડ રૂપિયા રોકડા તથા ૩.૬૮ કરોડ રૂપિયાના સોના, ચાંદીની જવેલરી અને બિસ્કીટ પણ જપ્ત કરવામાં આવ્યા છે.

આસામ પોલીસ, ફ્લાઈંગ સ્કવોડ, સ્ટેટિક સર્વેલન્સ ટીમ, એક્સાઈઝ તથા એન્ફોર્સમેન્ટ અને અન્ય રેગ્યુલેટરી એજન્સીઓ દ્વારા રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં દરોડા પાડીને આ વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

# રમતા-રમતા મકાઈડોડો શેકતા ૬ બાળકો એકસાથે ભડથું, પરિવારજનોનો આક્રંદ

પટના : બિહારના અરરિયામાં હૃદય કંપાવનારી ઘટના સામે આવી છે. જ્યારે એક ઘરમાં આગ લાગતા ૬ બાળકોના મોત થઈ ગયા. ઘટના પલાસી પ્રખંડના ચહટપુર પંચાયત સ્થિતિ કવૈયા ગામની છે. ત્યારબાદ આખા ગામમાં કોહરામ મચી ગયો. આગ લાગવાનું કારણ સ્પષ્ટ થઈ શક્યું નથી, પરંતુ એવો અંદાજો લગાવામાં આવી રહ્યો છે કે પૂળાના ઘરમાં બધા બાળકો રમવાની સાથો સાથ મકાઈડોડા શેકી રહ્યા હતા. આ દરમ્યાન એક તણખાથી પૂળાના ઘરમાં આગ લાગી ગઈ.



ગામમાં નાના ફૂલ જેવા બાળકોના મોતથી ચારેકોર આક્રંદ હતો. પલાસી પોલીસ સ્ટેશનને ઘટનાની જાણ થતાં જ સ્થળ પર પહોંચી ગયા હતા. તરત જ બાળકોના મૃતદેહ કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે અરરિયા સદર હોસ્પિટલ મોકલી દીધા હતા. મૃતકોમાં બે બાળકરીઓ છે. તમામ મૃત બાળકો પાંચ થી છ વર્ષના છે. મૃતકોમાં મોહમ્મદ યુનિકનો પાંચ વર્ષનો પુત્ર અશરફ, મિન્હાજની છ વર્ષની દીકરી મુન્ની, મોહમ્મદ ફારૂકનો પાંચ વર્ષનો દીકરો બરકશ અલી, મોહમ્મદ મતીનનો પાંચ વર્ષનો પુત્ર અલી હાસન, મોહમ્મદ તનવીરની પાંચ વર્ષની દીકરી ખુશનિયાર, મોહમ્મદ મંજૂરનો છ વર્ષનો દીકરો દિલવર છે.

# મોબિક્વિકના ૧૦ કરોડ ભારતીય યૂઝર્સનો ડેટા વેબ પર મુકાઈ ગયો

નવી દિલ્હી : મોબિક્વિક નામના મોબાઈલ પ્લેટફોર્મના ૧૦ કરોડ યૂઝર્સનો ડેટા લીક થયાની વિગતો તાજેતરમાં બહાર આવી છે. એક સાઈબર સિક્યોરિટી રિસર્ચરે દાવો કર્યો છે કે, મોબિક્વિકના ભારતીય યૂઝર્સનો ડેટા ડાર્ક વેબ ઉપર વેચાવા માટે મુકાયો છે. Ninja_Storm નામના હેકર્સ ગ્રૂપ દ્વારા મોબિક્વિકનો ડેટા હેક કરવામાં આવ્યા છે અને તેને વેચવા માટે મુકાયા છે. આ ગ્રૂપ દ્વારા ૨૬ માર્ચના રોજ યૂઝર્સનો ડેટા હેક કરવામાં આવ્યો હતો અને હવે તેને ઓનલાઈન સેલ કરાઈ રહ્યો છે. હેકર્સ ગ્રૂપ દ્વારા ૧.૫ બિટકોઈન એટલે કે અંદાજે ૬૩ લાખ રૂપિયામાં આ ડેટા સેલ કરવાની ઓફર કરવામાં આવી છે.

યૂઝર્સ દ્વારા તેમના લીક થયેલા ડેટાના સ્ક્રીન શોટ્સ પણ સોશિયલ મીડિયા ઉપર પુરાવા તરીકે શેર કરવામાં આવ્યા હતા. મોબિક્વિક યૂઝર્સનો અંદાજે ૧૦ ટીબી જેટલો ડેટા ડાર્ક વેબ ઉપર મૂકવામાં આવ્યો છે. આધારકાર્ડ નંબર, પાનકાર્ડ નંબર, સેલ્ફી પિક્ચર પ્રૂફ, ડેબિટકાર્ડ-ક્રેડિટકાર્ડ નંબર, ઈમેલ એડ્રેસ, ફોન નંબર, પાસપોર્ટ નંબર, પાસવર્ડ, આઈપી એડ્રેસ અને જીપીએસ લોકેશન લીક કરાયા છે.

# આસામને ઘૂસણખોરોનો અડ્ડો નહીં બનવા દઈએ : અમિત શાહનો હુંકાર

દિસપુર : આસામમાં વિધાનસભા ચૂંટણી પ્રચાર માટે આજે ગૃહ મંત્રી અમિત શાહ ત્રણ સભાઓને સંબોધવાના છે.આ પૈકીની એક સભામાં તેમણે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીની ઝાટકણી કાઢી હતી.

અમિત શાહે કહ્યુ હતુ કે, રાહુલ ગાંધી આજકાલ ટુરિસ્ટની જેમ આસામ આવે છે અને કહે છે કે, બદરુદ્દીન અજમલ આસામની ઓળખ છે.શું બદરુદ્દીન આસામની ઓળખ છે કે ભૂપેન હજારિકા, શંકર દેવ અને ઉપેન્દ્ર નાથ આસામની ઓળખ છે?અજમલ આસામની ઓળખ હોઈ શકે નહીં.બદરુદ્દીન અજમલ દાવો કરે છે કે સરકાર બનાવવાની ચાવી મારી પાસે છે પણ મારે કહેવુ છે કે, સરકારની ચાવી તમારા નહીં પણ આસામના લોકોના હાથમાં છે.આસામને ઘૂસણખોરોનો અડ્ડો નહીં બનવા દઈએ.તમને ભાજપ ઉખાડીને ફેંકી દેશે.

# આસામની ૧૨૬ બેઠકોના કુલ ૯૪૬ ઉમેદવાર પૈકી ૨૬૪ લોકો કરોડપતિ

- ૨૬૮ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે યુપીપીએલના માનરંજન બ્રહ્મા સૌથી ધનિક ઉમેદવાર

ગુવાહાટી : આસામમાં ત્રણ તબક્કામાં થનારી ૧૨૬ બેઠકોની વિધાનસભા ચૂંટણી માટેના કુલ ૯૪૬ ઉમેદવારો પૈકી ૨૬૪ ઉમેદવાર કરોડપતિ છે. એટલે કે કુલ ઉમેદવારો પૈકી ૨૭.૯૦ ટકા ઉમેદવારો કરોડપતિ છે.

સૌથી ધનિક ઉમેદવાર યુનાઈટેડ પીપલ્સ પાર્ટી, લિબરલ(યુપીપીએલ)ના ઉમેદવાર માનરંજન બ્રહ્મા છે. ખોખરાઝાર પશ્ચિમ(એસટી) બેઠક પરથી લડી રહેલા બ્રહ્માની કુલ સંપત્તિ ૨૬૮ કરોડ રૂપિયા છે.

ત્યારબાદ ઉધરબોન્ડ બેઠક પરથી લડી રહેલા અપક્ષ ઉમેદવાર રાહુલ રોય સૌથી વધુ ધનિક છે. તેમની પાસે ૧૩૬ કરોડ રૂપિયાની સંપત્તિ છે. એઆઈયુડીએફના સિરાજુદ્દીન અજમલ પાસે ૧૧૧ કરોડ રૂપિયાની સંપત્તિ છે. તેઓ જમુનામુખ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યાં છે.

આ ત્રણેયએ પોતાની આવકનો સ્રોત બિઝનેસ દર્શાવ્યો છે. જ્યારે બ્રહ્માના પત્નીએ ખેતીને પોતાની આવકનો સ્રોત ગણાવ્યો છે. રોય અને તેમના પત્ની ડેસી રોય અપક્ષ તરીકે ચૂંટણી લડી રહ્યાં છે. બંનેએ પોતાની સંયુક્ત મિલકત ૧૩૧ કરોડ રૂપિયા દર્શાવી છે.

# પૂર્વ ક્રિકેટર-બીજેપી ઉમેદવાર અશોક ડિંડાની કાર પર હુમલો, વાય કેટેગરી સુરક્ષા અપાશે

કોલકાતા : બંગાળમાં બીજા તબક્કાની ચૂંટણી માટે પ્રચાર પડઘમ આજે શાંત થઈ ગયા, પરંતુ આ દરમિયાન ક્રિકેટરથી નેતા બનેલા અશોક ડિંડાએ આરોપ લગાવ્યો છે કે તેમની કાર પર હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલો એ સમયે કરવામાં આવ્યો છે જ્યારે તેઓ ચૂંટણી પ્રચાર કરી રહ્યા હતા. પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર અશોક ડિંડા બીજેપીની ટિકિટથી મોયનાથી ચૂંટણી લડી રહ્યા છે. પ્રચાર દરમિયાન અશોક ડિંડાની ગાડીમાં તોડફોડ કરવામાં આવી છે. ડિંડાને હળવી ઈજા થઈ છે. ડિંડાએ પોતાના પર થયેલા હુમલાને લઈને ટ્વિટર પર વિડીયો અને ફોટો પણ શેર કર્યા છે. ડિંડાએ ટ્વીટ કરીને લખ્યું કે, તૃણમૂલના લોકોએ બુધવારે સાંજે ૪ વાગ્યે બી.ડી.ઓ. કાર્યાલયની પાસે મારા પર હુમલો કર્યો હતો. ઘટના બાદ અશોક ડીંડાને વાય કેટેગરી સુરક્ષા અપાશે

# ભારતમાં કોરોના વકર્યો : ૭૨૩૩૦ કેસ, ૪૫૯ના મોત

### •સમગ્ર દેશમાં હાલ સક્રિય કેસની કુલ સંખ્યા વધીને ૫,૮૪,૦૫૫ નોંધાતાં સરકારમાં ફફડાટ

નવી દિલ્હીઃ ભારતમાં ૧૧મી ઑક્ટોબર ૨૦૨૦ બાદ ગત ૨૪ કલાકમાં કોરોનાના ૭૨,૩૩૦ નવા કેસ નોંધાયા હતા અને એ આ વર્ષનો સૌથી વધુ કેસનો આંક હોવાની માહિતી કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રાલયે શુક્રવારે આપી હતી. આ સાથે ગુરુવારે દેશમાં કુલ કેસની સંખ્યા વધીને ૧,૨૨,૨૧,૬૬૫ થઈ હતી. ગત ૨૨ દિવસથી કોરોનાના દરદીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે અને હાલ સક્રિય કેસની કુલ સંખ્યા વધીને ૫,૮૪,૦૫૫ની સપાટીએ પહોંચી હતી. હાલ સક્રિય કેસની સંખ્યાની ટકાવારી કુલ કેસ પ્રમાણે ૪.૭૮ ટકા છે અને સાજા થનાર દરદીની ટકાવારી ઘટીને ૯૩.૮૯ ટકા થઈ હોવાની માહિતી કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરી હતી. ગત ૨૪ કલાકમાં કોરોનાને કારણે દેશમાં વધુ ૪૫૯ દરદીનાં મોત થયાં હતાં.

આ સાથે કોરોનાને કારણે મરનાર કુલ દરદીની સંખ્યા વધીને ૧,૬૨,૯૨૭ અને ટકાવારી ઘટીને ૧.૨૫ ટકા થઈ હતી, એમાંથી મહારાષ્ટ્રમાં કોરોનાને કારણે ૫૪,૬૪૯ વ્યક્તિનાં મોત થયાં હતાં. અત્યાર સુધીમાં સાજા થનાર કુલ દરદીની સંખ્યા વધીને ૧,૧૪,૭૪,૬૮૩ પર પહોંચી હતી. મંત્રાલયે આપેલી માહિતી પ્રમાણે ભારતમાં કોરોનાના દરદીની સંખ્યા ૭મી ઑગસ્ટે ૨૦ લાખથી, ૧૬મી સપ્ટેમ્બરે ૫૦ લાખથી વધી હતી, ૨૯મી ઑક્ટોબર સુધીમાં ૮૦ લાખથી વધી હતી અને ૨૦મી નવેમ્બરે ૯૦ લાખથી વધી હતી અને ૧૯મી ડિસેમ્બરે એક કરોડનો આંક પાર થયો હતો. વધુમાં જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લા કોરોના પોઝિટીવ આવ્યા છે. ફારૂક અબ્દુલ્લાના પુત્ર અને પૂર્વ મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ ટ્વીટ કરીને આ જાણકારી આપી. ફારૂક અબ્દુલ્લાના કોરોના પોઝિટીવ થયા બાદ સમગ્ર અબ્દુલ્લા પરિવાર ક્વોરન્ટાઈન થઈ ગયો છે. દેશના પૂર્વ વડાપ્રધાન અને જેડીએસ નેતા એચડી દેવગૌડાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

## મુંબઈમાં ૯૧,૦૦૦માંથી ૭૪,૦૦૦ સંક્રમિતોમાં કોઈ લક્ષણ નહીં!

દેશમાં કોરોનાનું એપી સેન્ટર બની રહેલા મહારાષ્ટ્રમાં બુધવારે ૨૨૭ના મોત, ૩૯,૫૪૪ કેસ નોંધાયા હતાં. મુંબઇ શહેરમાં છેલ્લા ૪૯ દિવસમાં ૯૧,૦૦૦ નવા કેસ નોંધાયાં છે. સૌથી મોટી ચિંતાની વાત એ છે કે મુંબઇમાં કોરોના ઔસાઇલન્ટ કિલર બનીને ઉભરી રહ્યો છે. બીએમસીના કમિશ્નર ઇકબાલસિંહ ચહલના જણાવ્યા અનુસાર મુંબઇમાં ૭૪,૦૦૦ કોરોના સંક્રમિત એવા સામે આવ્યાં છે જેમનામાં કોરોનાના કોઇ લક્ષણ નથી. ફક્ત ૧૭,૦૦૦ લોકોમાં કોરોનાના લક્ષણ જણાયા છે. કોરોનાના લક્ષણ નથી તેવા દર્દીઓને સ્ટેમ્પ લગાવવામાં આવી રહ્યાં છે, જો તેઓ જાહેર સ્થળે પકડાશે તો તેમની સામે કેસ નોંધી ધરપકડ કરાશે. બીજીતરફ કોરોનાના કેસ વધવાના કારણે મહારાષ્ટ્રના વધુ એક નંદુરબાર જિલ્લામાં ૩૧ માર્ચથી ૧૫ એપ્રિલ સુધી સંપૂર્ણ લોકડાઉન લાદવામાં આવ્યું છે. જિલ્લામાં સ્થાનિક બજારો, સિનેમા હોલ, મોલ, ધાર્મિક સ્થળો, શાળા-કોલેજો સહિતની તમામ બિનજરૂરી સેવાઓ બંધ રાખવાનો આદેશ અપાયો છે. પેટ્રોલ પંપ પર આવશ્યક સેવાઓના અને સરકારી વાહનોમાં જ ઇંધણ અપાશે. સ્થાનિક પરિવહનના વાહનો પર પ્રતિબંધ લદાયો છે. મહારાષ્ટ્ર સરકારે જણાવ્યું છે કે હાલ રાજ્યભરમાં સંપુર્ણ લોકડાઉન લાદવાની કોઇ યોજના નથી.

### બીજા રાજ્યોમાંથી આવતા પ્રવાસીઓનું એરપોર્ટ, બસ સ્ટેશને ચેકિંગ કરાશે

દિલ્હી સરકારે અન્ય રાજ્યોમાંથી આવતા પ્રવાસીઓનું એરપોર્ટ, રેલવે સ્ટેશન અને બસ સ્ટેશનો પર રેન્ડમ ચેકિંગ કરવાનો નિર્ણય કર્યો છે. જો આ ચેકિંગ દરમિયાન કોઇ પ્રવાસી કોરોનાથી સંક્રમિત જણાશે તો તેને ફરજિયાત ૧૦ દિવસ તેમના નિવાસ સ્થાન અથવા તો કોરોના હોસ્પિટલમાં ક્વોરન્ટાઇન કરાશે. દેશમાં વધી રરહેલા કોરોના સંક્રમણને ધ્યાનમાં લેતાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રના કેટલાક જિલ્લા, દિલ્હી, પંજાબ અને છત્તીસગઢ સહિતના ૯ રાજ્યમાં ધોરણ ૧થી ૮ની શાળાઓ હાલ બંધ કરવાના આદેશ અપાયા છે.

### સૌથી વધુ પ્રભાવિત જિલ્લામાં ૨ સપ્તાહમાં વેક્સિનેશન

દેશમાં વધી રહેલા કોરોના સંક્રમણને કંટ્રોલમાં લાવવા માટે નવી સ્ટ્રેટેજી અપનાવવામાં આવી છે. કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને આગામી બે સપ્તાહની અંદર સૌથી પ્રભાવિત જિલ્લાઓમાં ૪૫ વર્ષ કરતા વધારે ઉંમરના લોકોને વેક્સિનનો ડોઝ આપવા નિર્દેશ આપ્યો છે. આ સાથે જ વેક્સિનેશન અભિયાનમાં તેજી લાવવા અને વેક્સિનેશન માટે યોગ્ય તમામ લોકોને વેક્સિન આપવા નિર્દેશ આપવામાં આવ્યો છે. કેન્દ્રના નિર્દેશ પ્રમાણે આગામી બે સપ્તાહની અંદર ૪૫થી વધારે ઉંમરના લોકોને વેક્સિન આપવામાં આવશે.

## મહારાષ્ટ્રમાં ૪૩,૧૮૩ નવા કેસ, ૨૪૯ લોકોનાં મોત

મુંબઈ : મહારાષ્ટ્રમાં કોરોના વાયરસ સંક્રમણનાં ગુરૂવારે ૪૩૦૦૦ થી વધુ નવા કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રના આરોગ્ય વિભાગ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૪૩,૧૮૩ નવા કેસ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં ચેપગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૨,૮૫૬,૧૬૩ પર પહોંચી ગઈ છે. આરોગ્ય વિભાગ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં કોરોના વાયરસના ચેપને કારણે અત્યાર સુધીમાં ૫૪,૮૯૮ લોકોનાં મોત થઇ ચુક્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોના વાયરસને કારણે ૨૪૯ લોકોનાં મોત નીપજ્યાં છે. ગુરૂવારે, ૩૨,૬૪૧ લોકો કોરોના વાયરસથી સાજા થયા. છેલ્લા ૨૪ કલાકમાં, ૧૮૩,૧૯૮ લોકોનાં ટેસ્ટ કરવામાં આવ્યા છે. જ્યારે, મુંબઇમાં આજે ૬,૪૬૬ નવા કોરોના કેસ નોંધાયા છે, જે રોગચાળો શરૂ થયા પછી એક દિવસમાં નોંધાયેલા સૌથી વધુ કેસ છે. ૨૮ માર્ચે શહેરમાં ૬,૯૨૩ કેસ નોંધાયા હતા, જે અત્યાર સુધીની સૌથી વધુ સંખ્યા હતી. મુંબઈમાં ચેપના કેસમાં વધારો થવાની સાથે જ, માર્ચનાં અંત સુધીમાં રિકવરી રેટ ઘટીને ૮૫ ટકા થઈ ગયો છે. મળતી માહિતી મુજબ સંક્રમણમાં વૃધ્ધી દર ફેબ્રુઆરીના અંતમાં નોંધાયેલા ૦.૨૮ ટકાથી વધીને માર્ચના અંત સુધીમાં ૧.૩૭ ટકા થયો છે.

## કાશ્મીરમાં ૩૭૦ પુનઃ લાગુ ન થાય ત્યાં સુધી ભારત સાથે સંબંધો સામાન્ય નહીં બને : પાક.

નવી દિલ્હી : ભારત સાથે દ્વિપક્ષીય વેપાર શરૂ કરવા પાકિસ્તાનની ઈકોનોમિક કાઉન્સિલે કરેલી ભલામણોને ઈમરાન ખાન સરકારે ફગાવી દેતાં બંને પ્રતિસ્પર્ધી દેશો વચ્ચે સંબંધો સુધરવાની આશાઓ પર પાણી ફરી વળ્યું હતું. વડા પ્રધાન ઈમરાન ખાનની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં ભારતથી કપાસ અને ખાંડની આયાત કરવાની પરવાનગી આપવાના ઈકોનોમિક કાઉન્સિલના નિર્ણયને નકારી કઢાયો હતો.

કેબિનેટની બેઠક બાદ પાકિસ્તાનના ગૃહમંત્રી શેખ રશિદે જણાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરમાં આર્ટિકલ ૩૭૦ પુનઃ લાગુ ન કરાય ત્યાં સુધી ભારત ખાતેથી આયાતને પરવાનગી નહીં અપાય. વિદેશમંત્રી શાહ માહમૂદ કુરેશીએ જણાવ્યું હતું કે, કેબિનેટે ભારતથી ખાંડ અને કપાસ આયાત કરવાના નિર્ણયને મોકુફ રાખ્યો છે જેથી આ મામલા પર વધુ ચર્ચા કરી શકાય.




અત્યારે એવી છાપ ઊભી થઈ છે કે ભારત અને પાકિસ્તાનના સંબંધો સામાન્ય બની રહ્યાં છે અને વેપારનો માર્ગ મોકળો બન્યો છે. આ મામલા પર ચર્ચા કરાઈ છે અને સર્વસંમતિથી નક્કી કરાયું છે કે પાંચ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ જમ્મુ-કાશ્મીર માટે લીધેલા એકતરફી નિર્ણયની ભારત સમીક્ષા ન કરે ત્યાં સુધી સંબંધો સામાન્ય બને તેવી સંભાવના નથી.

## ઉત્તર પ્રદેશમાં દુધવા અભ્યારણ્યમાં આગથી ૧૦૦ હેક્ટર સંપત્તી ખાક

### •આગના કારણે જંગલની સરહદે કટૈયા, કાંપ, ટાંડા ગામમાં અફરાતફરી

લખનઉ : ઉત્તર પ્રદેશમાં આવેલા લખીમપુર ખીરી જિલ્લાના દુધવા વાઘ અભયારણ્યમાં બુધવારે સાંજે આગ ભભૂકી ઉઠી હતી. મૈલાની અને કિશનપુરના જંગલોમાં લાગેલી આગના કારણે ૧૦૦ હેક્ટરથી વધારે વન સંપત્તિ સળગીને રાખ થઈ ગઈ હતી. જો આગને કાબૂમાં લેવામાં નહીં આવે તો જંગલના અન્ય ઝાડ પણ નષ્ટ થઈ જશે. દુધવા પાર્ક પ્રશાસને જંગલમાં લાગેલી ભીષણ આગ પર કાબૂ મેળવવા માટે ફાયર વિભાગની ગાડીઓને મોકલી આપી છે. આગ હોનારતમાં વન્યજીવો પણ લપેટમાં આવ્યા હોવાની આશંકા છે. જો કે, હજુ સુધી કયા કારણથી આગ લાગી તે સામે નથી આવ્યું. આગ લાગવાના કારણે જંગલની સરહદે આવેલા કટૈયા, કાંપ અને ટાંડા ગામમાં અફરાતફરી મચી ગઈ છે. મૈલાની-ભીરા જંગલમાંથી નીકળી રહેલા લોકોએ આગની લપેટો જોઈ હતી અને વનવિભાગને તેની જાણ કરી હતી. વનવિભાગે તાત્કાલિક આગ પર કાબૂ મેળવવાની કાર્યવાહી શરૂ કરી દીધી હતી અને અનેક સ્તરે કામ ચાલી રહ્યું છે. સ્થાનિક લોકોના મતે માર્ચ મહિનામાં પડેલી ભીષણ ગરમીના કારણે આગ લાગી હોઈ શકે.

## મહારાષ્ટ્રના ગઢચિરોલી ખાતે પોલીસ અથડામણમાં પાંચ નક્સલી ઠાર મરાયા

નવી દિલ્હી : મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લાના ખોબ્રામેન્ધા વન ક્ષેત્રમાં પોલીસને ભારે મોટી સફળતા હાથ લાગી છે. આ વિસ્તારમાં એક અથડામણ દરમિયાન પોલીસે ૫ નક્સલીઓને ઠાર માર્યા છે. ઉલ્લેખનીય છે કે, ખોબ્રામેન્ધા વન ક્ષેત્ર એક નક્સલ પ્રભાવિત વિસ્તાર છે. રેન્જના ડીઆઈજી સંદીપ પાટિલે ખુરખેડા વિસ્તારના ખોબ્રામેન્ધા વન ક્ષેત્રમાં પોલીસના જવાનો અને નક્સલીઓ વચ્ચે અથડામણ થઈ હોવાની માહિતી આપી હતી. અથડામણ દરમિયાન પોલીસના જવાનોએ ૫ નક્સલીઓને ઠાર માર્યા હતા અને તે વિસ્તારમાં આ ઘટના પોલીસની મોટી કાર્યવાહી તરીકે ઉભરી આવી છે. ગત ૨૪ માર્ચના રોજ નક્સલીઓએ પાડોશી રાજ્ય છત્તીસગઢના નારાયણપુર ખાતે સુરક્ષા દળોની બસ પર હુમલો કરી દીધો હતો.

## હિંદ મહાસાગરમાં ભારતીય અને અમેરિકી નેવીનો યુદ્ધાભ્યાસ શરૂ

### •બે દિવસ ચાલનારા આ અભ્યાસમાં ભારતીય એરફોર્સના વિમાનો પણ સામેલ થયા

નવી દિલ્હી : ભારત અને અમેરિકાની નેવી વચ્ચે રવિવારે બે દિવસીય કવાયત શરૂ કરવામાં આવી હતી. હિંદ મહાસાગર પ્રાંતમાં આ નેવી કવાયત બન્ને દેશના નેવી અધિકારીઓ અને જવાનોએ મળીને શરૂ કરી હતી. ભારતીય નેવીની સાથે એરફોર્સના વિમાનોએ પણ આમા ભાગ લીધો હતો.

હિંદ મહાસાગરમાં ચીનની દાદાગીરી વધી રહી છે એવામાં આ નેવી કવાયત હાથ ધરવામાં આવી હતી. ભારતીય નેવીએ હિંદ મહાસાગરમાં યુદ્ધ જહાજ શિવાલિકને તૈનાત કર્યું હતું. સાથે જ લોંગ રેંજ પેટ્રોલ એરક્રાફ્ટ પી૮૧ને પણ આ નેવી કવાયતમાં ભારતે ઉતાર્યું છે. જ્યારે બીજી તરફ અમેરિકન નેવીએ યુએસએસ થીઓડોર રોઝવેલ્ટ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપને તૈનાત કર્યું હતું. કેરિયર ગ્રુપમાં એરક્રાફ્ટ કેરિયર, મોટી સંખ્યામાં જવાનો અને અન્ય શિપ્સ હોય છે. ભારતીય નેવીએ કહ્યું હતું કે પ્રથમ વખત સંયુક્ત રૂપે એક ડગલુ આગળ વધીને ભારતીય નેવીએ આ કવાયતમાં લડાકુ વિમાનોને પણ આ અભ્યાસમાં સામેલ કર્યા હતા. ભારતીય એરફોર્સ અને નેવીને સંયુક્ત રીતે અમેરિકી નેવીની સાથે એર ઈંટરસેપ્શન અને એર ડિફેંસનો અભ્યાસ કરવાની તક મળી હતી.

## શેરબજારમાં છ લાખનું નુકસાન થઈ જતાં કર્મચારીએ ભઠ્ઠીમાં કૂદીને આત્મહત્યા

નવી દિલ્હી : ચીનની ફેક્ટરીમાં કામ કરતા એક કર્મચારીએ હતાશામાં આવીને એક ખૂબ જ ચોંકાવનારૂ પગલું ભર્યુ હતું. તે વ્યક્તિને શેર માર્કેટમાં આશરે ૬ લાખ રૂપિયાનું નુકસાન થયુ હતું. ત્યાર બાદ તે ભારે તણાવગ્રસ્ત રહેવા લાગ્યો હતો અને આખરે તેણે સ્ટીલની ગરમ ભઠ્ઠીમાં કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. જાણવા મળ્યા મુજબ તે સમયે ભઠ્ઠીનું તાપમાન આશરે ૯૦૦ ડિગ્રી સેલ્સિયસ જેટલું હતું.

વાંગ નામની તે વ્યક્તિ ચીનની પ્રખ્યાત સ્ટીલ ઉત્પાદક કંપની બૂગૈંગ ગ્રુપમાં છેલ્લા એક દશકા કરતા પણ વધારે સમયથી કામ કરી રહી હતી. કંપનીએ ૩૧ માર્ચના રોજ વાંગને લઈ નિવેદન બહાર પાડ્યું હતું અને ૩૪ વર્ષીય વાંગ કંપનીની સ્ટીલ પાઈપ બ્રાંચમાં નાઈટ ડ્યુટી બાદ અચાનક ગાયબ થયો હોવાનું જાહેર કર્યું હતું.

# ફ્રાન્સમાં ત્રણ સપ્તાહનું ત્રીજું દેશવ્યાપી લોકડાઉન જાહેર

## કોરોનાનો મૃત્યુઆંક વધતાં અંતે અર્થતંત્રને વેગવંતુ રાખવા માટે દેશને કોરોના મુક્ત રાખવા નિર્ણય બદલવો પડ્યો

પેરિસ : મુખ્યપ્રધાન એમ્મુનલ મેક્રોને બુધવારે ફ્રાન્સમાં ત્રીજુ દેશવ્યાપી લોકડાઉન લાગુ કરવાનો નિર્ણય લીધો છે. હોસ્પિટલમાં ધસારો વધ્યો છે આવામાં આગામી ત્રણ અઠવાડિયા સુધી સ્કૂલો પણ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશમાં કોરોનાની ત્રીજી લહેર આવવાના કારણે આ આકરો નિર્ણય લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. કોરોનાના કારણે થતાં મૃત્યુઆંકમાં ઉછાળો આવવાના કારણે આખરે અર્થતંત્રને વેગવંતુ રાખવા માટે દેશને મુક્ત રાખવાનો નિર્ણય બદલવો પડ્યો છે. તેમણે દેશને જણાવ્યું છે કે, જો આપણે અત્યારે નિર્ણય નહીં લઈએ તો આપણે કાબૂ ગુમાવવી દઈશું. પેરિસમાં અઠવાડિયા સુધી લોકોની અવર-જવર પર પાબંદીઓ લગાવી દેવામાં આવી હતી અને દેશના દક્ષિણ ભાગમાં પણ નિયમો લાગુ કરાયા હતા. પરંતુ હવે શનિવારથી આખા દેશમાં એક મહિના સુધી લોકડાઉનનો નિર્ણય લેવામાં આવ્યો છે. ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ એમ્મુનલ મેક્રોને કહ્યું કે લોકડાઉન દરમિયાન કોરોના રસીકરણનું કામ ઝડપથી કરવામાં આવશે.

## કોવેક્સિનના બે કરોડ ડોઝ લેવાનો બ્રાઝિલનો ઈનકાર

રિયો ડિ જાનેરો : કોરોનાની મહામારીના કારણે સૌથી વધારે પ્રભાવિત દેશોમાં બ્રાઝિલ પણ છે. તાજેતરમાં બ્રાઝિલના રાષ્ટ્રપતિએ પીએમ મોદીને પત્ર લખીને ભારતની કોરોના વેક્સીન પૂરી પાડવા અપીલ કરી હતી. હવે બ્રાઝિલે ભારતમાં બનેલી કોવેક્સીનના ૨ કરોડ ડોઝ લેવાનો ઈનકાર કરી દીધો છે. આ ડોઝ માટે બ્રાઝિલે ઓર્ડર આપ્યો હતો પણ હવે બ્રાઝિલની દલીલ છે કે, વેક્સીનના ઉત્પાદનમાં યોગ્ય ધારા ધોરણોનુ પાલન કરાયુ નથી. બીજી તરફ વેક્સીન બનાવનાર કંપની ભારત બાયોટેકે કહ્યુ છે કે, આ મુદ્દે બ્રાઝિલ સાથે ચર્ચા ચાલી રહી છે.

## ૧૨થી ૧૫ વર્ષના બાળકો પર રસી ૧૦૦ ટકા પ્રભાવી : ફાઈઝર

દુનિયાભરમાં આતંક મચાવનાર કોરોના વાયરસ સામેની લડાઇના ભાગરુપે અત્યારે દુનિયામાં રસીકરણ ચાલી રહ્યું છે. તેવામાં બાળકોના વેક્સિનેશનને લઇને એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. BioNTech-Pfizer કંપનીએ એવો દાવો કર્યો છે કે તેમની કોવિડ-૧૯ વેક્સિન ૧૨થી ૧૫ વર્ષ સુધીના બાળકો પર ૧૦૦ ટકા પ્રભાવી છે. સાથે જ કંપનીએ જણવાયું કે આગામી સ્કૂલ સેશન પહેલાં બાળકો માટે રસીકરણની મંજૂરી મળે તેવી આશા છે. કંપની દ્વારા જણાવવામાં આવ્યું કે, ‘ફેઝ-૩નો ટ્રાયલ અમેરિકામાં ૨,૨૬૦ બાળકો પર કરવામાં આવ્યો હતો અને તે ૧૦૦ ટકા પ્રભાવિત સાબિત થયો અને તેનાથી મજબૂત એન્ટીબોડી રિસ્પોન્સ પણ જોવા મળ્યો.’

## અમેરિકાના નેવાડાના અફાટ રણ વિસ્તારમાંથી પરગ્રહવાસી મળ્યો

- પરગ્રહવાસીના કદ, આકાર, ભાષા અંગે કંઈપણ કહેવાનો વિજ્ઞાનીઓનો ઈનકાર

લાસવેગાસ : પૃથ્વી પરની સીમાચિહ્ન સમાન ઘટના કહી શકાય તેમ પરગ્રહવાસીઓની ખોજ માટે છેલ્લા ૩૭ વર્ષથી કાર્યરત અમેરિકા સ્થિત સંસ્થા ‘સર્ચ ફોર એક્સ્ટ્રાટેરિસ્ટ્રીયલ ઈન્ટેલિજન્સ‘ (સેટી) એ નેવાડા સ્ટેટના અફાટ રણ પ્રદેશમાંથી અંતે પરગ્રહ જેવો માનવી શોધી કાઢ્યો છે. વિશ્વના પાંચ દેશો અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, જર્મની અને ઈટાલીના એસ્ટ્રો વિજ્ઞાનીઓની બનેલી આ સંસ્થા આ પરગ્રહવાસીને અમેરિકાના સમય પ્રમાણે રાત્રે ૯.૩૦ વાગે અને ભારતીય સમય પ્રમાણે ગુરૂવારે ૧૦.૦૦ વાગે ત્યાંની સી.એન.એન. ટીવી પર રજુ કરાયું હતું અને ભારત સહિત વિશ્વની ન્યુઝ ચેનલ્સ પર આ ઐતિહાસિક ઘટનાનું જીવંત પ્રસારણ કરાયું હતું.

વિજ્ઞાનીઓ આ પરગ્રહ માનવીના કદ, દેખાવ કે તે કઈ ભાષામાં વાતચીત કરે છે તેવું કંઈપણ કહેવાનો ઈન્કાર કરે છે. તેઓએ તેમના ઓનલાઈન મેસેજમાં સમય જણાવી એટલું જ લખ્યું છે કે ‘સે હેલો ટુ અવર ન્યુ ફ્રેન્ડ ઓન ધ પ્લેનેટ અર્થ.... ઓફ કોર્સ એન એલ્યિન...‘

## જો બાઈડેન ભારતીયોને આપશે ભેટ, ટ્રમ્પે લાદેલો H1-B વિઝા પ્રતિબંધ હટાવી દેશે

વોશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ જો બાઈડેન કોરોનાકાળમાં પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા વિદેશી કામદારો પરના પ્રતિબંધને જારી રાખશે નહીં. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જૂન ૨૦૨૦માં ચોક્કસ વિદેશી કામદારોના વિઝા પર કોરોના મહામારીને સંબંધિત પ્રતિબંધ લાદી દેવાયો હતો. જેના કારણે હવે જો બાઈડેન આ પ્રતિબંધો લંબાવવા બાઈડેને સત્તા સંભાળતા જ આ નિર્ણય લીધો નહીં તેનાથી ટેકનોલોજી કંપનીઓ ઘણી નારાજ હતી પણ હવે તમામ કંપનીઓ દ્વારા આનંદ વ્યક્ત કરવામાં આવ્યો છે. બાઈડેન સરકારના નિર્ણયથી ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા એચ-વનબી સહિતના વર્ક વિઝા પર લાદી દેવાયેલા પ્રતિબંધોના કારણે અમેરિકાના વર્ક વિઝા ધરાવતા અને મેળવવા માગતા ભારતીયોને મોટી રાહત મળશે.




અમેરિકામાં એચ-વનબી વિઝાધારકો ધરાવનારામાં સૌથી મોટી સંખ્યા ભારતીયોની છે. જેમના એચ-વનબી વિઝા રિન્યૂ થઈ શક્યા નથી તેમના માટે હવે દ્વારા ખૂલી જશે. અમેરિકાના લેબર યુનિયનો અને અન્ય વર્કર ગ્રૂપ ટેમ્પરરી વર્ક વિઝાનો વિરોધ કરતા રહ્યા છે. તેમનો આરોપ છે કે ટેમ્પરરી વર્ક વિઝા અમેરિકન નાગરિકોની નોકરીઓ છીનવી લે છે અને વિદેશી કામદારોના કારણે તેમને ગેરલાભ થાય છે.

## કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં અંધાધૂંધ ગોળીબાર, એક બાળક સહિત ૪ના મોત

નવી દિલ્હી : અમેરિકામાં ફરી એક વખત ગોળીબારની ઘટના નોંધાઈ છે. કેલિફોર્નિયાના લોસ એન્જલસ ખાતે ગોળીબારની ઘટનામાં એક બાળક સહિત ૪ લોકોના મોત થયા છે. ગોળીબારની ઘટના બાદ પોલીસની કાર્યવાહીમાં હુમલાખોર ઘાયલ થયો છે અને લોસ એન્જલસ પોલીસે સ્થિતિ પર કાબૂ મેળવી લીધો છે.

જાણવા મળ્યા મુજબ ગોળીબારની ઘટના બુધવારે સાંજે ઓરેન્જ ઓફિસ કોમ્પ્લેક્સમાં બની હતી. ગોળીબાર થયો તે સ્થળે નાના-નાના બિઝનેસની અનેક ઓફિસ આવેલી છે અને કયા કારણસર ગોળીબાર થયો તે હજુ સુધી સામે નથી આવ્યું.



અમેરિકામાં બે સપ્તાહની અંદર ત્રીજી વખત ગોળીબારની ઘટના નોંધાઈ છે. અગાઉ એટલાન્ટા ખાતેના એક સ્પામાં ગોળીબાર થયો હતો જેમાં એશિયાઈ મૂળની ૬ મહિલાઓ સહિત ૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ઉપરાંત કોલોરાડોના સુપરમાર્કેટમાં થયેલા ગોળીબારમાં ૧૦ લોકો માર્યા ગયા હતા.

## તાન્ઝાનિયામાં રાષ્ટ્ર પ્રમુખના અંતિમ દર્શને ભારે ભીડ ઉમટી, ૪૫ના મોત

નૈરોબી : તાન્ઝાનિયાની પોલીસે જણાવ્યું છે કે ગયા સપ્તાહે દેશના દિવંગત પ્રમુખ જોન માગુફુલીના દેહને દફનાવવામાં આવ્યો તે પહેલાં અંતિમ દર્શને મૂકવામાં આવ્યો ત્યારે ભીડ ઊમટી પડી હતી અને ધક્કામુક્કીમાં ૪૫ લોકોનાં મૃત્યુ થયાં હતાં. માગુફુલીએ ભ્રષ્ટાચાર સામે ચલાવેલી ઝુંબેશને કારણે લોકોમાં તેમનું નેતૃત્વ ખૂબ લોકપ્રિય રહ્યું હતું, પરંતુ વિરોધપક્ષના નેતાઓ કોવિડ-૧૯નો સામનો કરવાને મુદ્દે તેમની નીતિઓની આલોચના કરતા રહ્યા છે. કોરોના સંક્રમણને અટકાવવા ફેસમાસ્ક, રસીકરણ સહિતના પગલાંને માગુફુલી ખાસ મહત્ત્વ ના આપી રહ્યા હોવાથી આફ્રિકી અને આંતરરાષ્ટ્રીય આરોગ્ય નિષ્ણાતો પણ તેમની ટીકા કરતા રહ્યા હતા. પ્રમુખ માગુફુલીના મૃતદેહને અંતિમ દર્શન માટે સ્ટેડિયમમાં મૂકવામાં આવ્યો હતો. લોકોની ભીડે સ્ટેડિયમની દીવાલ કૂદીને પ્રવેશ માટે મોટાપાયે પ્રયાસ કરતાં દીવાલ જ તૂટી પડી હતી. દીવાલ તૂટી પડવાની ઘટના પછી સર્જાયેલી ભાગદોડ અને અરાજકતાએ લોકોનો ભોગ લીધો હતો. તાન્ઝાનિયાએ માગુફુલીને ખૂબ ગૌરવપૂર્વક વિદાય આપી હતી. ચાટો ખાતે સૈન્યના જનરલે કોફિનને ઉતાર્યું હતું.

## ન્યૂઝીલેન્ડમાં ટેક્સ સિસ્ટમમાં ફેરફાર : ધનિકો ઉપરના ટેક્સમાં ૩૯ ટકાનો વધારો

વેલિંગ્ટન : ન્યૂઝીલેન્ડે હાલમાં જ ટેક્સ સિસ્ટમમાં બદલાવ કરતા વધુ કમાણી કરતા એટલે કે ધનિક લોકો પર૨નો ટેક્સ ૩૯% વધાર્યો છે. આ સાથે જ ન્યૂનતમ વેતનને ૨૦ ડૉલર પ્રતિ કલાક સુધી વધારવામાં આવ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ન્યૂનતમ વેતન વધતા ન્યૂઝીલેન્ડના આશરે ૧૭૫,૫૦૦ કામદારોને ફાયદો થશે અને દેશની ઈકોનોમી ૨૧૬ મિલિયન ડૉલર સુધી વધશે. ન્યૂઝીલેન્ડમાં નવો ટેક્સ દર તે દરેક વ્યક્તિ પર લાગુ થશે કે જેની વાર્ષિક આવક ૧૮૦,૦૦૦ ડૉલર કરતા વધારે છે. તેઓ ન્યુઝીલેન્ડની કુલ જનસંખ્યાના ૨% છે. સરકારનો દાવો છે કે આ નિર્ણયથી તેઓ વાર્ષિક નફામાં ૫૫૦ મિલિયન ડૉલર ઉમેરી શકે છે. આ બદલાવ પર ન્યુઝીલેન્ડના વડાંપ્રધાન જેસિન્ડા અર્ડ્રેને કહ્યું કે તેઓની કેબિનેટે આ બદલાવ ચૂંટણીના વચન પૂરા કરતા કર્યા છે.

## ૨૦૨૧-૨૨માં ભારતની જીડીપી ૭.૫થી ૧૨.૫ ટકા વચ્ચે રહેશે : વિશ્વ બેન્ક

વોશિંગ્ટન : ભારત સહિત દુનિયાભરના દેશોમાં કોરોનાની નવી લહેર વચ્ચે વિશ્વ બેન્કે ૨૦૨૧-૨૨ના નાણાકીય વર્ષમાં ભારતની જીડીપી ૭.૫ ટકાથી ૧૨.૫ ટકા વચ્ચે રહી શકે છે તેવી આગાહી કરી છે.

વિશ્વ બેન્કના એક મોટા અધિકારીએ આ અનુમાન કર્યુ હતુ.જોકે તેમણે જીડીપીનો કોઈ એક ચોક્કસ આંકડો આપવાનો ઈનકાર કર્યો હતો.તેમનુ કહેવુ હતુ કે, ૭.૫ ટકાથી ૧૨.૫ ટકાની રેન્જ એટલા માટે રાખવામાં આવી છે કે, કોરોના સંક્રમણની રફતાર વધશે કે ધીમી પડશે તો આ આંકડામાં ફેરફાર થઈ શકે છે.એટલે આ રેન્જ રાખવામાં આવી છે. જોકે પત્રકારોએ ભારત અંગે આગાહી કરવા માટે આગ્રહ રાખતા આ અધિકારીએ કહ્યુ હતુ કે, શક્ય છે કે ભારતનો વિકાસ દર ૧૦ ટકા કરતા થોડો વધારે રહે. દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે ૨૦૨૧-૨૨ના વર્ષમાં ભારતના આર્થિક વિકાસનો દર ૧૧.૫ ટકા રહેશે તેવુ અનુમાન લગાવ્યુ છે.જોકે હવે વર્લ્ડ બેન્કે જે આંકડા આપ્યા છે તે આઈએમએફ કરતા થોડા અલગ છે.

ભારતમાં સંખ્યાબંધ મોટા રાજ્યોમાં કોરોના સંક્રમણ તેજીથી ફેલાઈ રહ્યુ હોવાથી આર્થિક ગતિવિધિઓ પર પણ તેની અસર પડી રહી છે.જેના કારણે જેટલી અપેક્ષા હતી તેટલી તેજી આર્થિક મોરચે હજી જોવા મળી રહી નથી.

## અમેરિકન નિકાસકારો માટે ભારતમાં આયાત ડયુટી સહિતના અનેક અવરોધો

વોશિંગ્ટન : બાઈડેન વહીવટી તંત્રે આરોપ મૂક્યો છે કે અમેરિકન નિકાસકારોને ભારતમાં માલ નિકાસ કરતી વખતે આયાત ડયુટી સહિતના અનેક વેપાર અવરોધોનો સામનો કરવો પડી રહ્યો છે. યુએસ ટ્રેડ રિપ્રેઝેનેન્ટિવ (યુએસટીઆર)ના ૨૦૨૧ના વાર્ષિક અહેવાલ નેશનલ ટ્રેડ એસ્ટીમેટ રિપોર્ટ ઓન ફોરેન ટ્રેડ બેરિયર્સમાં જણાવવામાં આવ્યું છે કે ભારત મેક ઈન ઈન્ડિયા અભિયાન હેઠળ આયાતના સ્થાને દેશમાં જ ઉત્પાદન કરવા પર ભાર મૂકી રહ્યું છે. યુએસટીઆરએ તેના અહેવાલમાં વધુમાં જણાવ્યું હતું કે મે, ૨૦૨૦માં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર ભારત અભિયાનની શરૂઆત કરી હતી. આ મહત્ત્વાકાંક્ષી અભિયાનમાં પણ ભારતની આત્મનિર્ભરતા અને ભારતના ઉદ્યોગને વેગ આપવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

# જર્મની ૨૦ વર્ષમાં પ્રથમ વખત વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં હાર્યું

ડુઈસબર્ગઃ નોર્થ મેસોડોનિયાની ટીમે જર્મનીને ૨-૧થી હરાવીને મેજર અપસેટ સર્જ્યો હતો અને આ સાથે ૨૦૧૪ની વર્લ્ડ ચેમ્પિયન જર્મની વર્લ્ડ કપ ક્વોલિફાઈંગ રાઉન્ડમાં ૨૦ વર્ષ બાદ પ્રથમ વખત હારી છે. ગોરાન પાંડેવે પ્રથમ હાફના ઈન્જરી ટાઈમમાં નોર્થ મેસોડોનિયા તરફથી પ્રથમ ગોલ નોંધાવ્યો હતો. ત્યારબાદ જર્મની માટે ૬૩મી મિનિટે ઈલ્કે ગુંડોગને પેનલ્ટીને ગોલમાં ફેરવીને સ્કોર ૧-૧થી સરભર કર્યો હતો. જોકે ઈલિક ઈલ્માસે ૮૫મી મિનિટે નિર્ણાયક ગોલ કરીને નોર્થ મેસોડોનિયાનો વિજય નિશ્ચિત કરી લીધો હતો. આ વિજય સાથે મેસોડોનિયાની ટીમ ગ્રૂપ-જેમાં જર્મની કરતાં આગળ બીજા ક્રમે પહોંચી ગઈ છે. આ ગ્રૂપમાં આર્મેનિયા ટોચના ક્રમે છે. જર્મનીએ આ પહેલાં ૨૦૦૧માં વર્લ્ડ કપ ક્વોલિફાઈંગ રાઉન્ડમાં ઈંગ્લેન્ડ સામે ૧-૫ના સ્કોરથી પરાજયનો સામનો કર્યો હતો.

## બેલ્જિયમે બેલારુસને ૮-૦થી કચડી નાખ્યું

પેરિસઃ વર્લ્ડ કપ ક્વોલિફાઇંગ રાઉન્ડમાં બેલ્જિયમે બેલારૂસને ૮--૦થી કચડી નાખ્યું હતું. જ્યારે હોલેન્ડે જિબ્રાલ્ટરને ૭-૦થી હરાવ્યું હતું. જ્યારે પોર્ટુગલ લક્ઝમબર્ગ સામે ૩-૧થી વિજય મેળવ્યો હતો. આ ઉપરાંત પોલેન્ડનો સ્ટાર ફૂટબોલર રોબર્ટો લેવેન્ડોસ્કી ઇજા પામતા ચાર સપ્તાહ સુધી રમી શકવાનો ન હોવાથી પોલેન્ડને ફટકો પડયો છે.

## ઇટાલીના વિજયની હેટ્રિક ઇંગ્લેન્ડે પોલેન્ડને ૨-૧થી હરાવ્યું

લિથુવાનિયઃ પ્રથમ હાફમાં ભારે સંઘર્ષ કર્યો હોવા છતાં ઇટાલીએ બીજા હાફમાં બે ગોલ કરીને લિથુવાનિયાને ૨-૦થી પરાજય આપવાની સાથે ફિફા વર્લ્ડ કપ ક્વોલિફાઇંગના ગ્રૂપ-સીમાં વિજયની હેટ્રિક નોંધાવી હતી. સબસ્ટિટયૂટ ખેલાડી સ્ટેફાનો સેન્સીએ હાફ ટાઇમ પછી ત્રીજી જ મિનિટે ગોલ નોંધાવીને ઇટાલીને ૧-૦થી આગળ કરી દીધું હતું. ત્યારબાદ સીરો ઇમોબાઇલે બીજા હાફના ઇન્જરી ટાઇમમાં પેનલ્ટીને ગોલમાં ફેરવીને ટીમને વિજય અપાવી દીધો હતો.

## જાપાને મોંગોલિયાને ૧૪-૦થી હરાવ્યું

જાપાને વર્લ્ડ કપ ફૂટબોલ ક્વોલિફાઇંગ મુકાબલામાં મોંગોલિયાને ૧૪-૦થી હરાવીને રેકોર્ડ સર્જ્યો હતો. જાપાનીઝ ટીમે પ્રથમ હાફમાં પાંચ અને બીજી હાફમાં નવ ગોલ નોંધાવ્યા હતા. જાપાનની ટીમ ગ્રૂપ-એફમાં પાંચ મેચમાં ૧૫ પોઇન્ટ સાથે ટોચના ક્રમે છે. જૂનમાં મ્યાંમાર સામે વિજય મેળવીને જાપાન એશિયન ક્વોલિફાઇંગના ત્રીજા તબક્કામાં સ્થાન નિૃતિ કરી લેશે. જાપાન માટે તાકુમી મિનામિનો, યુયા ઓસાકો, દાઇચી કામાડા અને હિડેમાસા મોરિતાએ પ્રથમ હાફમાં ગોલ નોંધાવ્યા હતા. મોંગોલિયાના ડિફેન્ડર ખાશ-અર્ડેને યુયાયાએ આત્મઘાતી ગોલ કર્યો હતો.

# ચેન્નઈને મોટો ફટકોઃ બાયો-બબલના કારણે હેઝલવૂડે પણ IPL પડતી મૂકી

ચેન્નઈઃ આઈપીએલની ૧૪મી સિઝન શરૂ થવામાં હવે ગણતરીના દિવસો બાકી રહી ગયા છે અને તે પહેલાં સનરાઈઝર્સ હૈદરાબાદની જેમ ચેન્નઈ સુપર કિંગ્સને પણ મોટો ફટકો પડયો છે. હૈદરાબાદના મિચેલ માર્શે બુધવારે આઈપીએલમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું અને હવે ઓસ્ટ્રેલિયાના અન્ય ખેલાડી જોશ હેઝલવૂડે પણ બાયો-બબલનું કારણ દર્શાવીને આઈપીએલને પડતી મૂકી છે. ચેન્નઈ સુપર કિંગ્સે હેઝલવૂડને ૨૦૨૧ની હરાજી પહેલાં રિટેન કર્યો હતો. હેઝલવૂડના સ્થાને ઈંગ્લેન્ડના પેસ બોલર માર્ક વૂડને સીએસકેમાં સામેલ કરવામાં આવે તેવી સંભાવના છે. હેઝલવૂડે જણાવ્યું હતું કે આગામી એશિઝ તથા ભારતની યજમાનીમાં ચાલુ વર્ષના અંત ભાગમાં રમાનારા આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ માટે હું મારી જાતને વધારે સ્વસ્થ તથા ફિટ રાખવા માગતો હોવાના કારણે મેંઆઈપીએલમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો છે.

# વન-ડે બાદ ટી૨૦માં પણ ન્યૂઝીલેન્ડે બાંગ્લાદેશનો ૩-૦થી સફાયો કર્યો

ઓકલેન્ડઃ ફિન એલનની સ્ફોટક અડધી સદી અને માર્ટિન ગુપ્ટિલ સાથે પ્રથમ વિકેટે તેણે નોંધાવેલી ૮૫ રનની ભાગીદારીની મદદથી ન્યૂઝીલેન્ડે અહીં વરસાદના વિઘ્ન વચ્ચે રમાયેલી ત્રીજી અને અંતિમ ટી૨૦ મેચમાં બાંગ્લાદેશને ૬૫ રનથી પરાજય આપ્યો હતો. આમ વન-ડે બાદ ટી૨૦માં પણ ન્યૂઝીલેન્ડે બાંગ્લાદેશનો ૩-૦થી સફાયો કર્યો હતો. વન-ડે શ્રેણીમાં પણ ન્યૂઝીલેન્ડને ૩-૦થી વિજય મેળવ્યો હતો. વરસાદના કારણે મોડેથી શરૂ થયેલી મેચને ૧૦-૧૦ ઓવરની કરવામાં આવી હતી અને તેમાં પાવરપ્લે ત્રણ ઓવરનો તથા પ્રત્યેક બોલરે બે-બે ઓવર નાખવાની હતી. બાંગ્લાદેશે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરી હતી. ન્યૂઝીલેન્ડે ૧૦ ઓવરમાં ચાર



વિકેટે ૧૪૧ રન બનાવ્યા હતા. જેની સામે બાંગ્લાદેશની ટીમ ૯.૩ ઓવરમાં ૭૬ રનના સ્કોરે ઓલઆઉટ થઇ ગઇ હતી. ફિન એલનને મેન ઓફ ધ મેચ તથા ગ્લેન ફિલિપ્સને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યો હતો. ન્યૂઝીલેન્ડની ઈનિંગમાં એલને ૨૯ બોલમાં ૧૦ બાઉન્ડ્રી અને ત્રણ સિક્સર વડે ૭૧ રન બનાવ્યા હતા.

# મારિયા સકારીએ નાઓમી ઓસાકાના ૨૩ મેચના વિજયી રથને અટકાવ્યો

માયામીઃ ગ્રીસની મારિયા સકારીએ ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન નાઓમી ઓસાકાના ૨૩ મેચથી ચાલી રહેલા વિજયી રથને અટકાવીને માયામી ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સની સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. ગ્રીસની ૨૩મી ક્રમાંકિત સકારીએ વિશ્વની બીજી ક્રમાંકિત જાપાનની ઓસાકાને ૬-૦, ૬-૪થી હરાવી હતી. ૨૦૨૦ના ફેબ્રુઆરી બાદ ઓસાકાનો આ પ્રથમ પરાજય છે. આ સાથે તેની એશ્લે બાર્ટીના સ્થાને નંબર-૧ ખેલાડી બનવાની સંભાવનાનો અંત આવી ગયો હતો. બાર્ટી સેમિફાઈનલમાં પ્રવેશ મેળવી ચૂકી છે. મેન્સ સિંગલ્સમાં ડેનિલ મેડવેડેવનો અભિયાનનો પણ અંત આવી ગયો હતો. સાતમા ક્રમાંકિત સ્પેનના રોબર્ટો બાતિસ્તા એગુટે મેડવેડેવને ૬-૪, ૬-૨થી હરાવીને રશિયન ખેલાડી સામે અત્યાર સુધી રમેલા તમામ ત્રણેય મુકાબલામાં વિજય મેળવ્યો હતો.





Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE

416.993.0826
24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઓફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. (St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)

ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત
$4270

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* This is not a general insurance. Applies only in case of a death away from home.

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com





CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from $0.89 per square feet only

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

Ceramic tiles starting from $0.50 per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24'' * 24'' | 12'' * 24'' | 24'' * 48'' | 4'' * 8'' | 4'' * 12''

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

https://clubceramic.com Email : sales@clubceramic.com